
છિન્નપત્ર
સુરેશ હ. જોષી

# છિન્નપત્ર

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય

સુરેશ જોષી

છિન્નપત્ર Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| મુખપૃષ્ઠ | viii |
| ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | x |
| સર્જક-પરિચય | 1 |
| છિન્નપત્ર | iii |
| – | iv |
| ૧ | 5 |
| ૨ | 7 |
| ૩ | 9 |
| ૪ | 11 |
| ૫ | 13 |
| ૬ | 15 |
| ૭ | 17 |
| ૮ | 19 |

| | |
|---|---|
| ૯ | 21 |
| ૧૦ | 23 |
| ૧૧ | 25 |
| ૧૨ | 27 |
| ૧૩ | 29 |
| ૧૪ | 31 |
| ૧૫ | 33 |
| ૧૬ | 35 |
| ૧૭ | 37 |
| ૧૮ | 39 |
| ૧૯ | 41 |
| ૨૦ | 43 |
| ૨૧ | 45 |
| ૨૨ | 47 |
| ૨૩ | 49 |
| ૨૪ | 51 |
| ૨૫ | 53 |
| ૨૬ | 55 |
| ૨૭ | 57 |

| | |
|---|---|
| ૨૮ | 59 |
| ૨૯ | 61 |
| ૩૦ | 63 |
| ૩૧ | 65 |
| ૩૨ | 67 |
| ૩૩ | 69 |
| ૩૪ | 71 |
| ૩૫ | 73 |
| ૩૬ | 75 |
| ૩૭ | 77 |
| ૩૮ | 79 |
| ૩૯ | 81 |
| ૪૦ | 83 |
| ૪૧ | 85 |
| ૪૨ | 87 |
| ૪૩ | 89 |
| ૪૪ | 91 |
| ૪૫ | 93 |
| ૪૬ | 95 |

| | |
|---|---|
| ૪૭ | 97 |
| ૪૮ | 99 |
| ૪૯ | 101 |
| ૫૦ | 103 |
| પરિશિષ્ટ | 105 |

# મુખપૃષ્ઠ

## મુખપૃષ્ઠ



# ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through

digitization. For more information, Please visit:
www.ekatrafoundation.org and
https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# છિન્નપત્ર

## છિન્નપત્ર

(લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો)

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય

**સુરેશ હ. જોશી**

સંકલન : શિરીષ પંચાલ

—

**જયન્ત તથા સૌ. સુધાબેનને**

*

સંસારમાં આપણે સ્નેહને સાધન માનીને એનાથી બીજું કંઈક પામવા નીકળ્યા નથી હોતા તો પણ આવું બને છે. એટલે ‘છિન્નપત્ર’ નવલકથામાં કહ્યું કે, ‘ભાઈ, આ પ્રેમીઓ છે આપણા જમાનાના, તે તો ડાળ પરથી તૂટી પડેલાં બે પાંદડાં જેવાં છે. એ ત્યાં સાથે હતાં પણ આ સમયના આવર્તમાં ફસાયા પછી દરેકને જુદી જુદી દિશામાં પવન ખેંચી લઈ જશે. માટે જ હેમ્લેટે ઓફેલિયાને કહેલું કે, ‘તું પ્રેમની વાત આ સૃષ્ટિમાં કરે છે?’ કદાચ હું અંગત રીતે આ વાત નથી કરતો, અંગત રીતે બહુ સુખી માણસ છું પણ વાત એવી છે કે એ વિષાદ કોઈમાંથી નથી આવતો કે કોઈ મનોમુગ્ધતામાંથી નથી આવતો, એટલે કે વધારે પડતી ચેતનાની અતિમાત્રા એ એક આમરણ માંદગી જ છે. તો એમાંથી છટકી શકાતું નથી, કારણ કે આપણે સંવેદનશીલ છીએ માટે. હવે સંવેદનશીલ છીએ એટલે કે સંવેદનશીલતા પ્રમાણભાન ચૂકી જાય એવું ન બને એ સર્જકની ફરજ છે.

**સુરેશ જોષી**

# ૧

વરસાદથી નાનાં નાનાં ખાબોચિયાં ભરાઈ ગયાં છે તે અહીં બીજે માળે બેઠો બેઠો જોઉં છું. અવાજ અહીં બોદા બોદા સંભળાય છે. સહેજ આંગળી અડાડો તો એ બધા અહીં સિગારેટ પરની રાખની જેમ ખરી પડે. અહીં તું આવે તો હું તને એક અક્ષર નહિ બોલવા દઉં. તારો અવાજ આમ ખરી પડે તે મને નહિ ગમે. શેરીના દીવાનું અજવાળું ખાબોચિયામાં પુરાઈને અકળાય છે. તને ખબર છે – એવું જ, આંસુથી ડહોળાયેલી તારી આંખોમાં કેદ થયેલું, અજવાળું મુક્ત કરતાં મને શું શું વીત્યું હતું? તારી આંખોમાં સરુનાં વૃક્ષોની વીથિકાને વિસ્તરતી જોવી ગમે છે. એ વીથિકામાં થઈને ચાલ્યો જતો હોઉં ત્યારે સરુની શાખાએ શાખાએ મારે માટેનો સંદેશો ઉચ્ચારાતો હોય. આંસુથી તું બધું વહાવી દે છે ત્યારે આંસુની ભંગુર દીવાલ વચ્ચેના શૂન્યના પડઘાને ઝીલવા હું મથું છું ખરો, પણ મને સમજાઈ જાય છે કે આંસુ જે આપે તે આંસુ દ્વારા જ ઝીલી શકાય, ને મારાં આંસુ તો મારું ગામ છોડ્યું ત્યારે મારા ગામના પાતાળઝરણાને સોંપીને આવ્યો છું. દાદાજીએ કહ્યું હતું: ‘હવે તું મોટો થયો. હવે આંખમાં આગ શોભે, આંસુ ન શોભે. માટે જે કાંઈ આંસુ રહ્યાં હોય તે પાતાળઝરણાને સોંપી આવ.’ આથી તું જે આંસુથી આપે છે તે મારાથી ગ્રહી શકાતું નથી, એમાંનું થોડુંક ઝિલાય છે પવનમાં, થોડુંક જળમાં.

અહીં બારીની જગ્યાએ તારી આંખ જડી દઉં તો? અત્યારે તો મારી ઓરડી આંધળી લાગે છે. ખૂણામાંનાં ખુરશીટેબલ ને બાજુમાંનો ખાટલો આંધળાઓ એકબીજાને હાથ વડે ફંફોસીને જુએ તેમ પોતાના પડછાયાઓને લંબાવીને એકબીજાને શોધે છે. એમાં કદિક કદિક એમને વચ્ચે મારા પડછાયાની ઠોકર વાગે છે. પણ આ આંધળી ઓરડી

વિશે તને ફરિયાદ નથી કરતો. દરેક એકાન્ત આંધળું હોય છે. અન્ધતાના અન્તહીન સમુદ્રમાં કશું મૂલ્યવાન મોતી તાગવા મેં ઝંપલાવ્યું નથી. મારા નક્કર અન્ધકારને ઓગાળવા જ મેં એમાં ડૂબકી મારી છે. મારા અન્ધકારને માંજીને એ ઝગઝગતા હીરા જેવો કરી આપશે. પછી તું એને સ્વીકારશે ખરી? કે પછી રખેને હીરો ચૂસવાનું મન થઈ આવે એ બીકે નહીં સ્વીકારે?

# ૨

અમલને તો તું ભૂલી નથી ગઈ ને? એ આજે આવ્યો હતો. બહાર ચાંદની હતી ને કાતિલ ઠંડી હતી – શબ ઘરમાં હોય છે એવી. અમલની આજુબાજુ એ ઠંડીનું આવરણ હતું. આથી એ ઝાંખો ઝાંખો લાગતો હતો. કદાચ એ કંઈક બોલ્યો હશે. પણ એના શબ્દો બરફની સળીઓ બનીને વિખેરાઈ ગયા હશે. જો એ વધુ બોલ્યે જ ગયો હોત તો એના જ શબ્દોના બરફમાંથી ગોળ પિણ્ડ બનાવીને મેં એને માર્યો હોત પણ એ એની આજુબાજુના આવરણને અથડાઈને મને જ વાગ્યો હોત તે હું જાણું છું. આવી રમત તો આપણે બહુ રમ્યા છીએ. તું કદિક એક પણ અક્ષર ન બોલવાનો પાકો નિશ્ચય કરીને આવતી. ચારે બાજુથી અથડાઈ અથડાઈને તારા મૌનના પડઘા મને વાગતા. એના ઉઝરડા હજી ગયા નથી. કોઈ મને પૂછે કે તારે અને માલાને શેનો સમ્બન્ધ – તો હું કહું કે મૌનનો સમ્બન્ધ. પણ સારું થયું કે છેવટ સુધી તું મારા પર દયા લાવીને કશું બોલી નહિ. પણ અમલ મને તારે વિશે પૂછવાને આવ્યો છે. આ તે કેવી વિચિત્રતા અથવા કહું કે ક્રૂરતા! તું સદા મારાથી જ લપાતી રહે તે છતાં તને શોધનારા બધા તને મારામાં જ શોધતા આવે, બસ એટલા પૂરતો જ મને ઓળખે. હું કેવળ તારે લપાઈ જવા જેટલો અન્ધકાર! અમલ સામે બેઠો છે, એની દૃષ્ટિ મારા હોઠ પર તારા શબ્દોને શોધે છે, મારી આંખોમાં તારી આંખના રહસ્યને તાગવા મથે છે. કદાચ હું બહુ જ દૂર ચાલ્યો જાઉં તોય મારા અન્ધકારના ઊંડાણમાંથી તને દૂર કરી શકવાનો નથી. પણ એ જ રીતે રહેવાનું તેં શા માટે પસંદ કર્યું એવું આ અમલ, રમેશ, અરુણ ને બધા મને પૂછે છે તેનો હું શો જવાબ આપું? આથી અમલ તારી જ વાત કરવા આવ્યો છે, મારી ચોપડીઓ ઉથામીને એમાં તારા કોઈ રહી ગયેલા ચિહ્નને એ શોધે છે છતાં એ મને કશું પૂછતો નથી. મારી

આગળ તારું નામ ઉચ્ચારતાં કદાચ તારું નામ હું લઈ લઉં એવી એને દહેશત છે. હું અજાણ્યાં સ્થળોમાં ભટકું છું. નવા ઘા કરીને લોહીમાંનું ઝેર વહાવી દઉં છું. તું કહેતી હતી તેમ ઝેર પણ મારામાં મીઠું બની જાય છે, પણ એ ઝેર મટી જતું નથી. આથી જ તો તું ઝેરથી નહીં તેટલી મીઠાશથી બચવા દૂર નહોતી ભાગતી? પણ આપણે બંનેએ એકબીજાથી દૂર ભાગવાના કરેલા પ્રયત્નોથી જ ગુંથાયેલી જાળમાં આપણે નથી ફસાઈ ગયા શું?

# ૩

કોઈક વાર જડી જાય છે એવો શબ્દ જે આપણે બંને બાળપણથી શોધતાં હતાં. એ શબ્દમાંથી કશું બાદ કરવાનું રહેતું નથી. તડકામાં ઊભી રહીને તું મારી સાથે વાત કરતાં ઊંચું જોતી હતી ત્યારે તારી આંખો જે રીતે સંકોચાતી હતી તે પણ એમાં છે; ને એક સાંજે તું આવીને હીબકાં ભરતી આંસુ સારતી મારી પાસે ઊભી રહી હતી ને પછી કશું બોલ્યા વિના ચાલી ગઈ હતી તે મૌનનો ભેજ પણ એમાં છે; મથી મથીને હિમ જેવો કરેલો મારો રોષ પણ એમાં છે. આપણે જે જે રસ્તે કશું બોલ્યા વિના લટાર મારેલી તે રસ્તાનાં વીંટાળી લીધેલાં ગૂંછળાં, તે રસ્તા પરના દીવાઓની થરકતી જ્યોત, તે રસ્તાના ખૂણાઓમાંનાં ઘવાયેલાં ગાત્રવાળો અન્ધકાર, આપણી ચારેબાજુ હવામાં ઊડતી ડમરીની જેમ ચકરાતા શહેરના ચિત્રવિચિત્ર અવાજો ને ચિત્કારો પણ એમાં છે. આવા જ શબ્દથી તારી જોડે બોલી શકાય. એ શબ્દને એના આગવા સૂર્યચન્દ્ર હોય. એથી જ તો આ સિવાયના જે મિથ્યા શબ્દો હું આજ સુધી બોલ્યે ગયો હતો તે બધાને વિખેરી નાખવાને હું આજ સુધી લખતો રહ્યો છું. કોઈ ગમે તે માને, મારા લેખનનું મિથ્યાત્વ હું સમજું છું ને એ મિથ્યાત્વમાં જ એની સાર્થકતા રહી છે તે પણ હું જાણું છું. મારા લેખનમાં મેં તને પૂરી દીધી નથી, એ દ્વારા હું તને મુક્ત કરતો જાઉં છું. પણ માલા, મુક્તિ એ શૂન્ય નથી? તને પૂછું છું કારણ કે તું કહેતી હતી મને એક વાર: 'મારાં આંસુમાં હું શૂન્યને સંઘરું છું.' આવી ભાષા બોલવાની તો ત્યારે તારી વય પણ નહોતી. આથી જ તો એ ભાષા તને શીખવનારે તારા પર જે અકારણ જુલમ કર્યો છે તેનું વેર લેવા હું ઇચ્છતો હતો. એ ભાષા ભૂંસવાને હું જે લખતો ગયો તેથી મને કેવળ મળી કીર્તિ, તું ન મળી. પણ એ મિથ્યા શબ્દો મને વળગેલા રહે છે. કદાચ એ શબ્દોને તું

પોતે પણ મારા અલંકાર માનતી હશે. હું ઉપજાવવા મથું છું અગ્નિ – જે આ બધા શબ્દોની બાષ્પને વિખેરી દે. તું તો જાણે છે આપણે શબ્દો કેવી રીતે ઘડતાં – એક શબ્દ ઘડવાને કેટલા રાક્ષસ શોધી શોધીને હોમવા પડતા હતા? તું જેને શૂન્ય કહે છે તે શું સદા આંસુથી બંધાઈને રહેવાનું છે? આપણે મથીમથીનેય એવી દૂરતા નથી ઉપજાવી શકવાનાં જે શૂન્યને પોતાનામાં સમાવી શકે. તો પછી આ વન્ધ્ય દૂરતાનું શું પ્રયોજન? આજે મને જડેલો શબ્દ તારા મૌન વિના ઘડાયો ન હોત. આથી જ તો એ શબ્દને નિમિત્તે આપણી અવિભિન્નતાનું તને સ્મરણ કરાવું છું. પણ સ્મરણ જીવનારાઓની સંપત્તિ છે એમ તું માને છે?

# ૪

લીલા ખૂબ રોષે ભરાઈ હતી. પણ તને ખબર છે ને – રોષમાં પણ એ કેવી નાજુક લાગે છે. કેટલાકને રોષ બરડ બનાવી દે છે. રોષનો એમના શરીર સાથે મેળ ખાતો નથી. એ જોઈને જુગુપ્સા થાય છે. આંખો હિપોપોટેમસના જેવી થઈ જાય છે (ને એમાં રોષને બદલે કેટલો બધો વિષાદ હોય છે!), નીચલો હોઠ લબડી પડે છે ને એનું હાલવું નર્યું અશ્લીલ લાગે છે. પણ કેટલાકની કાયામાં રોષ લાલચટ્ટક શીમળાનાં ફૂલ કે ગુલમહોરની જેમ ખીલી ઊઠે છે. એવી કાયાને આલિંગીને એની લાલ ખુમારી લૂંટી લેવાનું મન થાય છે. તારો રોષ તો સાત સાગર બનીને રેલાઈ જાય છે. હું તો ફેંકાઈ જાઉં છું ક્યાંક દૂર – ત્યાં એનાં ભરતીઓટ પણ મને સ્પર્શતાં નથી. પણ લીલાનો રોષ હું ખીલવા દઉં છું. એને ખીલતો જોવામાં મારું ધ્યાન હોય છે, આથી એ શું બોલી જાય છે તે હું જાણતો નથી. આથી ફરી હું પૂછું છું: 'તું શું બોલી ગઈ? એક વાર ફરી કહે જોઉં?' ને માલા, હું બાઘાની જેમ આવું પૂછું છું તેથી એ વધુ ગુસ્સે થતી નથી, એકદમ હસી પડે છે. બધો રોષ હાસ્યમાં ધોવાઈ જાય છે. પછી મેં પૂછ્યું; 'વાત શી છે, લીલા? મારાથી દોષ તો થઈ જાય છે, પણ એ બધા જ દોષ રોષને પાત્ર હોય છે?' ત્યારે એ કહે છે: 'દોષ ત્યાં રોષ એ તો સ્નેહ નહિ હોય ત્યાંનો નિયમ, ના, ના, રોષ મને નથી. હું અકળાઈ જાઉં છું તારાથી તેથી આમ કહું છું.' હું પૂછું છું: 'અકળાઈ જવાનું કારણ શું?' એ કહે છે: 'કારણ? કારણ તો ઝટ સમજાતું નથી, પણ મને એમ લાગે છે કે તું તને રજૂ કરવાને બદલે તારી પોતાની એક કથા રચી કાઢે છે ને એ કથા પાછળ તું લપાઈ જાય છે. તારી કથા રોચક હોય છે એ કબૂલ, પણ જે તને પામવાને –' હું એનું વાક્ય પૂરું સાંભળતો નથી. મને તું કહેતી તે શબ્દો યાદ આવે છે: 'આ પામવાની વાત શી છે? અહીં કોઈ પોતાને જ પામી શકે છે?

લે ને, તું જ મને મદદ કર. હું પોતે મને પામું પછી જરૂર તને એનું સમર્પણ કરીશ.' ત્યારે તો મેં નહોતું કહ્યું પણ આજે કહું છું માલા, કે આ પહેલાં ને એની પછી આ એવો ક્રમ હૃદય સ્વીકારતું હોય તો કેવું સારું! પણ હૃદય તો ખણ્ડ પાડીને જોતું નથી. પોતાને પામતા જવાની ક્રિયા બીજાને માટેના સ્નેહથી, એને કરેલા આત્મસમર્પણથી જ પૂરી થતી હોય તો?' તેં આ સાંભળીને તરત જ કહી દીધું હોતઃ 'તારી જોડે હું જીભાજોડી કરવા નથી ઊતરી. જે જીભાજોડી કરવાનું ભૂલતો નથી તે પ્રેમ કરવાને ક્યારે નવરો પડવાનો હતો!' તારો આ પ્રતિભાવ કલ્પીને જ તો હું ત્યારે કશું બોલ્યો નહોતો, પણ હું કશું બોલતો નથી તેથી લીલા મ્લાન મુખે મારી સામે જોઈ રહે છે. હું કહું છુંઃ 'કોઈ લપાય તે શા સારુ? કોઈ વડે શોધાવાનું સુખ મળે એટલા ખાતર. આથી જ પ્રેમનો સ્વભાવ ગુહ્ય રહેવાનો છે.' પણ મારી પ્રેમમીમાંસાનું આ ગુહ્ય તત્ત્વ લીલાની આંખમાંથી બે આંસુ બનીને ટપકી ગયું.

# ૫

'સૌ કોઈ પોતાનામાં થોડું થોડું રહસ્ય ઘૂંટતું હોય છે. એની એંધાણી મળે છે કોઈની આંખોમાં, તો કોઈના સ્પર્શમાં. કોઈ વાર બે વ્યક્તિનાં રહસ્ય એક જ કેન્દ્રમાંથી વિસ્તરતાં વર્તુળ જેવાં જણાય છે. ત્યારે એ બે વ્યક્તિ વચ્ચે એક ઊંડા સમ્બન્ધની ભૂમિકા સર્જાય છે. હું કહું છું. ઊંડો સમ્બન્ધ, કારણ કે સપાટી પર તો બીજા અનેક સમ્બન્ધોની જટાજાળ ફેલાતી જ જતી હોય છે. એ બધાંથી નીચે સરી જઈને હૃદય પેલા રહસ્યની ત્રિજ્યાઓ લંબાવ્યા કરે છે. કેટલીક વાર એ રહસ્ય કશીક વેદનામાંથી પોષણ મેળવે છે. એ વેદનાને કશી અતૃપ્તિ સાથે, કશા વિરહ સાથે, કશી વિષમતા સાથે સમ્બન્ધ હોતો નથી. એ વેદના તો વાતાવરણ જેવી હોય છે. એનો શ્વાસ લઈને જ જીવી શકાય છે. કદાચ 'વેદના' એ સંજ્ઞાથી એનું સાચું વર્ણન થઈ નહિ શકે, એ હૃદયને વિહ્વળ રાખે છે, આંખમાં થોડા તેજ સાથે થોડો ભેજ રાખે છે, અવાજમાં, કોઈને તો બહુ સ્પષ્ટપણે વરતાય નહીં એવો, આછો કમ્પ રાખે છે. શબ્દોમાં એને કારણે નવું આન્દોલન જન્મે છે. ઘણી વેદના અભાવની દ્યોતક હોય છે. આ વેદના એવી નથી હોતી...' આ સવારે હું આ બધું લખવા બેઠો હતો એ આશા એ કે તું, મારી પાછળ ઊભી રહીને, મને કશી જાણ કર્યા વિના, આ બધું વાંચે ને પછી હસવું ન ખાળી શકતાં એકાએક છતી થઈ જાય ને તારા હાસ્યની છોળ જેવા જ તારા બે હાથ મને ઘેરી વળે. પણ તારા હાસ્ય માટે મારે હંમેશાં વેદનાનું જ નામ લેવું પડે?

આ ચાર દિવસથી હું બહાર ગયો નથી. આ આંધળી ઓરડીના કૃશ અવકાશને મારી આજુબાજુ વીંટતો રહ્યો છું. આજુબાજુની દુનિયા ગત જન્મના કોઈ સ્પર્શ જેવી દૂર

સરી ગઈ છે ને છતાં લોપ પામી નથી. પણ આજે એનું અસ્તિત્વ ભૂગોળના નકશા જેવું છે. મારું પોતાનું નામ પણ એના પર એક ટપકું માત્ર છે, એની પાસેથી થોડી નદીઓ દોડી જાય છે. એમાંથી એક છે તું – કીર્તિનાશા. આપણા સમ્બન્ધની ભરીભરી સમૃદ્ધિને આંસુના એક પ્રચણ્ડ જુવાળમાં તું ધોઈ નાખી શકે છે. આંસુ વરસાવી ચૂક્યા પછીની આંખ કેવી નિર્મળ હોય છે! તું કદાચ એને સ્વચ્છ અને નિર્મળ બનાવવાને જ ફરી ફરી પ્રલય સરજે છે. પણ તને ખબર છે? તું સ્વચ્છ ને નિર્મળ થાય છે ને હું તારી એ સ્વચ્છતા ને નિર્મળતાની અંદર પુરાઈ જાઉં છું. મારું એ વજન તારી વેદના નથી? કદાચ તું વજનને જ આંસુથી વહાવી ઓગાળી દેવા નથી ઇચ્છતી? બીજા જન્મની તો ખબર નથી પણ કોઈક વાર આવો સમ્બન્ધ આ જન્મની પાર પણ વિસ્તરી જાય ખરો!

# ૬

બહુ જ છે બધાં – નામ ગણાવીને શું? એક માણસ બીજા માણસને મળે છે શા સારુ? જેથી બંને જણા એકબીજાનાં નામ ભૂંસી શકે, થોડી ખરબચડી રેખાઓ સરખી કરી શકે અને જો એથીય વળી મોટું સદ્ભાગ્ય હોય તો પોતાનામાં વ્યાપેલા શૂન્યમાં એકાદ નક્ષત્ર પ્રગટાવી શકે.

મારી આજુબાજુ વાતો ચાલી રહી છે. કોઈક વાર એનો પ્રવાહ ક્ષીણ બની જાય છે, કોઈક વાર ખડકો પરથી વહી જઈને એ સીકરો છાંટે છે. હું કેવળ શબ્દોની સંખ્યા ગણું છું. એક શબ્દને બીજા શબ્દ સાથે જોડતો નથી. ક્ષણને ક્ષણ સાથે, શબ્દને શબ્દ સાથે, માણસને ઈશ્વર સાથે જોડવાને જે જોઈએ તે હું ક્યાંથી લાવું? જોડવાનું એ સ્નેહતત્ત્વ મેં તો આપણી વચ્ચે જ લુંટાવી દીધું હતું! આથી જ તો હું ક્ષણના પાંચીકા હવામાં ઉછાળું છું, શબ્દોના મણકા સેરવ્યા કરું છું, ને મને અચરજ થાય છે કે તું તારાં આંસુઓને જોડી શકે છે ખરી? તારા મૌનનાં બે કણને જોડી શકે છે ખરી? કદાચ એને જોડવાથી મોટો સ્ફોટ થાય, કદાચ એ સ્ફોટથી તું પોતે જ બાષ્પ બનીને વિખેરાઈ જાય, સમુદ્રની પાંપણ નીચે તું આંસુ બનીને ઝમી આવે ને આખરે અજાણ્યા કોઈ કાંઠા ઉપર ભરતીએ ભરેલી ફીણની ઝૂલમાં કે પછી કાંઠા ઉપર ઝીલાઈ રહેલા ધોળા ક્ષારમાં મોક્ષ પામે. જો, તારું વૈકુણ્ઠ મેં તને શોધી આપ્યું છે. પણ તું કોઈનું શોધેલું વૈકુણ્ઠ સ્વીકારે એવી નથી. કદાચ મારો આ જન્મ તારા અભિમાનની પ્રદક્ષિણા કરવામાં જ પૂરો થવાનો છે. પણ જાણે છે, દરેક પ્રદક્ષિણાનું પુણ્ય મળે છે. ને તેથી જ તું કદાચ તારા આંસુની પ્રદક્ષિણા કર્યા કરે છે, ખરું ને? આથી જ તો હું વિચાર્યા કરું છું: તારા પુણ્યસંચયને એક ધડાકે

ઉડાવી દે એવું કશું મારામાં છે ખરું? પુણ્યે રચેલો વિચ્છેદ પૂજવા યોગ્ય બની જાય છે; પછી એ વિચ્છેદ રાજભોગ પામીને પુષ્ટ થતો જાય છે. ઘણ્ટનાદ ને દીપમાળ વચ્ચે કોઈ કાળી મૂર્તિની તગતગતી બે આંખોની જેમ આપણા લોહીમાં એ તગતગ્યા કરે છે. મારી આજુબાજુ ઘણાં બધાં છે – એ સૌ મને કેટલી આસાનીથી સ્વીકારી લઈ શકે છે! મને એમની અદેખાઈ આવે છે. તને? તું કદી એવી વાત હોઠે લાવતી નથી. તારું મૌન કાંઈ પ્રકટ હોતું નથી. તું તારા પડદાની ઝૂલની વાત કરે છે, ફૂલની વાત કરે છે, વાતો તારી કદી ખૂટતી નથી. પણ એ વાતોની પાછળનું મીંઢું મૌન જોઈને હું છળી મરું છું. કેટલીક વાર મને લાગે છે કે સ્ત્રી કેવળ આચ્છાદન નથી? દરેક સૃષ્ટિને એનું આગવું આચ્છાદન હોય છે. પણ શૂન્યને ઢાંકતું આચ્છાદન અળગું કરવાની હામ કોણ ભીડે?

# ૭

રેલવે સ્ટેશન – અળસિયાંની જેમ સળવળતા પાટાઓ, ત્રાટક કરતા સિગ્નલના દીવાઓ, આગમન અને વિચ્છેદની કપાતીસંધાતી રેખાઓ. ટી. સ્ટોલ પર ચા પીઉં છું. એનો એક જુદો જ સ્વાદ છે. સ્ટેશનનું આખું વાતાવરણ જાણે એમાં ઓગળી ગયું છે. એ સ્વાદને જુદો પાડીને ક્યાં સુધી સંઘરી રાખું છું. લીલા પૂછે છેઃ 'કેમ, શું વિચારમાં છે?' એ જે જવાબની આશા રાખે છે તે હું આપતો નથી – કશીક હેતુપૂર્વકની હઠને કારણે નહિ, સચ્ચાઈને ખાતર. હું મુંઝાયો છું એમ માનીને મને એ વાતમાં પાડે છે. હું એ સાંભળ્યે જાઉં છું – કેવી અપ્તરંગી છે એ વાતો! કેલિડોસ્કોપની અંદરના કાચના ટુકડા જાણે! લીલા એવી જ રીતે બોલે છે, હસે છે. રંગરંગના ટુકડા વિખેરે છે. એના રોષનો છેડો હાસ્યમાં આવે એવી તો કલ્પના પણ ન આવે. હું લીલાને જોઈ રહું છું. એ મારા કોટના કોલર પર બેઠેલા ફૂદાને પકડવા જાય છે ને ફૂદું ઊડી જાય છે. એટલી નાની સરખી વાત એને મન સ્વયંસમ્પૂર્ણ છે. એક એક નાની નાની ઘટના સાથે એક એક સૃષ્ટિ પૂરી થાય છે. ફરી નવી સૃષ્ટિનો આરમ્ભ થાય છે – કેટલા સૂર્યોદય, કેટલા સૂર્યાસ્ત! આ બધું હું લીલાના મુખ પર જોઈ રહું છું. કદાચ આ રચાતીભુંસાતી સૃષ્ટિઓની લીલા જોઈ રહેવામાં પણ સાર્થકતા રહી હશે. પસાર થતા એન્જિનના ધુમાડાથી એની આંખોમાં પાણી આવી જાય છે. એ પણ એને માટે કેટલી તો રસભરી ઘટના છે! દરેક ઘટનાનો એ સ્વાદ માણી લે છે. પછી હળવી ફૂલ થઈ જાય છે. જે એ માણે છે એ તેનો ભાર એનામાં વરતાતો નથી.

એકાએક મારી ગાડી પ્લેટફોર્મ પર ધસી આવે છે. ગાડીની અંદરના માણસોના

ચહેરાપડછાયાઓ પ્લેટફોર્મ પરના માણસોના ચહેરાપડછાયાઓને છેદે છે. અમે બધાં પણ કણ કણ થઈને વિખેરાઈ જઈએ છીએ. વળી બધું ઠરી ઠામ થાય છે. અમે બધાં એકબીજાને જોઈએ છીએ, ઓળખીએ છીએ. હું ગાડીમાં છું, બારી આગળ બેઠો છું. ઘરની બારી આંધળી હોય છે, ગાડીની બારી આપણને નર્યા બહાર ઠાલવી દે છે. ગતિનો દડો ઉખેળાતો જાય છે તેમ તેમ આપણે પણ ઉખેળાતા જઈએ છીએ. કદાચ આથી જ હું બહાર નીકળી પડું છું. જેનો સંચય કરીએ તે સંચિત થવાથી જ કાંઈ થોડું ધન બની જાય છે! તો પછી એને વિખેરી દઈએ તે જ ઠીક. મારું આ કારણ તું માનતી નથી. પણ એમ તો તું મને જ ક્યાં માને છે? મને ન માન્યાનું શૂળ જ કદાચ મને જંપવા દેતું નથી. ગાડી સ્ટેશન છોડે છે. થોડી વાર લીલાના શબ્દો મારી આજુબાજુ પતંગિયાની જેમ ઊડ્યા કરે છે.

# ૮

તારી કાયા અસીમ છે, મારા હાથ સુધી પહોંચતા તારા હાથ – એની સીમા શું ત્યાં જ આવી જાય છે? ના, પછી તો સ્પર્શસુખનો આખો સાગર લહેરાઈ ઊઠે છે. ને એ સાગરના ઊંડાણમાં પણ કેવાં મોતી છે! આજ સુધી તો એ બધાં હું વીણી લઈ શક્યો નથી. તારા કેશરાશિમાં જન્મોજન્મ સુધી ખોવાઈ જવાની સગવડ છે. એમાંનો સુવાસભર્યો ઉત્તાપ કોઈ પણ આસવથી વધારે માદક છે. બહારની એક કાયા પાછળ બીજી મર્મકાયા રહી હોય છે; એ બધાને દેખાતી નથી પણ હું તારી મર્મકાયાને બરાબર પામી ગયો છું. આથી જ મને લાગે છે કે અમલ, અરુણ, રમેશ સાથે મારે કશો ઝઘડો નથી. મારો ઝઘડો તારી સાથે છે. શું તારી મર્મકાયા પર તને કશી મમતા નથી? મમતાનો સ્ફટિક બંધાય એવી કદાચ તારા મનની આબોહવા જ નથી. આથી જ તો જે તું સહેજમાં લુપ્ત થઈ જવા દે તેને જાળવી રાખવા હું મથી રહ્યો છું – એના પર મારો અધિકાર છે એવા ભાનથી નહીં, કોઈ દિવસ તારા મર્મ માટે તને પણ મમત્વ જાગશે એવી આશાથી. પણ માલા, ઘણી વાર બે વ્યક્તિના મર્મ એકબીજામાં ઓતપ્રોત થઈ ગયા હોય છે. આથી જ તો જે તારા મર્મને સ્પર્શે છે ને જેનાથી થતું સંવેદન તું કદી કોઈને કળવા દેતી નથી તેને તો હું અપરોક્ષભાવે જાણતો જ હોઉં છું ને કદાચ આથી જ તું મારાથી અકળાય છે. દરેક સ્ત્રી ગુહ્ય બનવા ઇચ્છે છે, લોપ પામવા ઇચ્છે છે, ને એથી જ તો કહું છું ને કે તું ગુહ્ય બનીને રહી શકે એટલો અન્ધકાર તો મેં સંચિત કરી રાખ્યો જ છે. પણ લુપ્ત થવાની વાત મને ભયભીત કરી મૂકે છે. આથી જ તારી આંસુને ટીપેટીપે લુપ્ત થવાની રીત મને ગભરાવી મૂકે છે. બધાં દ્વાર બંધ થઈ શકે છે, આંખનાં દ્વાર બંધ થતાં નથી – ઘણી વાર મૃત્યુ પણ એને બંધ કરી શકતું નથી. આથી

આંખ સૂની સૂની હોય તે મૃત્યુથી પણ વધારે ભયાનક લાગે છે. આથી તો દૂર દૂર સુધી ભમી ભમીને તારી એ આંખોને ભરી દેવાને હું કેટકેટલી છબિઓ લઈ આવું છું! આ ગાડીમાંથી જોઉં છું: ધ્વજ ફરકાવતાં મન્દિરનાં શિખરો, ગામને પાદરે બેઠેલું છાયાનું ધણ, તળાવડીની નિષ્પલક આંખો, શાળામાંથી આનન્દના એક હિલ્લોલરૂપે બહાર ઠલવાતાં બાળકો. દૂરના ડુંગરો પરની વનરાજિની ઘેરીભૂરી સ્તબ્ધતા, નદીઓની આકાશને પોતાના ગર્ભમાં સમાવી દેવાની વેદના, કોઈ મોટા શહેરના માથા પર તર્યા કરતા માનવીના સંસારના અવાજ, મકાનોની ભીડ વચ્ચેથી માથું ઊંચું કરીને કહીને પોતાની જાહેરાત કરતો ટાવરના ઘડિયાળના કાંટા પર કાયા ટેકવીને ઊભો રહેલો સમય, પાસેના ઘરની બારીમાંથી નાનો હાથ બહાર કાઢીને 'આવજો આવજો' કરતી કોઈ અજાણી બાળા, રાતને વખતે અન્ધકારની ગુફા જેવાં લાગતાં સ્ટેશનો, ચારે બાજુ નિદ્રાનો સમથળ વહેતો પ્રવાહ, ક્યાંક નદીના કાંઠા પર બળતી ચિતાની જળક્રીડા – આ બધું મેં તારી આંખો આગળ ધર્યું. કદાચ મેં એટલા માટે જ જન્મ લીધો છે. કોઈ રાજકુંવરી અન્યમનસ્ક થઈને બેઠી છે. દેશદેશથી કળાકારો આવ્યા છે, વિદૂષકો આવ્યા છે, એમાં હું પણ છું. તારી અન્યમનસ્કતાનો ભંગ કરવાને જ જાણે જન્મ લીધો છે. ને આ જન્મ પછી?

# ૯

આ લેખન આત્મપીડનનો જ એક પ્રકાર નથી? આપોઆપ વિલાઈ જતી, ઝાંખી બનીને આખરે લુપ્ત થઈ જતી લાગણીઓને જીવતી રાખીને એને ગૂંચવ્યે જવી ને એ રીતે હૃદયને જંપવા ન દેવું; એ જાણે અધૂરું રહ્યું હોય તેમ કલ્પનાની મદદથી અસંખ્ય નવી પરિસ્થિતિઓનું નિર્માણ કરીને એનાં સુખદુ:ખના તુમુલ સંઘર્ષમાં હૃદયને હોમી દેવું, હોમી દેવા છતાં અખણ્ડ રાખવું ને કલમને ધ્રૂજવા દીધા વિના, આંખને આંસુથી ઝાંખી થવા દીધા વિના, પૂરી સ્વસ્થતા ને દૃઢતાથી આલેખવું – પણ આ આત્મપીડનનો નશો પણ હોવો જ જોઈએ, નહીં તો લેખનને નામે શહાદત સ્વીકારનારાઓની જમાત ક્યાંથી ઊભી થાય? આથી જ તો માલા કહે છે કે આ બધી જંજાળ વિસ્તારવી નહીં. બધું મૌનમાં ઘૂંટીને ઓગાળી દેવું અથવા તો નિ:શબ્દ સરી જતાં બેચાર આંસુમાં વહાવી દેવું – પણ આ બધાને માટે શક્ય નથી. કદાચ લેખન એક લાચારી છે, બે શબ્દોને જોડનાર જ્યારે પોતે જ પોતાના ભંગાર વચ્ચે ઊભો હોય ત્યારે એ શાના વડે શબ્દોને જોડે? બેને જોડવા માટેની ત્રીજી વસ્તુ એ જ કદાચ માનવીની મોટી શોધ હશે? જે સૃષ્ટિમાં જીવીએ છીએ તે સૃષ્ટિ તો એક નિ:શ્વાસથી બાષ્પ બનીને ઊડી જાય છે. એને ક્ષણે ક્ષણે ફરીથી સરજીને જીવવું પડે છે. સૃષ્ટિ સાથેનો જેમનો અપરોક્ષ સમ્બન્ધ છે તેમને માટે આ અનિવાર્ય થઈ પડે છે.

તો લીલાનું શું? એની પાસે નામ સિવાય કશાનું સાતત્ય નથી. આથી જ તો ઘણા એને કારણે દુ:ખી થાય છે. એ દુ:ખ પણ સાતત્યનો જ એક પ્રકાર છે. દુ:ખને વજન હોય છે, તે વજન સંચિત થાય છે. પણ જે સાતત્યને જ અસમ્ભવ બનાવે, જે કશું સંચિત ન થવા

દે તેનું શું? માલા આ વાત માનતી નથી. વહાણના નીરમની જેમ આ નક્કર ધરતી પર પગ ટેકવી રાખવાને મનુષ્યમાત્રને વજનની જરૂર તો પડે જ છે – પણ એ થોડાં આંસુનું હોય, મૌનનું હોય કે થોડા અન્ધકારનું હોય. આથી લીલાની શક્તિ જો કશી હોય તો તે એ કે પોતાના આ વજનનો ભાર એ બીજાના પર વરતાવા દેતી નથી. એટલું જ નહિ, તમારા હૃદયના ભારને પણ પતંગિયાની જેમ ઉડાવી દે છે.

પણ આથી જ કદાચ લીલાની હાજરીમાં હું બહુ સ્વસ્થતા અનુભવું છું. માનવીનું ગૌરવ જ એની આગળ હાસ્યાસ્પદ બની રહે છે. એના આ છદ્મવેશની પાછળ જે સત્ય રહ્યું છે તેને એ શોધવા દેતી નથી; ને એથી જ કદાચ લીલાનું મને થોડું આકર્ષણ પણ છે. લીલાને જો જોવી હોય તો એકાન્તમાં જોવી જોઈએ. આપણો ઉપયોગ એ એના સાતત્યને તોડવા માટે કરે છે. પણ સમ્બન્ધ કેવળ ઉપયોગની ભૂમિકા પર રહેતો નથી. એ જો મારી આ ડાહીડાહી વાતો સાંભળે તો – આપણી આખી છબિ પામવા માટે આપણે બધા સમ્બન્ધ કેળવવા પડે છે! પણ સમ્બન્ધ સંખ્યાવાચક વસ્તુ નથી. માલા જાણી કરીને ઘણા સમ્બન્ધો કેળવે છે ત્યારે મને એ આખી પ્રવૃતિ આત્મવિઘાતક લાગે છે. આ હું અદેખાઈથી જ કહું છું એવું નથી, સ્નેહને કારણે પણ કહું છું. પણ માલાને આવી આત્મવિઘાતક પ્રવૃત્તિ આચરવી પડે એમાં જ મારી હાર નથી?

## ૧૦

સ્થળ ભલે ને નવું હોય, આપણે તો આપણી ટેવના જૂના ખોખામાં જ આખરે બધું ગોઠવવા બેસી જઈએ છીએ. જૂના ઘરમાંથી નવા ઘરમાં જઈએ છીએ ત્યારે 'અહીં બેસીને મને વાંચવાનું ફાવશે.' 'સાંજે બે ઘડી અહીં બેસીએ તો ઠીક' – આમ કહીને વળી એ જ જૂનો નકશો આંકી દઈએ છીએ. અહીં પણ હું એ જ કરી બેઠો હોત – પણ જાણી કરીને આ ઘરને હું ઘર તરીકે જોતો નથી. અહીં મારા વિષાદને ઉછેરવાનો એક્કેય ખૂણો મેં રાખ્યો નથી. ઘરને બહાર જોડે બને તેટલું ભેળવી દીધું છે. રસ્તા પર આપણે વહેંચાઈ જઈએ છીએ. આજુબાજુની દુકાનોનાં મોટાં મોટાં પાટિયા, ફેરિયાના અવાજો, એક ઘર પરથી બીજા ઘર પર કૂદી જતી બિલાડી, નીચે મોઢે ચાલી જતાં ઘેટાંબકરાંઓની હાર – આ બધું મારી બહાર બનતું નથી. એ બધાથી મેં મારી જાતને સાચવીને જુદી રાખી નથી. ટોળા વચ્ચે માલા, તારું મૌન સહ્ય બને છે. ત્યારે તારું મૌન ઘણી બધી વસ્તુ ભેગું હોય છે. પણ ઘરની બારી પાસે તું આવીને બેસે, અન્યમનસ્ક બનીને હું જે કહું તે સાંભળે, પછી હોંકારો પણ પૂરતી બંધ થઈ જાય, હું ખિન્ન થઈ જાઉં, રોષે ભરાઈ જાઉં, તને ઢંઢોળીને જગાડું, મને ખેદ થયો તેથી તું મુંઝાઈ જાય ને આવતી કાલે નહીં આવવાનાં બહાનાં કાઢે, હું એ પણ કળી જાઉં – આપણો આ સદાનો ક્રમ કદાચ આ ઘરમાં નહીં ચાલે એમ કહીને હું તને આવવાને લલચાવું છું એમ ન માનીશ. અલબત્ત, એમ તું આવે એવી નથી. પણ માલા, તે દિવસે તને શું થયું હતું?તું જાણે મને છોડીને જવા જ નહોતી માગતી ખરું ને? તું કશાકથી ભય પામતી હતી, શેનાથી તે તો હું જાણતો નથી પણ એની ને તારી વચ્ચે મને રાખીને તું સહેજ સ્વસ્થ થવા ચાહતી હતી, ખરું ને? પણ એવી એકાદ ક્ષણમાં કદાચ તું મારી વધુ નિકટ સરી આવે એવો મને લોભ રહે છે. તારો ભય અને

મારો લોભ ભેગા થાય છે, આપણે ભેગાં થતાં નથી. તારા પત્રો મળ્યા છે. મેં વાંચ્યા નથી. સાચું કહું તો તારા પત્રો કદી હું આખા ઉકેલી શકતો નથી. તું એ ક્યાં બેસીને લખે છે, એના પર શેની શેની છાયા પડી છે, એકાએક પત્ર વચમાં અટકાવી દઈને તું ક્યાં જતી રહે છે, પત્ર લખતી વખતે તારા મનમાં મારી જ છબિ હોય છે એવું તો નથી – ને એ તરત મને સમજાઈ જાય છે – તો કઈ કઈ સ્મૃતિને તું મારે નિમિત્તે ઢંઢોળતી હોય છે? – આ પ્રશ્નોમાંથી એક્કેયનો તારો પત્ર જવાબ નથી આપતો. આથી તારા પત્રને અકબંધ પેલી સુખડની દાબડીમાં મૂકીને હું તરત બહાર ચાલ્યો જાઉં છું. બહાર જઈને ઘણાં અજાણ્યાં હાસ્યક્રન્દનની વચ્ચે અટવાઈને નિ:શેષ થઈ જાઉં છું. ફરી નવેસરથી બધું ગોઠવવા બેસું છું: શબ્દ પછી શબ્દ. આમ રાત ચાલી જાય છે. વળી સવારે બારી આગળના તડકાના ટુકડા એકઠા કરું છું. ગઈ રાતની થોડી વધેલી ક્ષણોને કબૂતરની જેમ ઉડાડી મૂકું છું.

# ૧૧

સ્થળ ભલે ને નવું હોય, આપણે તો આપણી ટેવના જૂના ખોખામાં જ આખરે બધું ગોઠવવા બેસી જઈએ છીએ. જૂના ઘરમાંથી નવા ઘરમાં જઈએ છીએ ત્યારે 'અહીં બેસીને મને વાંચવાનું ફાવશે.' 'સાંજે બે ઘડી અહીં બેસીએ તો ઠીક' – આમ કહીને વળી એ જ જૂનો નકશો આંકી દઈએ છીએ. અહીં પણ હું એ જ કરી બેઠો હોત – પણ જાણી કરીને આ ઘરને હું ઘર તરીકે જોતો નથી. અહીં મારા વિષાદને ઉછેરવાનો એક્કેય ખૂણો મેં રાખ્યો નથી. ઘરને બહાર જોડે બને તેટલું ભેળવી દીધું છે. રસ્તા પર આપણે વહેંચાઈ જઈએ છીએ. આજુબાજુની દુકાનોનાં મોટાં મોટાં પાટિયા, ફેરિયાના અવાજો, એક ઘર પરથી બીજા ઘર પર કૂદી જતી બિલાડી, નીચે મોઢે ચાલી જતાં ઘેટાંબકરાંઓની હાર – આ બધું મારી બહાર બનતું નથી. એ બધાથી મેં મારી જાતને સાચવીને જુદી રાખી નથી. ટોળા વચ્ચે માલા, તારું મૌન સહ્ય બને છે. ત્યારે તારું મૌન ઘણી બધી વસ્તુ ભેગું હોય છે. પણ ઘરની બારી પાસે તું આવીને બેસે, અન્યમનસ્ક બનીને હું જે કહું તે સાંભળે, પછી હોંકારો પણ પૂરતી બંધ થઈ જાય, હું ખિન્ન થઈ જાઉં, રોષે ભરાઈ જાઉં, તને ઢંઢોળીને જગાડું, મને ખેદ થયો તેથી તું મુંઝાઈ જાય ને આવતી કાલે નહીં આવવાનાં બહાનાં કાઢે, હું એ પણ કળી જાઉં – આપણો આ સદાનો ક્રમ કદાચ આ ઘરમાં નહીં ચાલે એમ કહીને હું તને આવવાને લલચાવું છું એમ ન માનીશ. અલબત્ત, એમ તું આવે એવી નથી. પણ માલા, તે દિવસે તને શું થયું હતું?તું જાણે મને છોડીને જવા જ નહોતી માગતી ખરું ને? તું કશાકથી ભય પામતી હતી, શેનાથી તે તો હું જાણતો નથી પણ એની ને તારી વચ્ચે મને રાખીને તું સહેજ સ્વસ્થ થવા ચાહતી હતી, ખરું ને? પણ એવી એકાદ ક્ષણમાં કદાચ તું મારી વધુ નિકટ સરી આવે એવો મને લોભ રહે છે. તારો ભય અને

મારો લોભ ભેગા થાય છે, આપણે ભેગાં થતાં નથી. તારા પત્રો મળ્યા છે. મેં વાંચ્યા નથી. સાચું કહું તો તારા પત્રો કદી હું આખા ઉકેલી શકતો નથી. તું એ ક્યાં બેસીને લખે છે, એના પર શેની શેની છાયા પડી છે, એકાએક પત્ર વચમાં અટકાવી દઈને તું ક્યાં જતી રહે છે, પત્ર લખતી વખતે તારા મનમાં મારી જ છબિ હોય છે એવું તો નથી – ને એ તરત મને સમજાઈ જાય છે – તો કઈ કઈ સ્મૃતિને તું મારે નિમિત્તે ઢંઢોળતી હોય છે? – આ પ્રશ્નોમાંથી એક્કેયનો તારો પત્ર જવાબ નથી આપતો. આથી તારા પત્રને અકબંધ પેલી સુખડની દાબડીમાં મૂકીને હું તરત બહાર ચાલ્યો જાઉં છું. બહાર જઈને ઘણાં અજાણ્યાં હાસ્યક્રન્દનની વચ્ચે અટવાઈને નિ:શેષ થઈ જાઉં છું. ફરી નવેસરથી બધું ગોઠવવા બેસું છું: શબ્દ પછી શબ્દ. આમ રાત ચાલી જાય છે. વળી સવારે બારી આગળના તડકાના ટુકડા એકઠા કરું છું. ગઈ રાતની થોડી વધેલી ક્ષણોને કબૂતરની જેમ ઉડાડી મૂકું છું.

# ૧૨

આજે તડકાનાં જાણે ફોરાં ઊડે છે. એને તારા વાળની લટમાં ઝીલાઈ રહેલાં જોઉં છું. આજે જો આખા આકાશ જોડે વાત માંડવી હોય તો માંડી શકાય. આજે તારા મૌનમાંથી નક્ષત્ર ઘડી શકાય. એથી જ આજે તું કોઈ દૂરના તારા જેટલી નિકટ લાગે છે. આપણે આપણી વચ્ચે જેટલી દૂરતા સમેટી લઈ શકીએ તેટલું આપણા પ્રેમનું ઐશ્વર્ય વિશેષ. પણ કોઈ ગણિતનું પદ માંડીને તો દૂરતા કેળવતું નથી! કદાચ આવી પડેલી દૂરતાને સહ્ય બનાવવાને હું આવું આશ્વાસન શોધી કાઢું છું! ના, દૂરતાના જે અંશમાં આપણે નથી વ્યાપી ગયા હોતા તે જ શૂળ થઈને ખટકે છે. જે લોકો દૂરતાને પોતાની બહાર ફેંકીને પોતાની જાતને સંકોચી લે છે તેઓ કેવા અલ્પ બની જાય છે! આ અલ્પતા જ પ્લેગની ગાંઠની જેમ એમને પીડશે એનો એમને ખ્યાલ નથી હોતો. પણ માલા, દૂરતાના બે ધ્રુવ વચ્ચે કેવળ આપણે જ આપણે છીએ. એથી તો હું ખુશ છું. દૂરતાને એક વાર ફેલાવી દીધા પછી હૃદયમાં સંકેલી શકાય. પણ સંકોચી રાખેલી દૂરતા કૂવાની દીવાલને તોડીને ફૂટી ઊઠતા પીપળાની જેમ હૃદયને ભેદી નાખે. આજની હવા જાણે જાદુગર છે. અડીખમ ઘરમાં ચોસલાંઓ આજે તરવા લાગ્યાં છે. માણસો પોતાના નાસી જતા અવાજોને પકડવાને જાણે દોડી રહ્યા છે. દૃષ્ટિના દોર આજે હાથમાં રહેતા નથી. આવી ક્ષણે ગ્રહનક્ષત્રોના પ્રદક્ષિણાપથ આપણા હૃદયની સીમામાં સમાઈ જાય છે. મૃત્યુ એનું મહોરું ઉતારીને બે ઘડી પગ વાળીને આપણી જોડાજોડ બેસી જાય છે. ઈશ્વર સંતાકૂકડી રમવાનું છોડી દે છે. માલા, આજે તારાં આંસુ જોડે ક્રીડા કરી શકાય – એને સસલાં બનાવીને દૂર દૂર દોડવા છુટ્ટાં મૂકી શકાય. પછી તારી સાથે, એને શોધવાને બહાને, ક્યાંના ક્યાં જઈ ચઢવાનું પણ ગમે. કોઈક વાર આપણે પરિચિત રસ્તો ભૂલીને કોઈ

અજાણ્યા સ્થાને જ નથી જઈ પહોંચતાં? ત્યારે પ્રથમ ક્ષણે તો ભય ઊપજે, પણ પછી આ પરિચિતતાનો સ્વાદ આપણે લેવા માંડીએ. તો માલા, ભલે એને નહીં કહીએ પ્રેમ, નહીં કહીએ મૈત્રી – લીલા કહે છે તેમ એને માત્ર કહીએ 'કશુંક.' તંગ દોર બધા જ છોડી નાખીએ. 'સુખ'ના સુ અને ખને પણ નહીં જોડીએ. સૂર્ય જેમ આ તડકાનાં ફોરાં રૂપે વિખેરાઈ જાય છે તેમ આપણે પણ વિખેરાઈ જઈએ તોય શું?

આવી ક્ષણે મને લાગે છે કે તારા નિસ્તરંગ મૌનની પારદર્શકતા વિના મારા શબ્દો એમની પોતાની છબિ જોઈ શક્યા હોત ખરા? ખૂબ ખૂબ ગાઢ સમ્બન્ધ છે તારા મૌનનો અને મારા શબ્દોનો. સુખદુ:ખ – બધું જ સીંચીને આપણે એને ઉછેરતાં આવ્યાં છીએ. એક ક્ષણ એવી પણ આવશે જ્યારે એ એકબીજામાં ભળીને અભિન્ન બની જશે. ત્યારે એ અભિન્નતા જ રહેશે. આપણે નહીં રહીએ.

# ૧૩

આપણે કહીએ છીએ એકાન્ત, પણ ખરેખર એ એકાન્ત હોય છે ખરું? એ એકાન્ત કોઈકના નિબિડ સહવાસને માટે જ સરજતા હોઈએ છીએ ને? ગઈ રાતે હું ક્યાં સુધી બહાર જ હતો. હવામાં ઠંડીનો ચમકારો હતો. સહેજ ધૂંધળી ચાંદની હતી. મનુષ્યની આકૃતિની રેખાઓ આછી ઝાંખી હતી. અવાજો પણ ધૂંધળા હતા. જાણે કોઈકના જાદુથી ધીમે ધીમે સૃષ્ટિ લુપ્ત થવા ન બેઠી હોય! આખી સૃષ્ટિમાં એક પ્રકારની પરોક્ષતા હતી. હું મારા સુધી પહોંચું તોય જાણે કશાકમાં થઈને પહોંચી શકું. દીવાઓ તરતા દેખાતા હતા. બધું જ ધીમી ગતિએ ચક્રાકારે ફરી રહ્યું હતું. આ જોઈને એકાએક મને ભયની લાગણી થઈ આવી. મારા મનની સૃષ્ટિનું શું? મારી સ્મૃતિ? તું? એ બધું પણ આવા જ કશા ધૂંધળાપણામાં, આવી જ ઝાંખી ચાંદનીમાં, ધીમે ધીમે લુપ્ત તો નથી થતું ને? સૌથી પહેલાં હું જોવા મથ્યો તને. પણ યાદ કરી શક્યો માત્ર એક ટપકું – ગાડી દૂર નીકળી ગઈ હોય છે પછી પ્લેટફોર્મ પર દેખાય છે તેવું. પછી મેં મને સંભારી જોયો – ઉઝરડા પડ્યા હોય ને એની બળતરા થતી હોય એવી માત્ર એક સંવેદના! મને થયું: આ લુપ્તિને ભય સાથે જોડવાનીય શી જરૂર? એને આનન્દ સાથે જોડવાનીય શી જરૂર? ધીમે ધીમે બધું શૂન્યવત્ બનતું ગયું, અને શૂન્યવત્ જોનારી ચેતના પોતે પણ જાણે સાવ ધૂંધળી થઈ ગઈ. આજુબાજુના લુપ્તપ્રાય પરિવેશ વચ્ચે ગતિની એક રેખાની જેમ હું કેવળ સરતો રહ્યો. એ રેખાની મેં કોઈ દિશા નહોતી નક્કી કરી.મને ચાલ્યા જવાનો શ્રમ પણ નહોતો પડતો. આમ રસળતાં રસળતાં તો ક્યાંના ક્યાં નીકળી જવાય! એકાએક એક વિચિત્ર પ્રકારના તીક્ષ્ણ અવાજથી હું જાણે આ સ્થિતિમાંથી જાગી ઊઠ્યો. ધૂંધળા દીવા નીચે એક આકાર – ચીકણો ચહેરો, ભાવહીન આંખો – જાણે એ ચહેરાને આંખોની હવે કશી

જરૂર રહી નહોતી ને છતાં એ હતી – ને પેલો હાસ્યનો અવાજ. એની સાથે હું અથડાઈ પડ્યો હતો. એણે મારા કાન પાસે મોઢું લાવીને કશીક અશ્લીલ માગણી કરી. મારા હાથને જોરથી પકડીને જાણે એ મને ઘસડવા લાગી. પણ એના હાથ જાણે ઓગળતા મીણ જેવા હતા. એનું હાસ્ય પણ જાણે હવામાં વહીને વિખેરાઈ જવાને બદલે ઠરી જઈને અહીંતહીં બાઝી જતું હતું. મારા મોઢા પર જાણે એના થોડા પોપડા બાઝી ગયા હતા. એ ઓગળતું જતું મીણ મને ચારે બાજુથી ઘેરી વળે તે પહેલાં મારે છૂટવું જ જોઈએ, સામેથી આવતી મોટરના દીવાની લગભગ સામે હું ધસ્યે ગયો. એકાએક મોટરની બ્રેક વાગી. પેલું હાસ્ય ચીસમાં ફેરવાઈને કણકણ બનીને ઊડી ગયું. હું પાછળ જોવા ન ઊભો રહ્યો. થોડી વાર રહીને દૂરથી ફરી એ હાસ્ય સંભળાયું. હું ઘેર પહોંચી ગયો. દીવો કર્યો. જોયું તો મારી પથારીમાં કોઈ બેઠું હતું. પૃથ્વીના કોઈ આદિ યુગનું કોઈ પ્રાણી. એ હાંફતું હતું, એની લાલ આંખો અંગારાની જેમ તગતગતી હતી. મેં દીવો હોલવી નાખ્યો…

# ૧૪

‘તમે જ અ?’

‘હા.’

‘તમે સ ને ઓળખો છો?’

‘હા.’

‘એમણે મને તમને મળવાનું કહ્યું હતું.’

‘એમ?’

ઘડિયાળમાં દસના ટકોરા, પવનમાં કેલેંડરનાં ફરફરતાં પાનાં.

‘એક વાત પૂછવી છે.’

‘એમ?’

‘મેં થોડું લખ્યું છે, તમે વાંચશો?’

‘વારુ.’

‘તો હું તમને થોડા દિવસ પછી મળીશ.’

'વારુ.'

હું એને જતી જોઈ રહ્યો. વયનાં પાંચેક વરસ સંતાડતી હતી. આંખોમાં ચંચળતા હતી, પણ તે બહુ સ્થિર પાણીમાં તરતી માછલીના જેવી. એથી પાણી ઝાઝું વિક્ષુબ્ધ થતું નહોતું. પણ એ પાણી હતું કે કાચ? એના ચહેરા પર થોડી રેખાઓ હતી – દેશદેશમાં ભટકીભટકીને આંકેલી વેદનાઓની. હું એનું લખેલું વાચતો હતો. એક એક શબ્દ જાણે વીજળીના આંચકાથી સફાળો કૂદતો હતો. વાક્યમાંના બીજા શબ્દ સાથે જોડવાનું એને માટે શક્ય જ નહોતું. ક્યાં ક્યાં ફરીને એણે કેટલું ઝેર ચૂસી લીધું હતું! એની તીક્ષ્ણતા એના શબ્દોની રગેરગમાં વહેતી હતી. એના શબ્દોનો રંગ લીલો હતો. શિશુનું હાસ્ય એમાં તલાવડીમાં બાઝેલી લીલ રૂપે ખીલતું હતું. પ્રેમનો પ્રથમ ઉદ્‌ગાર એમાં રાતે ક્યાંકથી એકાએક ચમકીને ઊડી જતા પંખીની જેમ ઊડી જતો હતો. કદિક એમાં શાન્તિની પણ વાત આવતી હતી – હલાલ થઈ ચૂકેલી પશુની આંખમાં હોય છે તેવી. એમ તો એમાં આનન્દની પણ હવા હતી – આરસપહાણની કબરો ચાંદનીમાં હસી રહે તેવી. અગ્નિ પણ હતો–તારા મૌનની પાછળ જેની શિખા કદિક દેખાઈ જાય છે ને તેવો. રાતે બારી બંધ કરીને આંખ બંધ કરીને હું સૂતો ત્યારે એની રચેલી આ સૃષ્ટિ મારી રગેરગમાં ફરવા લાગી. બંધ બારીની પાછળ કોઈ પ્રાણી એનું મોઢું ઘસી રહ્યું હતું. એને ક્યાંક કાચા માંસની ગન્ધ આવી હશે? બારીની બીજી બાજુથી પણ એની ઉગ્ર હિંસક બુભુક્ષાની ઉત્કટ વાસ મારા હૃદયના ધબકારાને જ એ બારીના ઠેલવાના અવાજ જોડે હું ગૂંચવીને છળી મર્યો. ભયને ઉછેરવાને મોટા સ્થળની જરૂર પડતી નથી. આંખના એક ખૂણામાં સૃષ્ટિનો પ્રલય કરે એટલો ભય ચમકી શકે છે.

# ૧૫

કદાચ બધું જ જુદી રીતે આરમ્ભી શકાયું હોત. આજે કેન્દ્રથી દૂર દૂર સુધી ત્રિજ્યાઓ વિસ્તારીને સ્પર્શરેખા શોધીએ છીએ એ આવશ્યક ન રહ્યું હોત. તું કહેશે: એ નિયતિ, હું પૂછીશ: એ નિયતિને નિયત કરનાર કોણ? તું ધૂર્ત બનીને હસીને કહેશે: આપણે! બસ, ત્યાં આપણી વચ્ચેના સંવાદનું એ ચક્ર પૂરું થશે! ભૂતકાળને વર્તમાનના આદેશ અનુસાર ફરી ગોઠવવાના પ્રયત્નમાં અપ્રામાણિકતા તો છે જ, દીનતા પણ છે, કાયરતા પણ છે, ભવિષ્ય પ્રત્યેની અન્ધતા પણ છે. તું છેલ્લા પત્રમાં લખતી હતી: 'હમણાં હમણાં તું આત્મનિન્દામાં ખૂબ રાચતો લાગે છે. પહેલાં આત્મશ્લાઘામાં રાચતો હતો. આત્મશ્લાઘા સહ્ય નીવડે, આત્મનિન્દા જુગુપ્સા જન્માવે છે, કારણ કે આત્મનિન્દામાં એ દ્વારા જ આત્મીયને પીડવાની પ્રચ્છન્ન વૃત્તિ હોય છે. એને પ્રચ્છન્ન ન કહેવી પડે એટલી બધી એ ઉઘાડી હોય છે!' તારું આ પૃથક્કરણ પ્રેમ પોતે કરે તો મને મંજૂર છે, ને તું તો જાણે છે કે પ્રેમનો સ્વભાવ પૃથક્કરણ કરવાનો હોતો નથી. આ વાક્ય લખ્યા પછી, એ વાંચીને, મને જ હસવું આવે છે. પ્રેમ તો કદાચ પૃથક્કરણ નથી કરતો પણ પ્રેમનો સ્વભાવ જાણવાને બહાને આપણે એને કેવો ચૂંથી નાખીએ છીએ!

પણ આજે તને ચીઢવવાને જ કહું છું કે પ્રેમને ભૂતકાળ હોતો નથી, વર્તમાન હોતો નથી, હોય છે કેવળ ભવિષ્ય અથવા પ્રેમ સર્વગ્રાસી છે. બધાંને ભક્ષી જનાર કાળને પણ એ ભક્ષી જાય છે. કેટલા કાળને એ ભક્ષી ગયો છે તેના પર પ્રેમની પુષ્ટતાનો આધાર રહે છે.

હવે તો તું બહુ જ રોષે ભરાઈ હશે એટલે આ પ્રેમમીમાંસાને બંધ કરું. તને બારી પાસે

ઊભા રહેવાની ટેવ છે. તું કદી આખી, પૂરેપૂરી, ક્યાંય હાજર રહેતી નથી: અધી બારી બહાર, અધી જ અંદર; અધી આ જન્મમાં, અધી પરજન્મમાં. એક્કી સાથે બેનું ધ્યાન રાખીએ તો તારાં એ બે અડધિયાંને જોડી શકાય, અથવા તો મારા પણ બે ભાગ કરીને એકને દૂર – પરજન્મ જેટલે દૂર – ફેંકી શકાય તો તને પામી શકાય.

નહીં તો તે દિવસે આમ શા માટે બન્યું હોત? તેં જ તો મને આગ્રહ કરીને બોલાવ્યો હતો. આવીને જોઉં છું તો હું દસમાંનો એક હતો, એ બાકીના નવ વડે ગમે ત્યારે ભુંસાઈ જવાની અણી પર હતો. મારી પાસે બેઠી હતી અંજલિ. એણે મારો હાથ એના હાથમાં લઈને મારી વીંટીનો હીરો જોયો હતો – માત્ર એટલી જાહેરાત કરવા કે એ ધારે ત્યારે પ્રગલ્ભ બની શકે છે. આ બાજુ છે અરુણ – એ બધાંની હાજરીમાં એના બે હાથ વચ્ચે તારું મુખ રાખીને તારી આંખોમાં તાકી રહે છે ને તું? જાણે આ બધાથી નિલિપ્ત હોય, જાણે તારે મન તું પોતે પણ પારકી અજાણી વસ્તુ હોય તેમ વર્તે છે. અમલ મારી આંખમાં ઈર્ષ્યાનો તણખો શોધે છે. ઘડીભર મને એની, તારી ને બધાંની જ દયા આવે છે. આપણે બધાં બેઠાં હતાં ત્યાંથી દૂર ક્યાંક તારા ને મારા પ્રેમનો વિશ્રમ્ભ વાર્તાલાપ સાંભળતો હું બેસી રહું છું.

# ૧૬

આપણા બધાંનું સંચિત થયેલું એક મરણ આજે ક્ષિતિજ પર બાષ્પની જેમ તોળાઈ રહ્યું છે. કદાચ આપણાં બધાંની વતી હું એકલો જ એને જોઈ રહ્યો છું. તુંય કદાચ એને જોતી હશે – આંખમાં કાજળની જેમ આંજી લેતી હશે. મને તારી આંખને ચૂમવાની ટેવ છે. તો તો હું મરણને પણ તારી આંખમાંથી ચૂમી લઈશ. દરેક ચુમ્બનમાં મરણ હોય છે જ. ચુમ્બન પછી પણ જો હોઠ એના એ રહે, મુખ એનું એ રહે તો એ ચુમ્બન નહીં, પણ ચુમ્બન કરવાનો પ્રેમનો એક વિધિ માત્ર જ બની રહે ને!

પણ આજે અહીં નજીકમાં જ, કદાચ પેલા ફોટા પાછળ અથવા તો હમણાં જ વાંચતાં વાંચતાં મૂકી દીધેલી ચોપડીનાં પાનાં વચ્ચે, કે આ ઓરડી વચ્ચેના પડદા પાછળ મરણ હાંફતું બેઠું છે. હું એને વિરાટકાય કલ્પી શકતો નથી. બહુ બહુ તો હશે કીડી જેવું. એનો પડછાયો પડતો નથી. ને પડછાયો પાડવાનું એને પરવડે પણ નહીં, કારણ કે પડછાયાને ચાડી ખાવાની ટેવ હોય છે. તુંય કેટલીય વાર તારા પડછાયાને કારણે પકડાઈ ગઈ છે, ખરું ને?

કદાચ મરણ એ સંતાઈ જવાની એક રીત જ છે, ને એમ તો પોતાનામાં જ રહી રહીને સંતાઈ જનાર થોડું થોડું મરણ નથી ઉછેરતા? આથી મિલન તે કેવળ જીવન ને જીવનનું નહીં, મરણ ને મરણનું પણ ખરું. કેટલીક વાર પ્રેમમાં બે મરણ જ ભેગાં થતાં હોય છે...

લીલાનો પત્ર છે. અહીં ઉતારું છું: ‘ઘણે દિવસે કાલે અમે બધાં ભેગાં થઈ ગયાં. બધાં હતાં એટલે તું પણ હશે જ, અથવા નહીં હશે તો થોડી વારમાં આવવો જ જોઈએ એમ હું

માનતી હતી. માલા તો પાછળથી આવી, મેં ‘ફોન કર્યો ત્યારે. કોણ જાણે કેમ, હું માલાને ને તને જુદા પાડી શકતી નથી. પણ માલા આવી ત્યારે એની સાથે કોઈ અજાણ્યો જુવાન હતો. સાચું કહું? મને તો એનું નામ પણ યાદ રહ્યું નથી. એ દેખાવડો તો હતો જ, પણ ક્યાંક કશુંક વિલક્ષણ હતું. શું તે શોધવાની મેં કાંઈ જહેમત લીધી નહીં. તું જાણે છે ને, માલા તો ઝાઝું બોલતી નથી, પણ કાલે તો એ જ બોલતી રહી; અમારે તો કશું બોલવાનું રહ્યું નહીં. પણ શબ્દોને આટલા ઠાલા બનાવી શકાતા હશે? અમારી આજુબાજુથી એના શબ્દો પરપોટાની જેમ ઊંચે જતા હતા. હા, એમાં સાતેય રંગો દેખાતા હતા ખરા પણ સહેજ વધારે હવા લાગતા જ એ ભાંગી પડતા હતા. કદાચ માલા પોતે પણ કણકણ થઈને વિખેરાતી જાય છે, પણ એને હંમેશાં કોઈ સાક્ષી જોઈએ છે. એ સાક્ષીનો પાઠ ભજવનારા સ્ત્રીના જીવનમાં તો ઘણા મળી રહે. તો તું એમ કર: તારા સ્વભાવ મુજબ સાક્ષી અને પ્રેમીની અવસ્થાનો ભેદ કરી બતાવ. ચીઢાઈશ નહીં. હું ગમ્મત કરું છું. પણ આ બધો ખેલ પૂરો થયા પછી માલાએ મને પાસે બોલાવીને પૂછ્યું: ‘તેં અજયને જોયો? હમણાં સુધી તો એ અહીં હતો...’

# ૧૭

ગઈ કાલે એક વિચિત્ર અનુભવ થયો. રાતની સૃષ્ટિ જુદી જ હોય છે. સ્વપ્નમાં અનેક જુગના છેડા ભેગા મળે છે. ખગોળભૂગોળ બદલાઈ જાય છે. એ બધું સમેટીને સવાર સુધીમાં વળી જે હતા તે બની જવું હંમેશાં શક્ય હોતું નથી. આથી ત્રણેય કાળમાં ન બદલાય એવી કશીક વેદનાની એંધાણી સાચવી રાખવી પડે છે. નહીં તો બીજે દિવસે બધું જ અસ્તવ્યસ્ત થઈ જાય છે. આંખમાં આંસુની ઝાંય વળી હોય, જે જે જોઈએ તે બે બે દેખાય તેમ આખી સૃષ્ટિની બે છાયાઓ એકબીજામાં ગૂંચવાઈને આપણને મૂંઝવી મારે છે. મેં જોયું તો હું ને મારો અવાજ જુદા જ હતા. મારો અવાજ ઘડીકમાં પવનમાં ઊડતા કાગળના જેવો, ઘડીકમાં દૂરથી સંભળાતા ટાવરની ઘડિયાળના ટકોરા જેવો, ઘડીકમાં દિવસે હોલવવા રહી ગયેલા વીજળીના દીવા જેવો તો ઘડીકમાં આ ઓરડીમાં સદાકાળ વ્યાપી રહેલી નિસ્તબ્ધતાના જેવો લાગતો હતો. આવે વખતે એકલા રહેવાનું સહ્ય નથી નીવડતું. આજુબાજુ ખૂબ ખૂબ માણસો જોઈએ. આથી મેં કેટલાંયને ઘરે બોલાવ્યા: કોસ્મેટિક્સની જાહેરખબરમાંથી કાપેલી યુવતીઓ, સરકસના રંગલા જેવા જુવાનો, સૂના બાગ વચ્ચે એકલાઅટૂલા ઊછળ્યા કરતા ફુવારા જેવા એકાદ બે કવિ, મમીનું કફન પહેરીને હંમેશાં ચાલતા થોડા નવલકથાકારો, કાચની બરડતાનું કવચ પહેરીને ચાલતા ભદ્ર નાગરિકો! તું તો જાણે છે કે આ બધું મને જરાય રુચતું નથી. પણ માણસ પોતાને શોધવાને જ પોતા પર શા શા જુલમ નથી ગુજારતો! મારા અવાજની સાથે મારી સંતાકૂકડીની રમત ક્યાં સુધી ચાલતી રહી.

મને એ સાંજ યાદ આવી: આપણે ત્રણેય જણ હતાં – હું, લીલા અને તું: હું બોલતો

નહોતો, તું બોલતી નહોતી, બોલતી હતી લીલા. આપણે નિર્જન રસ્તા પર થઈને ચાલ્યાં જતાં હતાં. અન્ધકાર ધીમે ધીમે ગાઢ થતો જતો હતો. થોડે થોડે અન્તરે આવતા રસ્તાના ઝાંખા દીવાઓ આપણો ચહેરો અજવાળતા ને વળી આપણે ભુંસાઈ જતાં. શબ્દો પવનમાં ફરફરતા હતા. એમાં એના અર્થનો ભાર નહોતો, આમેય તે લીલાના શબ્દોમાં અર્થનો ભાર ક્યાં હોય છે? ત્યાં એકાએક સાવ સાહજિકતાથી તારા હાથની આંગળી તેં મારા હાથમાં ગૂંથી દીધી. ક્યાં સુધી આપણે એમ ચાલ્યા કર્યું. પછી સામેથી આવતી ટ્રકની લાઇટના અજવાળામાં આપણે પકડાઈ ગયાં.

આજની સાંજના ધૂંધળા પ્રકાશમાં આનન્દની એ ક્ષણ ઓગાળીને નવેસરથી એની મિષ્ટતાનો સ્વાદ લઉં છું. હું જાણું છું કે તને એ ગમતું નથી. જે સ્મૃતિને આધારે જીવે છે તેને પછી સ્મૃતિ જ સારસર્વસ્વ જ લાગવા માંડે છે. પછી વર્તમાન કે ભવિષ્યને પણ ભૂતકાળમાં ધકેલી દઈને સ્મૃતિની દયા પર છોડી દીધે જ છૂટકો!

# ૧૮

આપણે કહીએ છીએ એક ક્ષણ, પણ પછીથી ચિત્તના નેપથ્યમાં એ કેટલી તો વિસ્તરતી હોય છે! આમ જોઈએ તો કશું જ નહોતું. તું એકાએક મારા ખભા પર માથું ઢાળીને આંખ બંધ કરીને એક ક્ષણ બેસી રહી હતી. તારો ઉચ્છ્વાસ મારા કાનને સ્પર્શતો હતો. બીજી જ ક્ષણે કોઈ આવી ચઢતાં તું એકાએક મારાથી દૂર ખસીને જાણે સાવ અજાણી બની ગઈ હતી, તારી આંખમાં મારી પ્રત્યે રોષ હતો. આપણે બંને અજાણ્યા નહોતાં, આવનાર અજાણ્યો હતો. પણ તારા ક્ષણ ભરના રોષની એ ક્ષણ, એમાં થોડી ભળેલી અનુતાપની માત્રા, મારા ચિત્તમાં ગ્રીષ્મના પ્રલમ્બ દિવસની જેમ વિસ્તરતી ગઈ. જંદિગીને અન્તે કદાચ આવી જ થોડી ક્ષણોનો સરવાળો આપણા હાથમાં રહેતો હશે. બાકીનું બધું તે કાળ. જે ઘટના એને અનુરૂપ સમયનાં બીબાંમાં સમાઈને રહેતી નથી, એને ઉલ્લંઘીને વિસ્તરે છે તે જ કવિના હૃદયમાં જીવે છે. વ્યક્તિનું પણ એવું જ નથી? જે નિયત સમ્બન્ધોનાં ચોકઠાંમાં પૂરા સમાઈ જાય છે, એથી વિશેષ વિસ્તરતા નથી તેમનાથી સમાજ ચાલે છે, હૃદય ચાલતું નથી. આથી જ તો જ્યારે જ્યારે આપણા સમ્બન્ધને નામ પાડીને કોઈએ ઓળખાવવાનો આગ્રહ રાખ્યો ત્યારે આપણે એવી પરિસ્થિતિની હંમેશાં બહાર જ છટકી ગયાં. હા, કોઈને કદાચ એમાં કાયરતા, દિલચોરી કે અપ્રામાણિકતા પણ લાગે.

તે દિવસે કોઈ નહોતું, આપણે બે જ હતા. એવી પરિસ્થિતિ ઊભી થવાથી તું અકળાતી હતી. અનેક નાની વીગતો વિશે જાણે એકદમ ચિન્તામાં પડી ગઈ હતી; જો લીલા બસ ચૂકી જાય તો? જો અમલ અરુણને નહિ મળ્યો હોય તો? બાએ વધારે દૂધ નહિ રાખ્યું

હોય તો? – હું તારી કૃત્રિમ મૂંઝવણ જોયા કરતો હતો. એકાએક અશ્રુસજળ આંખે તેં મારી પાસે આવીને મારો હાથ પકડી લીધો. કશીક વેદનાના ધક્કાથી તું મારી પાસે ધકેલાઈ આવી હતી. મારા પ્રેમનો આવેગ આ ભંગુર વેદનાને જન્મ ન પહોંચાડે એ માટે મારે કેટલા બધા સાવધ રહેવું પડ્યું! મને ખબર હતી કે બીજી જ પળે તું તારાં આંસુથી અકળાઈ ઊઠવાની છે. પણ બીજી જ પળે તું મારી સામે જોઈને હસી પડી. આંસુની ભીનાશ હજી આંખમાંથી ગઈ નહોતી. તારા હાસ્યથી ઉત્તેજન પામીને મેં મારી બે હથેળી વચ્ચે તારું મુખ જકડી દીધું. તારી આંખો હસી રહી હતી. ચુમ્બનને માટે મારું મુખ ઝૂક્યું, તારી લુચ્ચી આંખોએ માત્ર સહેજ હાલીને ના કહી, પણ મારા હાથની પકડમાંથી છૂટવાનો પ્રયત્ન કર્યો નહિ, મેં તારા કાનની પાસે મોઢું લાવીને માત્ર કહ્યું:'માલા!' તેં માત્ર કહ્યું:'હં' – એમાં કશું સાંભળવાની અધીરાઈ નહોતી. ત્રણ કાળની બહાર છટકી નાસેલો એ નાનો સરખો ઉદ્‌ગાર તને ને આપણા પ્રેમને કેવો તો અસીમ બનાવી દેતો હતો!

## ૧૯

થોડુંક ગાઢ અરણ્ય, થોડી હિંસકતા કદાચ દરેક સ્ત્રી ઝંખે છે. વૈદર્ભીની જેમ દરેક નારી પુરુષની પ્રબળ વાસનાના ગાઢ અરણ્યમાં એકાદ વાર તો ભૂલી પડવા ઇચ્છે છે. કર્કોટકના જેવી એ વાસના એને ગળી જાય એવી ક્ષણ પણ આવી જાય છે; મોહનિદ્રામાં એનું અર્ધું વસ્ત્ર પણ હરાઈ જાય છે. પણ માલા, એકાન્તનું પણ અરણ્ય હોય છે, કદાચ વાસનાથી વધુ ગાઢું; શૂન્યને દાંત હોય છે, કદાચ વધુ ઝેરી. કોઈક વાર 'હં' જેવા નાના ઉદ્‌ગાર માત્રથી એમાંથી ઊગરી જવાય છે.

જુહુને કાંઠે ધૂંધળી સાંજના ઝાંખા અન્ધકારમાં તું તારી આકૃતિની વિશિષ્ટતાનો લગભગ લોપ કરીને ચાલતી હતી. એકાએક વધુ ભીની રેતીમાં પગ ઊંડે ઊતરી જવાથી તેં મારા હાથનો આધાર લીધો હતો, પછી થોડી વાર સુધી તું મારો હાથ પકડીને જ ચાલી હતી. તું કશુંક બોલ્યે જતી હતી. એ શબ્દોને હું ઝીલવા જેટલો પણ સભાન થવા ઇચ્છતો જ નહોતો; ને છતાં હું જાણતો હતો કે એ સાંજનું ધૂંધળાપણું, સમુદ્રનું ગર્જન,નારિયેળીનો પર્ણમર્મર – આ બધાંની આડશે તું જે કહી રહી હતી તે સાવ પ્રાસંગિક તો નહોતું જ, એ છતાં એને લોભથી મારે સાંભળવું નહોતું. કદાચ તેં બીજી ક્ષણે કશુંક પૂછ્યું હોત તો એનો જવાબ હું આપી શક્યો ન હોત. એ રીતે પકડાઈ જવાનું પણ મને ગમ્યું હોત. પણ તું કદાચ તારી જોડે જ વાત કરી રહી હતી. હું તો કેવળ નિમિત્તરૂપ હતો. પણ લીલા કહે છે કે આ જ મારી ભૂલ છે. ખરે પ્રસંગે જ અનુપસ્થિત રહેવાનો મારો સ્વભાવ જ આ બધાં માટે જવાબદાર છે. માટે જ તો આજે આપણા પ્રેમને સાથે છાપરું નથી, બંધ બારણાં પાછળનું વિશ્રમ્ભપૂર્વકનું એકાન્ત નથી, એનો અન્ધકાર પણ એનો

પોતાનો નથી. હું ચિડાઈને કહું છું; 'નથી, નથી, નથી. વારુ, પછી શું?' એ હસીને કહે છે: 'નથી પછી તો આવે પૂર્ણવિરામ, એટલે કે શૂન્ય!' હું કહું છું: 'પૂર્ણવિરામ જ શા માટે? પ્રશ્નાર્થ પણ આવે.' એ હસીને કહે છે: 'વ્યાકરણનું જ્ઞાન હંમેશાં પ્રેમને ઉપકારક નીવડતું નથી.' હું સ્વસ્થ હોવાનો ડોળ કરવાને કારણે જ કંઈક બરડ ને કર્કશ અવાજે કહું છું: 'આ પ્રેમ તે શી બલા છે? એકની પાછળ બીજાને ખેંચ્યા કરવાની (ને મહત્ત્વાકાંક્ષા તો જન્મોજન્મ સુધી ખેંચવાની!) ને ખેંચાખેંચીનું સામાજિક પ્રદર્શન કરવાની દાનત છતાં બહારથી એને અત્યન્ત ગુપ્ત રાખવાની બાલિશ રમત કે બીજું કાંઈ?' આ સાંભળીને લીલા જાણે પ્રાણીબાગના કોઈ વિલક્ષણ પ્રાણીને જોતી હોય તેમ મારી સામે જોઈ રહે છે. કદાચ એના મુખ પર આછી વેદનાનો ભાવ છે. એ મને જાણે ઢંઢોળીને જગાડતી હોય તેમ મારા બંને ખભા હલાવી મૂકે છે. જોઉં છું તો એની આંખનાં અણિયાળાં ભીનાં છે. મને જાણે આટલાથી સન્તોષ ન થયો હોય તેમ હું આગળ ચલાવું છું: 'પ્રેમની પાછળ જ પીછો પકડીને દોડતી હોય છે ઈર્ષ્યા, ને જોતજોતાંમાં ઈર્ષ્યાના આંધળા કૂવામાં પટકીને પ્રેમ મરવા પડે છે.'

# ૨૦

તારી બાલ્યવયની ક્રીડાસંગિની ઢીંગલી મારી સાથે છે. લાલ પડદામાંથી ચળાઈને આવતો તડકો એના પર પડે છે ત્યારે મોઢામાંથી લોહી વહી જતું હોય એવું લાગે છે. છતાં એના મુખ પરનું શાશ્વત હાસ્ય તો એમનું એમ જ છે. તેં જો એની આ અવસ્થા જોઈ હોત તો એ ઢીંગલીને ઊંચકીને તરત છાતીસરસી ચાંપી દીધી હોત. પણ કેટલીક વાર હું વિચાર કરું છું: રિલ્કેએ કહ્યું છે તેમ મારી શિરામાં વહેતા લોહીથી મારી આજુબાજુનો અન્ધકાર પણ લાલચટ્ટક થઈ જાય છે તે તેં જોયું છે ખરું?

હવે સૂર્ય ખસ્યો છે, ઢીંગલી સોનેરી હાસ્ય વેરે છે. જાણે એ કોઈ અદ્ભુત લોકોની વાત કરી રહી છે. બારીમાંથી ડોકિયું કરીને સાંભળતો પવન એ સાંભળીને ડોલે છે, પડછાયાઓ પણ હોંકારો પૂરતા ડોલે છે. બપોરે તડકો ઘરમાંથી બધી વસ્તુઓને ચળકાવે છે ત્યારે ઢીંગલી જાણે રાણીની અદાથી દરબાર ભરીને બેઠી હોય એવું લાગે છે. બપોરની નિસ્તબ્ધતા એ જાણે ઢીંગલીની જ અસ્ખલિત વાણી છે. સૂર્ય દૂરથી એને કાન માંડીને સાંભળી રહ્યો છે. મારી બપોરની ચંચલ નિદ્રાના છીછરા પટને આ નિસ્તબ્ધતા છલકાવી દે છે.

નમતા પહોરે પડછાયાઓ લંબાય છે. અરેબિયન નાઇટ્સના બધા જીન બહાર નીકળી આવે છે. પરીઓનું ટોળું બિચારી ઢીંગલીને એકલી મૂકી કોણ જાણે ક્યાં લપાઈ જાય છે. રાક્ષસોની આંખની પાંપણની વચ્ચે નાની કણીની જેમ ઢીંગલી ઢંકાઈ જાય છે. પછી અન્ધકાર વધે છે. ઢીંગલીનો આકાર સાવ ભુંસાઈ જાય છે. હું દીવો કરું છું. વળી શાહી દમામથી ઢીંગલી દરબાર ભરે છે. ચન્દ્રની ચાંદની ખણ્ડણી ભરવા આવે છે. અન્ધકારને

હદપાર કર્યો છે. પવન પહેરો ભરે છે. તારાઓ અલકમલકની વાતો કરે છે. મારી રાતની નિદ્રાના ઊંડાણમાં કોઈ પરવાળાનો બેટ રચાઈ જાય છે ને ત્યાં ઢીંગલી રાજસિંહાસને બેઠી છે, મારું ધબકતું હૃદય તે જાણે દૂરથી દોડ્યા આવતા રાજકુમારના ઘોડાના ડાબલા છે. એ દૂરથી આવે છે, બહુ દૂરથી. બસ પછી એ બંનેનું મિલન થયું કે નહિ. શરણાઈ બજી કે નહિ – કોણ જાણે! એક શૂન્યના આવર્તમાં બધું ક્યાંનું ક્યાં ઘસડાઈ જાય છે!

આ શૂન્યનો એકાદ બુદ્‌બુદ્ તારી આંખમાં આંસુ બનીને કોઈક વાર ચમકે છે ખરો? બધાંની જ ગુપ્ત વાતને દિશાએ દિશાએ જાહેર કરતો પવન મારી એકાદ વાત તારા કાનમાં આજ સુધી કહી ગયો છે ખરો? કે પછી વીતેલાં વર્ષોના પુંજ વચ્ચે ઢીંગલીનો ભંગાર જોતી જ તું કેવળ બેસી રહી છે?

મારું કૃશકાય સુખ હવે એના મુખ પરનું હાસ્ય પણ લગભગ ખોવા બેઠું છે. હું એનો વિલાપ તારી આગળ કરતો નથી, કારણ કે આજ સુધી તેં મારા સુખને જોવા જેટલી તારી વેદનાને અળગી કરી હોય એમ મને લાગતું નથી.

# ૨૧

તો અમલ પરણશે? કોણ છે એ સ્વાતિ? મેં એને જોઈ છે ખરી? લીલા મને તારી ચિન્તા કરવાનું કહે છે. અમલના આ નિર્ણયથી તને દુ:ખ થયું હશે તે જાણું છું. એ દુ:ખ જોડે તું થોડું એકાન્ત સેવે તે જરૂરી છે. લીલા એ સમજતી નથી. આપણે બધું સહજ રાખવા મથીએ છીએ જેથી ક્યાંય કશું તંગ નહિ બને, પણ સહજ રહેવાના આ પ્રયત્નોનો જ શ્રમ આપણને કેવો થકવી નાખે છે! મને અમલ માટે સદ્ભાવ છે – પરાણે કેળવેલો નહીં, પણ સાચો. તારું એના તરફનું અનુકૂળ વલણ જાણીને મને દુ:ખ થયું હતું, પણ હૃદયની સાચી પ્રાર્થના તો આ જ હતી: અમલના પ્રેમમાં તને બધું જ પ્રાપ્ત થાઓ. પણ સાથે એય હું જાણતો હતો કે અમલ મને તિરસ્કારે એ તને રુચતું નહોતું ને છતાં તું અમલથી સહેજ પણ અળગી થવા ઇચ્છતી નહોતી. ને અરુણ? ઘણી વાર તું અરુણનાં વખાણ કરતાં થાકતી નથી. જો તને એથી સુખ થતું હોય તો મને એનો કશો વાંધો નથી. પણ તું મારા પર રોષે ભરાય છે: 'તમે તો જાણે કોઈ વાર્તાના પાત્રને તપાસતા હો તેમ બધાંને તપાસો છો; ને એ બધું પૃથક્કરણ સાચું જ હોય છે? માનવતાને કોરે મૂકીને –' હું તને બહુ નિષ્ઠુર લાગું છું. આથી જ તો તારી આજ્ઞા પછી હું તને અમલ વિશે નથી પૂછતો, અરુણ વિશે નથી પૂછતો. પણ માલા, તારા પત્રમાંથી આ પંક્તિઓનો શો અર્થ કરવો? 'મ્લાન ચન્દ્રને તાકી રહેવાનું મને ગમે છે કારણ કે હું પણ વેદનાથી મ્લાન થતી જાઉં છું. બાળપણમાં સંતાકૂકડી રમતાં ત્યારે 'એન ઘેન દીવા ઘેન તારા મનમાં કોણ?' એના જવાબમાં તું મારું જ નામ દઈ દેતો, ને કેટલી બધી વાર એ ખોટું પડતું? શું તું મારા સ્પર્શને ઓળખતો નહોતો? પણ કદાચ સ્પર્શને જુદા પાડીને ઓળખવાની એ વય નહોતી. પણ એક પાનખરે પાંદડાં ખરી ગયા પછી વસન્તનું આગમન થતાં આપણા

સમ્બન્ધનું નામ પાડીને તેં મારા કાનમાં કહી દીધું. બસ, ત્યારથી આંસુના સાત સાત ખારા સમુદ્રમાં હું મીઠાની પૂતળીની જેમ ઓગળતી જાઉં છું.'

એ સાત સાગર ઉલેચી નાખવાનું મારું ગજું નથી; પણ તને આપણી વચ્ચે સાત સાગરનું અન્તર જ પસંદ હોય તો સાત સાગરની ભરતીના ઉધામા પણ તારે સહન કરવા પડશે. એ સાગરના જુવાળ એની ઉન્મત્તતાથી તને સ્પર્શે ત્યારે એમાં મારી ઉન્મત્તતાનો સ્પર્શ પણ રહ્યો હશે. આંસુનું સરોવર બને, પણ તને સાત સાગરના કોડ છે. એમાં હું વડવાનલ થઈને સળગી ઊઠું તો?

# ૨૨

ના, મેં તને સ્ટેશને જોવાની આશા નહોતી રાખી. મેં તો કદાચ મારા આવવાની તને ખબર પણ આપી નહિ હોય, પણ લીલા, એ મને સ્ટેશને મળી. જાણે હું બહુ દુ:ખમાં હોઉં તેમ મને ખૂબ હસાવવાનો પ્રયત્ન કરવા લાગી. ખરેખર મારી આવી દયાજનક સ્થિતિ થઈ ગઈ છે? હું તો હંમેશની જેમ તારે ઘરે આવી ચઢ્યો હોત પણ હવે શક્ય નથી, આપણી વચ્ચે આ અમલના લગ્નની ઘટનાએ એક પરોક્ષતાનો અન્તરાય ખડો કરી દીધો છે. એની જવાબદારી મારી નથી એમ કહું તો તેથી એને ભોગવવામાંથી હું છટકી જઈ શકવાનો નથી.

આ દરમિયાન મને મારી એક નબળી કૃતિ માટે લોકોએ ઝાઝી કીતિર્ આપી છે. હું કીતિથી મૂંઝાતો નથી, એ પરત્વે હું બને ત્યાં સુધી ઉદાસીન રહું છું; કોઈક વાર કીતિર્એ રચેલો ઘોંઘાટ મને અકળાવી મૂકે છે. એ તારી ને મારી વચ્ચે અન્તર તો નહિ રચી દે ને? બધાંને મન ચળકતા નામની બહુ કિંમત હોય છે. પણ તે દિવસે આપણે સાથે મળીને મારું નામ દાટી નહોતું દીધું? તું કહેતી હતી: ‘હવે હું એને મારાં આંસુ સીંચીને ફરીથી પલ્લવિત કરીશ.’ ત્યારે મેં કહેલું, ‘એ માટેનાં આંસુની વ્યવસ્થા મારે જ કરી આપવાની રહેશે?’ તેં જવાબમાં કહેલું: ‘પોતાને ખાતર આંસુ સારતી એકાદ સ્ત્રી હોય તો જ પુરુષને પોતાની જંદિગી સાર્થક થઈ લાગે છે.’ પણ માલા, આ તો ભયંકર અન્યાય નથી? તારા મુખ પર મારો હાથ ફેરવી ફેરવીને મેં તને કહ્યું હતું: ‘જો, હવે મેં તારું મુખ સાવ નવું કરી નાખ્યું છે. હવે એ પહેલાંની માલા નથી.’ ત્યારે તેં સુખથી કહ્યું હતું: ‘હા, આ પહેલાંની ને હવેની – આ બે વચ્ચેના ભેદની રેખા પણ તું ભૂંસી નાખશે ને?’ મેં મારા

સ્પર્શથી તને એનો જવાબ વાળ્યો હતો, કારણ કે શબ્દો ભુલાઈ જાય છે, સ્પર્શ હૃદયના ધબકારામાં જઈને ભળે છે, આંખની જ્યોતમાં ચમકે છે.

માલા, તું તો જાણે છે કે મને કીતિર્માં રસ નથી. એક સાથે જુદાં જુદાં બે વ્યક્તિત્વ લઈને જીવવું કપરું છે. એમાંનું એક તો તારામાં અભિન્ન બનીને ભળી જાય તો બીજું તો હું સંભાળી લઈ શકું. હા, આટલો લોભ મને સદા રહ્યો છે. પણ જે તને ને મને ઓળખતા નથી તે મને એમ કહે છે કે તું મારી કીતિર્ને કારણે મારા તરફ વળી છે. દરેક કીતિર્ને અપકીતિની પડછાયો હોય જ છે.

પણ તારી પાસે તો હું મારું નામ સુધ્ધાં ખંખેરી નાખીને આવું છું. તું આપણી વચ્ચે સદા આછો સરખો અન્તરાય રાખીને જ મને મળે છે. કદાચ મારી વેદનાનો ઉત્તાપ જ એ અન્તરાયને ઓગાળી નાખે એમ તું ઇચ્છતી હશે. પણ આ અનિવાર્ય છે? આપણો પ્રેમ પ્રશ્નમુખર છે. તું તરત મને સુધારીને કહેશેઃ ‘આપણો નહીં, તારો.’ હું પણ કહીશઃ ‘ને તારો મૌનમુખર, ખરું ને?’

# ૨૩

તું આવી ઉતાવળમાં ને ઉતાવળમાં. તું મારી સાથે વાતો કરતી હતી પણ તારું મન ચંચળ હતું. તેં એકાએક મને કહ્યું: ‘મારે સમર્પણ કરવું છે, તું સ્વીકારશે ને?’ પણ રખેને હું જલદી જવાબ આપી દઉં એ બીકે, મને જવાબ આપવાનો સમય જ ન રહે એટલી ત્વરાથી, તું જ બોલી ઊઠી: ‘એ તો બધું નિરાતે થઈ રહેશે. આખી જંદિગી પડી છે. પણ હમણાં તું ઝાઝી રોકીશ નહિ. મારે દસ મિનિટમાં જ અહીંથી જવું છે.’ મારે પૂછવું નહોતું તોય પુછાઈ ગયું: ‘ક્યાં?’ એટલે તેં કૃત્રિમ રોષથી કહ્યું: ‘વાહ, જાણે મેં સમર્પણ કરી દીધું જ હોય તેમ તું તો –’ પછી તરત બોલી: ‘અમલને મળવા.’ ઘડીભર હું કશું બોલી શક્યો નહિ. આથી જાણે વિશેષ જરૂરી માહિતી ઉમેરતી હોય તેમ તું બોલી: ‘મેં જ એને મળવા બોલાવ્યો છે ને ન જાઉં તો –’ તારા ‘તો’થી કપાઈ જતાં વાક્યો હું ધૂંધવાઈને સાંભળી રહ્યો. પછી તું ઘણું બધું બોલી ગઈ, પણ તે જાણે મૂળ વાતને ઢાંકવાનો મરણિયો પ્રયત્ન કરતી હોય તેમ. હું સાંભળ્યે ગયો. પણ મને એમાંનો એક પણ અક્ષર યાદ નથી; કારણ કે મનમાં ને મનમાં હું તને કહી રહ્યો હતો: ‘આ જ તો છે આપણી નિયતિ. તું ત્રિજ્યા બનીને દૂર દૂર વિસ્તરે પણ આખરે મારી પાસે આવે છે, કારણ મારી બહાર તારું કેન્દ્ર નથી. માલા, કેન્દ્ર તો દૂર સુધી વિસ્તરવાને માટે જરૂરી એવું દૃઢ બિન્દુ છે, કેન્દ્ર વિસ્તરી શકે નહીં. જો આ જ નિયતિ હોય તો તારા આ ભ્રમણને જોઈ રહ્યા સિવાય બીજું હું શું કરી શકું? માલા, તું સ્વતન્ત્ર છે. કારણ કે હું પરતન્ત્ર છું. પણ જ્યારે દૂર સુધી વિસ્તરીને તું પાછી આવે છે ત્યારે એક નવી વેદના લઈને આવે છે. એ ભાર સંચિત કરવાને જ જાણે તું દૂર સુધી ભ્રમણ કરતી ન હોય!’ પણ હું તને કશું કહેતો નથી. થોડી વાર પછી તું તારા બે હાથ વડે મારી આંખો દાબી દે છે, તારી જૂની ટેવ પ્રમાણે કાનમાં કશોક અસ્પષ્ટ

શબ્દ ઉચ્ચારે છે ને હું આંખો પૂરી ખોલું તે પહેલાં તો લોપ થઈ ગઈ હોય છે. તારી વેણીમાંના ગુલાબની બેચાર ખરી પડેલી પાંદડીઓ અહીંતહીં વિખરાયેલી પડી છે. હું એને એકઠી કરતો નથી.

તેજાબથી ધાતુને કોરીને જાણે કોઈ શિલ્પ તૈયાર કરી રહ્યું છે. મને કહેવામાં આવ્યું છે કે આ શિલ્પ અભૂતપૂર્વ હશે. અત્યારે તો હું જલદ તેજાબને સહી રહ્યો છું. એનો લીલા રંગનો અગ્નિ મારી શિરાએ શિરાએ દઝાડે છે. આથી જ તો હું તને કશું કહેતો નથી. આ ઋતુની ધૂસરતા મને સદે છે. કોઈક વેદનાથી ભડકીને દરમાં ભરાઈ જાય છે, મને ત્યારે કણકણ બનીને વિખેરાઈ જવાની ટેવ છે. આ ખરતાં પાંદડાંઓની સાથે, ચકરડી ભમરડી રમતા પવનની સાથે, દિશાઓને ધૂંધળી કરી નાખતા ધુમ્મસની આડશે હું વિખેરાતો જાઉં છું.

# ૨૪

કોઈ વ્યક્ત કરીકરીનેય કેટલું કરી શકે? આથી જો મર્મ સમજતાં આવડે તો મૌન જ સમર્થ અભિવ્યક્તિ છે. તું કંઈક એવું જ માનતી લાગે છે. પણ તારી વાત મને સાચી લાગતી નથી. જે કહેવાતું જ નથી, કહેવાના પ્રયત્ન નિમિત્તે જેને સરખો આકાર પણ મળતો નથી. તેનું અસ્તિત્વ જ ક્યાં સિદ્ધ થાય છે? આપણું કાર્ય અને આપણી અભિવ્યક્તિ – બન્ને સમાન્તર ચાલ્યાં કરે છે. પણ બંને વચ્ચેનું સામંજસ્ય તો વિરલ જ છે, માટે તો આ બધી વેદના છે. આપણો પ્રેમ આપણાથી વધારે બૃહત્ છે, એથી આપણા વ્યક્તિત્વની કોર ખણ્ડિત થાય છે, ને આપણે વેદના અનુભવીએ છીએ. પણ વેદના અનુભવવાની સાથે જ આપણા પ્રેમની બૃહત્-તાને પણ અનુભવીએ છીએ. ઘણાં એવા છે કે વેદના સહી ન શકવાને કારણે પ્રેમને સંકોચે છૈ.

આ બધું સાચું છે? કેટલીક વાર તો એમ લાગે છે કે સાચી છે માત્ર ક્ષણ. એની સચ્ચાઈને એ ક્ષણની બહાર લંબાવવાનો લોભ જ વેદનાનું કારણ બનતો નથી? લીલા તો એમ જ માને છે! પણ કદાચ એ લીલાનો છદ્મવેશ, પડછાયા પણ પ્રવાહી બનીને આપણને સાંકળે છે તો આપણી એક ક્ષણ અને બીજી ક્ષણને જોડનાર કશું જ નથી? મરણ પણ નથી?

પણ ક્ષણનો મહિમા હું નકારતો નથી. ગઈ કાલની જ વાત; આપણને ખબર નહોતી ને છતાં આપણી જ પાછળ આપણા આગામી વિરહનો પડછાયો નહોતો ઊભો? જે અશરીરી છે તેના પર આપણું નિયન્ત્રણ નથી. આથી જ તો વિરહ ગમે તેટલે દૂરથી દોડીને આપણી વચ્ચે આવીને ઊભો રહી જાય છે; આંગળીઓમાં ગૂંથેલી આંગળીઓ વચ્ચે આવીને એ સહેજ સરખા ખાલી અવકાશના આશ્રયે વિસ્તરવા માંડે છે. હું વાંચતો

હતો, પણ મારા વાક્યના શબ્દેશબ્દ વચ્ચેનું અન્તર વધતું જ ગયું ને આખરે મને ખબર ન પડી કે ક્યારે મારા શબ્દો કેવળ આછા શા ઉદ્‌ગારની બાષ્પ બનીને વિખેરાઈ ગયા, ક્યારે તારી નિષ્પલક આંખોમાં ઘેરી ઉદાસી ઘેરાઈ આવી ને જ્યારે કશુંક બોલવા મથતા તારા હોઠને મેં ચૂમી લીધા ત્યારે એ ઉદાસી મારા ગાલ પર એનો પહેલો પ્રવાહી અક્ષર પાડી ગઈ. પછી બધું જ ભારે ભારે લાગવા માંડ્યું – બધી ક્ષણો, સૂર્ય, પવન, અવાજ. કદાચ એ ભારને ઉપાડવો ન પડે એટલા ખાતર જ આપણે શૂન્યને ઝંખીએ છીએ. પણ કદાચ શૂન્યના કેન્દ્રમાં પણ વજન રહ્યું હોય છે; જો એ નહિ હોત તો એને નવું નામ આપવાની જરૂર ન રહી હોત; તો શૂન્યમાં આપણે તરી શકતા હોત પણ શૂન્યમાં તરવાનું શક્ય નથી, ડૂબવાનું જ શક્ય છે. આથી નાના સરખા કાર્યનો આધાર લઈને આપણે તરવા મથીએ છીએ; એકાદ કવિતાની પંક્તિ, થોડીક રેખાઓ પણ મને તારાથી દૂર ને દૂર વહાવી નહીં લઈ જાય ને? આથી ઘણી વાર કલમ થંભી જાય છે, ધીમે ધીમે મૌન ઝમે છે, હું ડૂબું છું.

## ૨૫

તું રોષે ભરાઈ છે. આપણો પ્રેમ ગુહ્ય રહે એમાં જ એની પવિત્રતા છે એમ તું માને છે. તો શું એની પવિત્રતા એટલી બધી વહાલી છે કે એને ખાતર પ્રેમને જ રૂંધીને ગૂંગળાવી મારીએ? પણ આ પ્રશ્ન હું તને પૂછતો નથી. તારી આગળ, તારા રોષ આગળ તો હું અપરાધીની જેમ બેસી રહું છું. હું જાણું છું: One who loves is inferior and must suffer. મારા કાનમાં આ વાક્યના પડઘા પડે છે ને આખરે એક સ્થિતિ એવી આવે છે કે love અને suffer એ બે શબ્દના પડઘા એકબીજામાં એવા તો ગૂંચવાઈ જાય છે કે બંનેને એકબીજાથી જુદા પાડવાનું શક્ય નથી રહેતું. પણ કોઈ વાર તને એમ નથી લાગતું કે આ પ્રેમને ગુહ્ય રાખવાનો તારો આગ્રહ તારી જ કશીક ભીતિમાંથી જ નથી જન્મતો ને? એ પ્રેમ પ્રકટ થઈને જે રૂપે દેખા દે તે રૂપે કદાચ તું એને સહી લઈ શકે કે કેમ એની મને શંકા છે. માલા, પ્રેમની આજુબાજુ જ શંકા, ભય, વેદના કાંઈ કેટલું ઘૂમ્યા જ કરતું હોય છે. એ બધા અનિષ્ટ ગ્રહોની છાયાથી પ્રેમનું ગ્રહણ થયા જ કરતું હોય છે. આથી પ્રેમની પૂરી કાન્તિ ખીલી ઊઠતી નથી. એ જો ખીલી ઊઠે તો એને જોવાનું સૌભાગ્ય જ બધાં અનિષ્ટોને વ્યર્થ કરી મૂકે. ખરું સૌભાગ્ય કપાળમાંનું સૌભાગ્યતિલક નથી, ગળામાંનું મંગલસૂત્ર નથી, પણ પોતાના પ્રેમનું સોળે કળાએ દર્શન પામવું એ છે.

પણ આમાંનું કશું હું તને કહેતો નથી. કારણ કે મને પ્રતીતિ છે કે આપણો પ્રેમ આપણી આગળ તો ગુહ્ય નથી. કદાચ એ પૂરેપૂરો પ્રકટ નથી થયો, પણ એનું કારણ તો એ છે કે એ બૃહત્ છે. જે બૃહત્ છે તે કદી પૂરેપૂરું પ્રકટ થતું નથી. માટે એનો અપ્રકટ અંશ જ એનું રહસ્ય છે, ને એ રહસ્ય જ આપણી વેદનાનું આલમ્બન બની રહે છે.

પણ માલા, કૃતાર્થતાનો એક સાચો ઉદ્ગાર આ બધી મારી મીમાંસાને મિથ્યા બનાવી દેવાને પૂરતો છે, કેટલીક વાર અરુણ કહે છે તે મને સાચું લાગે છે, અરુણ માને છે પ્રાપ્તિમાં, વ્યાપ્તિમાં નહીં. પ્રાપ્તિ ભલે મૂઠીની પકડ જેટલી સાંકડી હોય, એમાં દૃઢતા છે, નિશ્ચિતતા છે. પણ વ્યાપ્તિમાં કેટલા બધા અન્તરનો સરવાળો કરવો પડતો હોય છે? એ એક પણ ભૂલ વિના આપણે કરી શકીએ? આથી જ તો તું કોઈ વાર અકળાઈને બોલી ઊઠે છે: ‘તેં મારી જંદિગીને અનિશ્ચિતતાના વમળમાં ખેંચી આણી છે. એમાં ગતિ છે, પણ તે આંધળી છે. એનું કશું લક્ષ્ય નથી.’ નિશ્ચિત લક્ષ્યની સીધી રેખા એ જ ગતિ છે એ આપણો એક ભ્રમ નથી? એની નિશ્ચિતતા જ ગતિનો છેદ ઉડાવી દે એ સાચું નથી? આપણે સૌ પ્રેમ વિના અનિશ્ચિત છીએ, પ્રેમ વડે જે નિશ્ચિતતા મળે તે જ શું. આપણને ઇષ્ટ નથી?

# ૨૬

ખીલેલાં ફૂલ, ભૂરું આકાશ, સોનેરી તડકો, બદામી ધૂળ ને પણે રંગબેરંગી વસ્ત્રો પહેરીને કામ કરતી મજૂરણો – લાગે છે કે જાણે કેટલા બધા દેવ અહીં ફરવા નીકળ્યા છે. દેવ એકદમ ઓળખાતા નથી. હજાર વર્ષનાં તપ પછી એમને જોવાની દૃષ્ટિ ઊઘડે છે. આથી એમના નિશ્ચિત આકારોની આછી રંગમય રેખાઓ જ અહીંતહીં કદિક દેખાઈ જાય છે, આ રંગની માયાની પડછે જ કશુંક અશ્રુત સંગીત રણકી રહે છે. આ જ તો છે માયા. હું એ જોતો જોતો ક્યારે અન્યમનસ્ક થઈ ગયો, ક્યારે લીલા આવી, ક્યારે એણે પાછળથી મારી આંખ દાબી દીધી – હું કશું જ જાણતો નથી. લીલા ઉચિત-અનુચિતની સીમારેખા વચ્ચે ચાલતી નથી. જે અર્ધપારદર્શી છે તેને રેખાથી બાંધીને આપણા પૂરતું સ્પષ્ટ કરી લેવું પડે. પણ લીલાને એની જરૂર નથી. એણે બે હાથે મારા વાળ વિખેરી નાખ્યા, મારું નાક ચપટીમાં દબાવી દીધું, ને એના બે હાથે મારું મોઢું એની તરફ ફેરવ્યું, કાન આગળ હોઠ લાવીને જાણે કશોક મન્ત્ર ભણતી હોય તેમ કશુંક બોલી – કદાચ એ કશું બોલી નહોતી. પણ એ મન્ત્રથી મારી સામેની માયા અદૃશ્ય થઈ ગઈ, દેવ જતા રહ્યા; પણ એક બીજી જ માયા મારી સામે સાક્ષાત્ ઊભી રહી ગઈ. લીલા વિશે કશું વિચારતો નથી, એ સ્મૃતિનો ભાર બનીને પણ મારા ચિત્તમાં રહેતી નથી. દરેક વ્યક્તિ એના પોતાના અસ્તિ–નાસ્તિ ના સન્તુલનમાંથી પ્રકટે છે. કોઈકમાં નાસ્તિનો ભાર વધારે વરતાય છે. એના વજનની સામે આપણી વેદનાનું, આપણાં આંસુનું ને એ કશું જ ન જડે તો આપણા મરણના થોડા ખણ્ડનું વજન ઉમેરીને આપણે સમતુલા જાળવવી પડે છે. પણ લીલા! જાણે એના અસ્તિ વડે જ એના નાસ્તિનો સમૂળો છેદ ઊડી ગયો છે. એને તુલા જાળવવાની જ નથી. આથી એ છે એમ કહેવું તે પણ નાહકનો ભાર લાગે.

એક ક્ષણથી વધારે મોટું સમયનું પરિમાણ એ માગતી નથી, આથી જ તો હું એને માયા કહું છું. થોડી વેદના, થોડું શૂન્ય આપણને આ સંસારમાં સાચાં બનાવવાને જરૂરી છે. એમ તો એની આંખમાંય આંસુ ઝમે છે. પણ એ જાણે ક્યાંકથી આવીને પડેલું ફોરું – એ આનન્દનું પણ હોય. આંસુ જોડે સમ્બન્ધ સાંધવા જેટલી વેદના એની પાસે નથી.

ને તું? તારી માયાને તું વિસ્તારતી નથી. અરે, તને ઢાંકવા પૂરતી પણ તારી માયાને તું બહાર કાઢતી નથી. પણ માયાનો સ્વભાવ જ પ્રકટ થઈને ભ્રાન્તિ ઊભી કરવાનો છે. સત્યની મોહકતા એના પર પડતી ભ્રાન્તિની છાયાને લીધે હોય છે. આથી જ તો હું તારું સત્ય અને તારી ભ્રાન્તિ – બંનેને જોડાજોડ મૂકીને જોવા ઇચ્છું છું. તને મોહકરૂપે જોવા ઇચ્છું છું.

# ૨૭

મનમાં સહેજ સંકોચ તો છે જ. ગઈ કાલની વાત તને યાદ કરાવીને મારે તને મૂઝવવી નહિ જોઈએ, ખરું ને? પણ મારે મન તો એ ખૂબ ખૂબ સુખની ઘટના છે, એટલે એને ફરી ઘૂંટવા પૂરતી પણ અહીં ફરી યાદ કરું છું. આપણે વાત કરતાં હતાં, સામાન્ય વાતો. ઘણી વાર સામાન્ય વાતના પ્રવાહની નીચે જ પ્રચ્છન્નપણે બીજો પ્રવાહ વહેતો હોય છે. એવું પણ કશું નહોતું. ને એકાએક મેં જોયું તો વાતનો દોર તૂટી ગયો છે – અથવા તો તારા સિવાયની કોઈ ત્રીજી જ વ્યક્તિએ એ વાતનો દોર પોતાના હાથમાં લઈ લીધો છે. પણ એ તું નથી એમ પણ મારાથી કહી શકાતું નથી. પણ શબ્દો એકદમ હળવા બની ગયા, આંખો પતંગિયાની જેમ ઊડવા લાગી, હાસ્યની પાંખડીઓ ઊડી ઊડીને મને વળગવા લાગી – ને તારી કાયામાંથી જાણે સ્પર્શનો સાગર રેલાયો – એમાં ડૂબવાનું કેવું સુખ! અનુતાપ નહીં, આક્રોશ નહીં, દરેક વખતે હોય છે એવું મૌન પણ નહીં. આનન્દના નાના નાના બુદ્બુદ્, એમાં ઝીલાતા સાત રંગની લીલા. હું સ્તબ્ધ થઈ ગયો. હું એકાદ શબ્દ સરખો બોલ્યો હોત તો કદાચ બધું અસ્તવ્યસ્ત થઈ ગયું હોત. આથી હું અવાક્ થઈ ગયો. ને તું બોલ્યે જ ગઈ. એ શબ્દો પણ હળવા, પારદર્શી અને ટકી રહેવાનો લોભ નહીં. એ બધાને ઝીલીને સાચવી રાખવાની પણ વૃત્તિ નહીં. એ સ્થિતિ બદલાય, વાતાવરણમાં પરિવર્તન થાય તે પહેલાં જ હું ચાલ્યો આવ્યો. તારી આંખમાં સહેજ મ્લાનતા દેખાઈ એ પણ મને ગમી. પણ તારી ને મારી વચ્ચે આખું વિશ્વ મૂકી દેવાની ત્યારે મને ઇચ્છા થઈ, વિચ્છેદ રચવા માટે નહીં. એ વિશ્વ પણ પારદર્શી બની જાય, મારી દૃષ્ટિ કશા અન્તરાય વિના એ વિશ્વ વચ્ચે થઈને પણ તને જોઈ શકે એની પ્રતીતિ કરવા.

પણ એથી જ તો આજે તને મળવાની મારી હિંમત ચાલતી નથી. કદાચ હું જેને મળવા ઝંખું છું તે આજે નહિ હોય, એને સ્થાને જે હોય તે પણ મારી નથી એવું તો થોડું જ છે? પણ હૃદયમાં પક્ષપાત કરવાનો અવગુણ છે એ સ્વીકારવું જ રહ્યું. તું કોઈ વાર કશુંય નહીં લખવાનું આવું કારણ આપે છે, 'હું અત્યારે લખું ને પછી મારા વિચાર બદલાઈ જાય તો?' આથી તું લખતી નથી, બોલે છે પણ જાળવી જાળવીને, અરે એક નાનો શો ઉદ્ગાર કાઢવામાંય તું ઘણી વાર કેટલી બધી સાવધ રહે છે. પણ તને ખબર છે? તારી એ સાવધ રહેવાની પ્રવૃત્તિ જ મારે માટે કેવી તો મોહક બની રહે છે! આથી એનાથી હું બહુ અકળાઈ જતો નથી. છતાં તું બોલે ને બોલ્યા પછી પરવશ થઈ ગયાનું ભાન થતાં વળી સ્વતન્ત્ર થવા બમણા આવેગથી માથું ઊંચકે, એનો આઘાત આપણને બંનેને લાગે, વળી કળ વળે, વળી થોડું સુખ, આશા, ભ્રાન્તિ.

# ૨૮

ગઈ કાલથી સહેજ તાવ છે. કદાચ રાતે વધ્યો હશે. કોણ જાણે કેમ રહી રહીને પેલી રિલ્કેની પંક્તિ યાદ આવ્યા કરે છે: તું આંખો બીડીને સૂતી છે, અણજાણપણે તારો હાથ મારા હાથમાં આવીને પડ્યો છે, જાણે ગુલાબ! તાવની ગરમીના વિસ્તાર જેટલી જ મારી દુનિયા થઈ ગઈ છે. આંખ પદાર્થોને જોવા નહીં, પણ કેવળ બિડાઈ નહીં જાય એટલા ખાતર ખુલ્લી રહે છે. આખો ઓરડો સાવધ થઈ ગયો છે. સમય ચોર પગલે ચાલે છે. બહારથી તડકો બીતો બીતો અંદર આવે છે. ઓરડીમાંની શાન્તિ જાણે એને ગળી જાય છે, હું મને જોતો નથી, શરીરની રગેરગમાં ફેલાઈ ગયેલી ને ધીમે ધીમે વધતી જતી આ ઉષ્ણતાને જ જોઈ રહ્યો છું. લોહીને એ બહેકાવે છે, સ્મૃતિને એ સળગાવે છે, મારી ક્ષિતિજ પર બળબળતો ઉનાળો મૃગજળ રેલાવે છે. આંખ સામે હજાર સુવર્ણમૃગને દોડતા જોઉં છું. બોલ, તારે એની ચામડીની કાંચળી કરાવવી છે?

તાવના આચ્છાદનમાં વીંટાળેલું મારું મૌન તાવ ગયા પછી બહારની ખુલ્લી હવા જીરવી શકવાનું નથી. એને માટે અત્યારથી જ કશી વ્યવસ્થા કરી રાખવી પડશે. જો આપણું બધું સહિયારું બનાવી દીધું હોત તો કેવું સારું! તો અત્યારે તારી કાયા મારી કાયાની પાસે હોત. બધું સમશીતોષ્ણ બની ગયું હોત. પણ તું તો તારા ઠંડા હાથનું અભિમાન લે છે ને! ઘણી વાર મારો હાથ પકડીને કહે છે: કેટલો ગરમ છે તારો હાથ, તાવ જ આવ્યો લાગે છે. આ બોલતી હોય છે ત્યારે તું મારા પર કશો આરોપ મૂકતી હોય એવું લાગે છે. ઠંડી હવા મારા તાવ જોડે અડપલાં કરે છે. એનાં નખરાં મને ગમતાં નથી. તાવની માત્રા જોડે હૃદય લય બેસાડવા મથી રહ્યું છે. આજે તારા ઠંડાઠંડા હાથની કેટલી જરૂર છે ને

જો તારું એકાદ આંસુ મારા કપાળ પર પડે તો દાઝી જ મરે. છતાં આંખો બંધ કરીને – તું પાસે હોય તો આંખો બંધ કરવાની મને બીક ન લાગે – તારી ઉપસ્થિતિનો કેવલ પરોક્ષ સ્પર્શથી પણ અનુભવ કરવાનું ગમે છે. પાસેની ખુરશી પર બેઠી બેઠી 'ઇલસ્ટ્રેટેડ વીકલી'નાં પાનાં ઉથલાવતી, કશું બોલ્યા વિના (કદાચ હું સૂઈ ગયો છું એમ માનીને) તું બેઠી હોય તેય મને રહી રહીને આંખો ચોરીથી ખોલીને જોઈ રહેવાનું ગમે છે.

તાવ જાણે લોહીને માંજી નાખે છે. એમાંય થોડી પારદર્શકતા ઉમેરાય છે. પણ આપણે પૂરી પારદર્શકતા તો જીરવી શકતા નથી આથી જે પારદર્શકતા મરણને પણ કશા અન્તરાય વિના પ્રત્યક્ષ કરી દે તે આપણાથી જીરવાતી નથી એમાં શું આશ્ચર્ય? પણ આ ઉષ્ણતાના આચ્છાદન નીચે હું જે શીતળતાનું રક્ષણ કરી રહ્યો છું એની તને ખબર છે ખરી? ખબર હોય તો કહેજે.

# ૨૯

બારીના કાચ પર બહાર પવનથી ઝૂમતી વૃક્ષની શાખાઓનું પ્રતિબિમ્બ અંકાય છે તે જોયા કરું છું. ખૂબ પવન છે. શિરીષ અને લીમડાની મંજરીની સુગન્ધના ફુવારા ઊડે છે. પાસે માલા બેઠી છે. એની લટમાં ગૂંથેલા મોગરાથી એને ઓળખું છું. એ પણ અન્યમનસ્ક છે. મને પણ કશું બોલવાનું રુચતું નથી. કેવું અકળ હોય છે નારીના હૃદયનું વિશ્વ! પુરુષ કદાચ રહસ્યમયી નારીને જ ચાહી શકે છે. પણ ઘણી વાર આ રહસ્યના મૂળમાં કશીક વેદના રહી હોય છે. એ વેદનાની સમ્મુખ ઊભા રહેવાની હામ નહીં હોવાથી એની ને આપણી વચ્ચે અન્તર પાડવા આપણે જંજાળ ઊભી કરતા જ જઈએ છીએ. પણ એકાએક આપણા જીવનમાં કોઈક એવું આવી ચઢે છે જેના એક દૃષ્ટિપાતથી આ જંજાળ બાષ્પ બનીને ઊડી જાય છે, ને પછી આપણી વેદનાનો સાક્ષાત્કાર થાય છે. ઘેરું મૌન જ એ વેદનાને વાચા આપી શકે. ત્યારે જે બોલીએ તે નિરર્થક બનાવીને જ બોલીએ. પણ મારું મૌન ધૂંધવાઈ ઊઠે છે. શી હોય છે એ વેદના? એનું કશું કારણ નથી હોતું? એ એક આબોહવા માત્ર હોય છે. માલાને ઢંઢોળીને જગાડવાની મને ઇચ્છા નથી. તેથી જ તો પવનના ઉત્પાતને જોયા કરું છું. બધું અસ્તવ્યસ્ત થઈ જાય છે. ધૂળની ડમરી ઊંચે ચઢે છે. બારીમાંથી સૂકાં પાંદડાં અંદર આવીને પડે છે. બહારની ઘટાદાર આમલીની શાખાઓ વચ્ચેથી દેખાતું આકાશ હવે દેખાતું નથી. ઘણી વાર સાથે બેસીને કશું બોલ્યા વિના, એ આકાશ જોયા કર્યું છે. જાણે એ આકાશને સાથે બેસીને જોવાનું અમે વ્રત લીધું ન હોય! એ આકાશ, ધૂળને કારણે, દેખાતં ુ બંધ થવાથી હું સહેજ અસ્વસ્થ થઈ જાઉં છું. પાસે બેઠેલી માલા આ પારખી લે છે ને પૂછે છે: ‘શું વિચારે છે?’ હું કહું છું: ‘ના, કશું નહીં.’ એ કહે છે: ‘તારી આંખોમાં કેટલા બધા વિચારની છાયા પડી છે તે હું જોઈ શકું

છું.' હું કહું છું: 'તો પછી તું મને પૂછે છે શા માટે?' એ મારે ખભે એના હાથ મૂકીને મારી સામે જોઈ રહે છે. પછી એકાએક કહે છે: 'આંખમાં આવી વિચારની છાયા, મુખ પર ગમ્ભીરતા, પાસે હોવા છતાં જુગજુગનું અન્તર – આ બધાંનો ઉત્તર હું આંસુ સિવાય –' હું એને વચ્ચેથી અટકાવી દઈને કહું છું: 'ના, જો, મુખ પર હાસ્ય, આંખમાં ઉલ્લાસની ચમક, શ્વાસમાં પવનની ઉન્મત્તતા –' મારું વાક્ય અર્ધેથી આંચકી લઈને એ ચાલુ રાખે છે. 'ખરતાં પાદડાં જેવા શબ્દો, એ શબ્દો વચ્ચેથી સાપની જેમ સરતો ગુપ્ત સંકેત, વિષ, અગ્નિ, જ્વાળા, ભસ્મ, પવન, પ્રલય –' બોલતાં બોલતાં જાણે શ્વાસ રૂંધાઈ ગયો હોય એમ એ અટકી ગઈ. પછી નાના બાળકની જેમ મારા ખોળામાં માથું ઢાળીને આંખ બીડી દઈને એ પડી રહી. હું એના ઉચ્છ્વાસના દ્રુત લયને પવનના ઉન્મત્ત લય જોડે ગૂંચવતો બેસી રહ્યો.

# ૩૦

લીલા મૅગ્નોલિયા લઈને આવી છે. ફૂલદાનીમાં ગોઠવે છે. સાથે એના સહજ આનન્દના ગુચ્છને પણ ગોઠવે છે. પછી 'ગમ્યું ને તને?' એવું પૂછતી દૃષ્ટિથી મારી સામે જુએ છે. મારા મુખ પર સમ્મતિસૂચક સ્મિત જોતાં પાસે આવીને મારા હોઠ પર એના હોઠનો આછો આર્દ્ર સ્પર્શ મૂકી દે છે. આનન્દથી એની આંખો નાચી ઊઠે છે. પછી સામેના સોફા ઉપર બેસીને, જાણે મારી સામે કશુંક કાવતરું ઘડતી હોય તેમ, લુચ્ચાઈભરી આંખે કંઈક વિચારે છે. હાથની ચપટી વગાડતીકને તરત ઊભી થઈ જાય છે ને મારાં પુસ્તકોની તપાસ લે છે. પછી પૂછે છે: 'હમણાં કેટલાક દિવસથી તું શું વાંચે છે તે તું કહેતો નથી. એટલું બધું ખાનગી –' હું કહું છું: 'હા, હમણાં થોડું છાનું છાનું વાંચું છું.' એ પૂછે છે: 'શું?' હું હસી પડીને કહું છું: 'એ જ કહી દઉં તો પછી એ ગુપ્ત રાખ્યું શી રીતે કહેવાય?' કોઈ નાદાન બાળકને શિક્ષા કરતી હોય તેમ મારી પાસે આવીને મારા કાન આમળીને કહે છે: 'એવું કશું મારી આગળ ચાલવાનું નથી. બોલ, જોઉં, કાલે ક્યાં સુધી વાંચ્યું હતું?' એની પકડમાંથી મારા લાલચોળ થઈ ગયેલા કાનને છોડાવીને કહું છું: 'વારુ, કહું છું. સાંભળ, બહુ કરુણ વાર્તા છે. નિષ્ફળ પ્રણયની નહીં, એકલતાની નહીં પણ ખૂબ ખૂબ ઠાલા સુખની, કલ્પી લે ને – ખૂબ ખૂબ ઐશ્વર્યમાં રહેનારાં બે જણ, પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમ, ન કશો અન્તરાય, ન કશી વ્યથા, બધી રાતો મધુરજની, બધા પ્રવાસ આનન્દપર્યટનો – પછી ધીમે ધીમે પ્રવેશવા માંડી વિરતિ. હાસ્યની છોળ વચ્ચે સાવ કોરું હૃદય, એક પણ આંસુની આર્દ્રતા વગરની સૂકી આંખ, આલિંગન વચ્ચે ઘૂઘવતું શૂન્ય, સુખ વચ્ચે દુ:ખની, પીડાની, કશાની શોધ, વગેરે વગેરે.' લીલા હસી પડી. એણે પૂછ્યું: 'એમાં તે શું ગુપ્ત રાખવા જેવું હતું?' મેં એને ચિઢવવા કહ્યું: 'તારું હૃદય આવું બધું સહન નહીં

કરી શકે એટલા પૂરતું ગુપ્ત –' એટલે તે બોલી: 'તું મને શું સમજી બેઠો છે?' મેં એને વધુ ચિઢવવા કહ્યું: 'મીઠું મીઠું હસતી ઢીંગલી, જેના મુખ પરથી હાસ્ય સુકાય જ નહીં –' એ બોલી: 'હં હવે સમજી, તને એની જ અદેખાઈ આવે છે, ખરું ને? પણ હું ઉદાર છું. તું મારો શિષ્ય બને તો તને શીખવું.' હું એના ચરણ આગળ બેસી પડ્યો ને હાથ જોડીને કહ્યું: 'શિષ્યસ્તેઅહમ્' એણે કહ્યું: 'એ કાંઈ સહેલું નથી. નવો સૂરજ જોઈશે, નવો ચાંદો જોઈશે. શબ્દો હળવા પતંગિયા જેવા, સમય કપૂરની જેમ ઊડી જતો; મરણને રંગલાનો પાઠ આપવો પડશે; થોડી બાઘાઈ, થોડી મૂર્ખાઈનો પણ ખપ પડશે…'

## ૩૧

રાહ જોઈને થાકી ગયો છું. માલા જાણે છે કે મારી ધીરજ અખૂટ છે. સમયની તીક્ષ્ણ ધાર મને કેવી તો છેદી જાય છે એ શું એ નહિ જાણતી હોય? મધ્યાહ્નનો આ તપ્ત અવકાશ દવ લાગેલા વનમાંના વાઘની જેમ મારી શિરાઓમાં ત્રાડ નાખે છે. સૂના રસ્તાઓ ગૂંછળું વળીને જાણે મારે ગળે ફાંસો નાખે છે. મારા હૃદયમાંનું શૂન્ય ધીમે ધીમે ભારે ને ભારે થતું જાય છે. હું એના ભારથી કશાક અતલને તળિયે ડૂબતો જાઉં છું. આવો કેટલો બધો સમય મેં છિન્નભિન્ન કરીને ફગાવી દીધો છે! ના, મને રોષ નથી. માલા આવશે ત્યારે દોડધામથી એ હાંફી ગઈ હશે, એને પરસેવો વળ્યો હશે. હું એને વાંસે હાથ ફેરવીશ, હસીને આવકારીશ. પણ આવી દરેક ક્ષણ સાથે મારા જ અંશનો વિલય થાય છે તેનો માલાને શું કશો ખપ નથી? હું આવા વિચારની ભીંસમાં ગૂંગળાતો હતો ત્યાં જ માલા આવી પહોંચી. હાથમાંના રૂમાલથી એ કપાળ પરનો પરસેવો લૂછે છે, થાકથી ખુરશીમાં ફસડાઈ પડે છે. હું કશું બોલતો નથી; હસીને આવકારી શકતો નથી. થોડી વાર શૂન્યમનસ્ક બનીને બારી બહાર જોયા કરું છું: એ પાસે આવીને મારા વાંસામાં ધબ્બો મારીને કહે છે: ‘અત્યારે તું ખૂબ જ સુન્દર લાગે છે!’ હું નિર્મમભાવે કહું છું: ‘પુરુષો કદી સુદંર નથી ગણાતા, સિવાય કે –’ મને એ બોલવા દેતી નથી. એના હાથથી મારા હોઠ ઢાંકી દે છે. હું એની આંગળીમાં દાંત બેસાડી દઉં છું. એ છણકો કરીને કહે છે: ‘બધું જ તારા શાસ્ત્રના નિયમ મુજબ થાય?’ હું કહું છું: ‘ના, તારું ને મારું શાસ્ત્ર જુદું ક્યારથી થયું તેની મને ખબર પડી નહીં.’ એણે મારી સામે આંખો નચાવતાં પૂછ્યું:’તને શેની ખબર છે? હું આખી ને આખી તારા હૃદયમાં સમાઈ ગઈ છું તેની તને ખબર છે?’ હું વિચારમાં પડી જાઉં છું. માલા ‘હા’, ‘ના’ પણ બોલતી નથી, માથું હલાવે છે કે ડચકારા

બોલાવે છે. એ આજે આટલું બધું ક્યાંથી બોલવા લાગી? મારું હૃદય કશાક ભયથી ફફડી ઊઠે છે, ને ફફડાટ સાથે ભળી જાય છે અજિતના સ્કૂટરનો ધમધમાટ. એ આવીને પૂછે છે: 'માલાબેન છે?' એટલે માલા સફાળી ઊભી થઈ જાય છે. અજિતને કહે છે: 'એક મિનિટ, હમણાં આવું છું.' અજિત જાય છે એટલે મારા ગાલમાં ટપલી મારીને કહે છે: 'એમાં અવાક્ બની જવાનું કશું કારણ નથી. એ મને પૂછ્યા વગર મેટિની શોની ટિકિટ લઈ આવ્યો છે –' પછી શું બોલવું તે એને સૂઝતું નથી. અજિત સ્કૂટર સ્ટાર્ટ કરે છે. માલા ઝૂકીને કાન પાસે મોઢું લાવીને ટહુકો કરે છે: 'સોરી...'

# ૩૨

મનમાં ને મનમાં હું હસું છું. આમ તો ઠાવકો બનીને બેઠો છું. સભા છે. સભામાં સજ્જનો છે. સન્નારીઓ છે, હું હમણાં જ વિદ્વાનની અદાથી ભાષણ કરવાનો છું. માલા છે, લીલા છે. લીલા હોઠ પર રૂમાલ દાબીને હસી રહી છે. માલાને એ રુચતું નથી. એ થોડી થોડી વારે લીલા પર ચિઢાય છે. મારી પ્રશંસા ચાલી રહી છે. નાનું બાળક અજાણ્યા ફળને કુતૂહલથી ચાખવા દાંત ભરે તેમ આ પ્રશંસાને હું સહેજ ચાખીને ફેંકી દઉં છું. પછી હું બોલું છું ને બોલતાં બોલતાં આ પરિવેશથી દૂર સરી જાઉં છું. નાનું બાળક લાકડાના ચોરસથી બંગલો બનાવે તેમ હું રસપૂર્વક વિચારોને ગોઠવું છું. હું જેને મહામહેનતે સ્થાપું છું તેને વળી સામી દલીલ કરીને તોડું છું. થોડુંક ટોળટિખ્ખળ પણ ઉમેરું છું તો ક્યાંક ઇચ્છા ન છતાં ગમ્ભીર બની જાઉં છું. વાક્યોની ગતિ ધીમી પડી જાય છે, સામે પવને જતો હોઉં તેવું લાગે છે. મારી સામે કોઈ દેખાતું નથી, એકલતાની નાગણ ડંખે છે ને હવે હું બોલતો નથી પણ ચીસ પાડું છું. સભા તાળીથી મને વધાવે છે. હવે હું જાણે મારા ખોળિયાની બહાર ફેંકાઈ ગયો છું. વિચારોના તાણાવાણા સિવાય મારા મગજમાં કશું રહ્યું નથી. એ વિચારોની જાળ પર આ કોનું આંસુ ઝિલાયું છે? એ કેવું ચમકે છે! ને હું સ્તબ્ધ થઈ જોઉં છું. પછી કશું બોલતો નથી. હું કશુંક બોલીશ એવી આશાએ સભા કાન માંડી રહે છે. હું હાથ જોડીને બેસી જાઉં છું. ગળામાં હાર છે, હાથમાં ગજરો. લીલા પાસે આવીને એ બંનેના ભારમાંથી મને મુક્ત કરતાંકહે છે: ‘What a dramatic end !’ માલા કશું બોલતી નથી. પણ ભીડ વચ્ચે એણે મારા હાથમાં એની આંગળી ગૂંથી દીધી છે. સ્વત્વનો આવો સ્પર્શસુખભર્યો દાવો મને મંજૂર છે! લીલા બોલ્યે જાય છે; ‘વક્તાનો પાઠ તું ખરેખર સારો ભજવે છે. આ હતાશા, એકલતા, વિશ્વને માથે

ઝઝૂમી રહેલું સાર્વત્રિક મરણ, ચહેરા વિનાનો માનવી આ બધું તારે મોઢે એવા તો દર્દના કમ્પથી ઉચ્ચારાય છે કે જાણે ઘડીભર તો એને સાચું માની લેવા મન લલચાય છે –' માલા એકાએક એને અટકાવી પૂછે છે: 'તો શું એ સાચું નથી? એ કેવળ દમ્ભ કરે છે?' લીલા ઘડીભર હેબતાઈ જાય છે, પણ પછી તરત જ કહે છે: 'તારા જેવી ભોળીને ભરમાવવાને તો આટલું બસ છે' એમ કહીને ગજરામાંનું ગુલાબ લઈને વાળમાં ગૂંથી લે છે. પછી કહે છે: 'મારે મન તો આખા વ્યાખ્યાનનો સાર માત્ર આ.' કહીને હસી પડે છે, હું જોઉં છું કે માલા ગમ્ભીર છે. ભીડ ઓછી થાય છે. થોડું એકાન્ત મળતાં જ એ એકાએક મને વળગી પડે છે. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં છે; ડૂમો ભરાયેલા અવાજે એ મને પૂછે છે: 'તું મારાથી ક્યાંક ખોવાઈ તો નહિ જાય ને?' હું મારી આંગળીને ટેરવે એનું આંસુ ઝીલતાં કહું છું: 'તું મને જેટલો દૂર રાખે છે એથી વધારે દૂર હું કદી રહ્યો છું?'

# ૩૩

રાત. આજનો અન્ધકાર અગ્નિમય છે. રોષે ભરાયેલા નાગની જેમ એ રહી રહીને ફૂંફાડો મારે છે. એની જ્વાળાઓ ભૂતાવળની જેમ નાચે છે. નિસ્તબ્ધતા એમાં ઘીની જેમ હોમાય છે. મારા શ્વાસ જામગરી બનીને સળગે છે. લોહીમાં રહેલો સુપ્ત અગ્નિ જાગીને ફાળ ભરે છે. એકાન્તોનાં કેટલાંય વન સળગી ઊઠ્યાં છે! બળી ગયેલા કાગળ પરના અક્ષર જેવો હું માત્ર રહી ગયો છું. પવનની આંગળી ક્યારે વિખેરી નાખે એની પ્રતીક્ષામાં. આ અગ્નિ દ્યાવા પૃથ્વીને સાંકળનારો સેતુ છે, જાતવેદા છે. બે હૃદય વચ્ચેનો પણ એ સેતુ નથી? બીજાના હૃદયમાં જે જન્મે છે તેને પણ એ શું નથી જાણતો? માલા, આ અગ્નિના આલિંગનમાં હું પણ અગ્નિમય બનીને જાતવેદા થઈ ગયો છું. પણ યાદ રાખજે, મારું અસ્તિત્વ બળી ગયેલા કાગળ પરના અક્ષર જેવું છે. એના પર વધુ જુલમ નહીં થઈ શકે. એક આંસુ પણ એને રોળી નાખી શકે. ના, તું કશું બોલીશ નહીં. શબ્દોનો થડકાર પણ પ્રાણઘાતક નીવડે. પણ તારા હૃદયના ધબકારનું શું કરીશ? તું સહમરણની વધૂ બનીને અગ્નિસ્નાન કરશે? અગ્નિથી મારી જોડે સંધાઈ જશે? આ અન્ધકારના અગ્નિમાં સમયનાં હાડ ભડકે બળે છે. કજળી ગયેલા ચન્દ્રની રાખને પવન ફૂંક મારીને ક્યાંની ક્યાં ઉડાડી મૂકે છે. સૂરજ કાળા અગ્નિથી તસ તસ ભરાઈ ગયો છે. આ અન્ધકારના સ્ફુલ્લંગિની માળા ગૂંથવાની રમત તું રમશે ખરી? અન્ધકારની ઉજ્જ્વળ દાહકતાનો કોઈને નશો ચઢી શકે ખરો? હવે કશો ભાર રહ્યો નથી. મારા આવેગના ભારથી તું કેવી અકળાઈ ઊઠતી? હવે તો તું એક ફૂંક મારે તો હું રાખ બનીને ઊડી જઈશ. બોલ, તારે એવો જાદુ કરવો છે? કે પછી એ રાખને માદળિયામાં ભરી રાખશે ને કોઈ સિદ્ધ પુરુષ મને ફરીથી જીવતો કરી આપે તેની રાહ જોયા કરશે? મારા શબ્દોથી

પણ તું કેવી ત્રાસી ઊઠતી! રાખની લિપિમાં તો કશું લખી શકાતું નથી, અન્ધકારનો આ અગ્નિ તારાંમારાં સર્વ રહસ્યોને ઉજ્જ્વળ બનાવે છે. મારી આંખોમાં હવે એની શિખા સમુદ્રની છોળની જેમ ઘૂઘવે છે. મરણ નાનું શું કાજળનું ટપકું બની ગયું છે. ઈશ્વરહીન આ અપરિમેયતા માનવહૃદયની સીમાને સાચવીને પોતાની કાયાને સંકોચતી નથી. તું તો કેવી સંકોચશીલ છે! પૂરી આંખ ખોલીને તું કશું જોતી પણ નથી. તારો સ્પર્શ પણ ભીરુ, હમણાં જ છટકીને ભાગી જશે કે શું એવી શંકામાં રાખનાર – આ અન્ધકારના અગ્નિની ભરતીના જુવાળ તને અડે તો શું થાય? કોઈ વાર મારા સ્પર્શથી ચોંકીને સફાળી તારી આંખો મારી સામે માંડીને ઉપાલમ્ભભરી નજરે મારી સામે નથી જોઈ રહેતી? કદાચ મારા સ્પર્શમાં પણ પ્રચ્છન્ન કશો અગ્નિ રહ્યો હશે. પણ ચન્દન વૃક્ષોનાં વનની શીતળતામાં રહેતા સાપનું ઝેર પણ જલદ નથી હોતું? ઠાલા હૃદયની બખોલમાંય ઝેરી નાગ વસતા હોય છે. તારા ઠાલા હૃદયની બખોલમાં તેં નજર કરીને નાગની સંખ્યા કદી ગણી છે ખરી?

# ૩૪

ગાડી દોડી રહી છે. લીલાને ઊંઘ નથી આવતી. માલા સૂઈ ગઈ છે. એનાં સ્વપ્નો પણ મારા પડછાયાથી ભડકે નહીં એટલો દૂર હું છું. નિદ્રાના દ્વીપમાં એ અસ્પૃષ્ટ બનીને છટકી ગઈ છે. જાગતી હોય છે ત્યારેય એ ધારે તેટલી દૂર સરી જઈ શકે નહીં. અગ્રાહ્યતાનો એક જ ગુણ જાણે એણે જંદિગીભર કેળવ્યો છે. લીલા પાસે હજાર વાતો છે. ઘડીક બાળકને રીઝવતી હોય તેમ પરીકથા કહે છે. મને પરીકથાનો રાજકુમાર બનાવી દે છે; તો વળી કદિક રાક્ષસોનું ધાડું ઊભું કરી દે છે. અભિનય કરીને બોલે છે. ખડખડ હસી પડે છે. આંખોમાં ખૂબ ખૂબ ચંચળતા છે. મારે માથેથી સાત સાત જન્મોનો ભાર ઊતરી જાય છે, હળવી તુચ્છતાનો સ્વાદ માણતો હું બેસી રહ્યો છું. લીલા પવનની લહરીની જેમ હળવો સ્પર્શ કરીને ક્યાંની ક્યાં દૂર સરી જાય છે. પછી વાત કરતાં કરતાં જ એની આંખ ઘેરાવા લાગે છે. એ મારે ખભે માથું ઢાળીને આછા અસ્પષ્ટ શબ્દે મારા કાન પાસે કશું બોલ્યે જાય છે: ‘સાત જુગનો પ્રેમ, સાત સાગર ઓળંગીને ઊડતા ઘોડા પર સવાર થઈને ...’ વાક્ય પૂરું થતું નથી. હોઠ અર્ધા ખુલ્લા રહી જાય છે, આંખો બિડાઈ જાય છે. હું પણ આંખો બંધ કરું છું, પણ નિદ્રાથી હું સો જોજન દૂર છું. મારાથી સો વાર છેટે બેસીને જાણે મારું હૃદય ધબકી રહ્યું છે. માલાની નિદ્રાના કવચને ભેદી શકાય? એની સ્વપ્નસૃષ્ટિમાં પ્રવેશી શકાય? હું એના ગાલ પર હળવેથી હાથ ફેરવું છું. કાનની લાળીને પંપાળું છું. એના ધનુષાકાર ઉપલા હોઠની રેખાઓને સ્પર્શું છું. એ ધીમેથી આંખ ખોલે છે. આંખમાં નિદ્રાની ખુમારીની રતાશ છે. એ મને ગમે છે. મેં પૂછ્યું: ‘કેમ, કેટલાં સપનાં જોયાં?’ એ કહે, ‘ધાર જોઉં?’ હું કહું છું: ‘સાત.’ એ કહે છે. ‘સાત શા માટે, સાત હજાર કહે ને!’ એ અધી બેઠી થઈ જાય છે ને મારી છાતીએ માથું ટેકવી આરામથી ગોઠવાઈને

ઉપર જોઈ મારી સામે નજર માંડી લુચ્ચાઈભર્યુ હસે છે, પછી મને મનાવી લેતી હોય એમ કહે છે: 'કેમ ખોટું લાગ્યું?' પછી મારા નાકનું ટેરવું દબાવીને કહે છે: 'નાક બહુ મોટું છે, જરા ટૂંકું કરી નાખું?' માલા આટલી હળવી બનીને કદી વાત કરતી નથી. લીલા મને હંમેશાં સલાહ આપે છે: 'તું એને છેડીશ નહીં. એક જૂના ઘાને એ રુઝાવી શકતી નથી.' આથી હું સાવધ રહું છું. પણ આ સાવધાનતાનો ઘા હું જીરવી શકતો નથી એ લીલા જાણે છે ખરી? માલા કહે છે: 'જો તો, સપનાની વાત કહું છું. કોઈને કહીશ નહીં. ખૂબ મોટો મહેલ. નાચગાન ચાલે, પણ માત્ર અવાજ સંભળાય, કોઈનું મોઢું દેખાય નહીં. એમાં હું એકલી ફરું. પછી તો મારી પાસેથી કોઈ સરી જાય પણ દેખાય નહીં. આથી હું ગભરાવા લાગી. આમથી તેમ દોડવા લાગી. ત્યાં મારું નામ દઈને કોઈએ મને બોલાવી. હું એ દિશામાં આગળ વધી. હોજને પગથિયે જઈને ઊભી તોય કોઈ બોલાવ્યે જ ગયું. હું જળમાં જઈને સમાઈ ગઈ. જળના તરંગ મને ઘેરી વળ્યા. મારા મુખે એનો શીતળ સ્પર્શ થયો. હું જાગી ઊઠી ને જોયું તો તારી ધૂર્ત આંગળીઓ!'

## ૩૫

મારું કણ સરખું બચ્યું નહિ. ફરી ફરી ક્યાંથી આવે છે આ વિનાશ? નિર્દોષ બે આંખોમાંથી? સ્પર્શભીરુ કાયામાંથી? બે ભંગુર અશ્રુઓમાંથી? અશરીરી બનીને ફંગોળાઈ ગયો છું. નથી પડછાયો કે નથી પડઘો. જળને મુખે આજે આદિ કાળનો વિષાદ છે. આંધળી હવા અડબડિયાં ખાય છે. બધિર નક્ષત્રોનો મૂક ઇશારો આકાશમાં રઝળે છે. બે હાથે રચેલા આશ્લેષમાં સુખથી સમાઈ જનારો હું આજે એટલો તો વ્યાપી ગયો છું કે શૂન્ય સિવાયનાં બધાં જ પાત્રો હવે નાનાં પડે છે. પણ નથી બુઝાઈ ગઈ એક મારી ચેતના. એ બધી આકાંક્ષાસ્મૃતિ લઈને પ્રજળે છે. માલા, તારી સૃષ્ટિના વાયુમણ્ડળને ભેદીને હું નક્ષત્રોના ચક્રપથમાં ભટકતો થઈ ગયો છું. ને છતાં તારી જ આકાંક્ષા ને તારી સ્મૃતિ મારી ચેતનાને વિલાઈ જવા દેતાં નથી. પણ હવે તારી ને મારી વચ્ચે કશું માધ્યમ રહ્યું નથી. માધ્યમનું વ્યવધાન તો તને પહેલેથી જ પસંદ નથી. હું ખુશ થઈને તને કહેતો: 'પ્રિયતમા!' તું ચિઢાઈને કહેતી: 'એવાં વિશેષણોનો અન્તરાય શા માટે?' આથી મેં પત્રમાં તને સમ્બોધન કરવાનું સુધ્ધાં છોડી દીધું. અભિમાનનો નાનો શો ગાંગડો બાંધીને આ સૃષ્ટિમાં આવ્યો હતો. મારું એ અભિમાન સુધ્ધાં રહ્યું નથી. હું તો બધું ખોઈ નાખી શકું. તું કહેશે: 'ખોવાનુંય તને ઓછું અભિમાન નથી!' ભલે હશે, પણ માલા, મને ખોઈ બેસવાની ચિન્તા તને કદી થઈ નથી! જેને સ્મૃતિ નથી, નામ નથી, સમય નથી તેને જ તું ચાહી શકે છે? ગાઢ આલિંગન કરતી વેળાએ તારી બંધ આંખો શેની સ્મૃતિને તારા હૃદયના ઉમ્બર પરથી પાછી ઠેલતી હોય છે? મારા પ્રશ્નોથી વીંટળાઈને તું શાન્ત અવાક્ બેસી રહે છે. ધીમે ધીમે મારા પ્રશ્નો પણ એની વાચા ખોઈ બેસે છે. ને છતાં તારો ને મારો યાત્રાપથ ફરી ફરી કેમ એકબીજાને જન્મેજન્મે છેદે છે? તે દિવસે મેં તને

જોઈ હતી – સોમવારને દિવસે. તુલસીકૂંડાની પ્રદક્ષિણા કરીને સૂર્ય તરફ પાણી છાંટીને આંખ બંધ કરીને તું કશુંક પ્રાર્થતી હતી. તું શેની યાચના કરતી હતી એ તો તું કદી મને કહેશે નહીં તે જાણું છું. તું માત્ર એટલું જ કહે છેઃ 'મને પુણ્યનો લોભ છે. ક્યારેક કામમાં આવશે.' આ શૂન્ય અવકાશમાંથી મને કક્ષચ્યુત કરે એવા કોઈક પાપનો ભાર પણ મારી પાસે બચ્યો નથી. તારા વાયુમણ્ડળની બહાર જે આવી ગયો છે તેની ભીતિ હવે તને છે ખરી? સમયના વજ્રબન્ધને તોડીને મારી રજ ઊડે છે. કદાચ દૂરથી એના પ્રકાશનાં ટપકાં તને દેખાતાં હશે. પણ એમ તો તને ઘણું ઘણું દેખાતું હશેઃ બારસાખ પર ચાલી જતી લાલ કીડીની હાર. આંખોને સ્થિર કરીને બેઠેલો કાંચીડો, અર્ધા ખુલ્લા રહી ગયેલા નળમાંથી ટપકતી પાણીની ધાર, શેરીમાં ભટકતા ફેરિયાઓના અવાજ, દૂર ઊંચે ઊંચે ચકરાવો લેતી સમડી...

# ૩૬

તાપીનો બળબળતો પટ. વૈશાખનો મહિનો. દૂર સ્મશાનમાં ચાર ચિતાઓ બળે છે. આ ધરતીને ઓળખું છું. યાદ છે. એક વાર તને પણ અહીં ઘસડી લાવ્યો હતો. પાણી જોઈને મને તો વહી જવાનું મન થાય, ને તું તટસ્થ. સારું જ થયું કે લીલા સાથે હતી, કારણ કે તારા પાણિગ્રહણનો તો મારો અધિકાર નહીં. તું હા ના કરતી રહી ને લીલાએ તને ધક્કો મારીને ગબડાવી દીધી. આંખમાં, નાકમાં, પાણી ભરાઈ ગયું. ગભરાઈને બહાર નીકળી જવા આધાર શોધવા હાથ લંબાવ્યો ને મેં સહજ જ એ આધાર શોધતા હાથને પકડી લીધા. પછી ઠંડા જળમાં શો તારો રોષ! તું તો ઘણું બધું બોલવા જતી હતી. પણ લીલાએ છાલક મારીને તને બોલવા જ ન દીધી. તું રીસાઈને અમારાથી દૂર ક્યાંક ખડકની ઓથે લપાઈ ગઈ. જંદિગીમાં પણ તું આમ જ કરતી આવી છે. કેટલા જન્મોનું એકાન્ત તું ઉકેલતી બેઠી છે? પણ ગાંડી, એકાન્તને એકાન્તમાં જ ઉકેલવું જોઈએ એવો કોઈ નિયમ નથી. તળિયારાનાં કલિંગર ને સકરટેટીની મીઠાશ પણ તને એક મધુર શબ્દ બોલવા પ્રેરી શકી નહીં. લીલાએ તને ગાવાનો આગ્રહ કર્યો. અમારી વચ્ચેથી ખોવાઈ જઈને તેં મને પ્રિય એવું પ્રવાસીનું ગીત ગાયું. આજે અહીંની બળબળતી હવામાં તારા એ સૂરના ભણકારા શોધું છું. આ તાપમાં તપેલી રેતીમાં એકલો એકલો ભટકું છું. મહાદેવના મન્દિરમાંનો પેલો પથ્થર – મનોકામના મહાદેવને કહીને એ ઊંચકવો, ને જો ઊંચકાય તો મનોકામના ફળે એમ માનવું. લીલા તો તરત ઊંચકવા મંડી પડી હતી, ને તું? તને પણ ઇચ્છા તો હતી જ. પણ ‘શી છે તારી મનોકામના?’ એમ મેં પૂછ્યું ત્યારે તું ચિઢાઈને બોલી: ‘તું તે કાંઈ મહાદેવ છે કે તને કહું? ’ એટલાથી બસ નહીં થયું હોય તેમ તેં મને મન્દિરની બહાર કાઢી મૂક્યો. ‘કોઈની સાક્ષીએ મારી મનોકામના મહાદેવને

કહેવાની નથી, કોઈ પુરુષની સાક્ષીએ તો નહિ જ.' આજના બળબળતા મધ્યાહ્નને મારા નિર્વાસનનો એ શાપ જ જાણે પ્રજળી રહ્યો છે. લીલા તો પાછળથી આવી ને મને ભેટી પડી. ખળખળ વહેતાં નદીનાં નીરની જેમ મને ઘેરી વળી. તુષ્ટિભર્યા હાસ્યથી કહેવા લાગી: 'હું તો પામી ચૂકી.' કદાચ તેં એ સાંભળ્યું પણ હશે. ઝાંખરા વચ્ચે પડેલી સાપની કાંચળી ઉપાડીને તું જોતી રહી, કશું બોલી નહિ. નમતી સાંજના રતુમડા પ્રકાશમાં તું ખૂબ જ સુન્દર લાગતી હતી. પણ તારી ને મારી વચ્ચે અનેક લોકલોકાન્તરનું અન્તર હતું, હું શબ્દોથી અનેક વિશ્વો રચીને તને એમાં શોધતો રહ્યો છું, ને તું સંતાતી રહી છે. પણ કોઈ દિવસ દાવ તારે માથે આવશે ત્યારે તું શું કરીશ? તાપીનાં જળ સામા કિનારા તરફ સરી ગયાં છે. અશ્રુની ઝાંય જેવા અહીંથી માત્ર ચળકતાં દેખાય છે. ધૂળમાં પડેલી તારી પગલીને મેં મારાં પગલાંથી ઢાંકી દીધી હતી ત્યારે તું ચિઢાઇને બોલી ઊઠી હતી: 'કેમ, મારું પગલું ઢાંકી દીધું?' મેં પૂછ્યું: 'કેમ, કોઈ તને શોધવા નીકળ્યું છે ખરું?'

## ૩૭

અપરિચિત શહેરોનાં ધૂંધળાં આવેષ્ટન વીંટાળીને સંતાતો ફરું છું. અહીં નામ આપોઆપ ખરી પડ્યું છે. રેસ્ટોરાંના જ્યુક બોક્સની રેકોર્ડોનો અવાજ સાંભળતો બેસી રહું છું. મધરાતે શહેરના ટાવરનાં ઘડિયાળોનો સંવાદ સાંભળું છું. દૂર ક્યાંક નદી છે – આંસુથી ડહોળાયેલી આંખ જેવી. કાન દઈને એના વહેવાનો અવાજ પણ સાંભળવા મથું છું. જાઝનું પડઘમ બજે છે, ઝાંઝર ઝમકે છે. વીજળીના દીવાના હાંડીઝુમ્મરની છાયામાં ભમતાં પ્રેતોને જોઉં છું. મને આ બધી વ્યર્થતાને ગટગટાવી જવાનો નશો ચડ્યો છે. કલાકના કલાક બેસી રહું છું. કોઈ વાર પાસે આવીને બેસી જાય છે કોઈ અપરિચિતા–નયનવિભ્રમે ચાટુવચને એ મને લોભાવવા મથે છે, હું વાતો કર્યે જાઉં છું. એનામાં રહેલી નાની ઢીંગલીને જગાડું છું, હસાવું છું – હસતાં હસતાં એની આંખો ભીની થઈ જાય છે. પછી બધા શબ્દો એક ઉષ્ણ નિઃશ્વાસમાં ડૂબી જાય છે. એ જોવા ઇચ્છે છે મારો ઘા. મને કોઈ જોડે મારા ઘાને સરખાવવાનું મન નથી. વળી મારો ઘા શરમાળ છે. એની તસતસતી લાલ કિનાર ધગધગી ઊઠે છે. નિદ્રામાં પણ આ ધગધગતી વેદનાની મને હૂંફ રહે છે. એને લીધે હું સાવ એકાકી બની જતો નથી. અહીં થોડા શબ્દો એકઠા કરવા આવ્યો છું. બંધ બારીના કાચ પાછળ દેખાતા આકારો જોઉં છું. બારીના પડદાની ઝૂલ પવનમાં ફરફરતી જોઉં છું. એ બેનો સમાસ રચી લઉં છું. ઊંચાં મકાનોના દાદર પર હાંફતી નિસ્તબ્ધતાનો ઉદ્ગાર પણ એકઠો કરી લઉં છું. દુકાનમાં ડોક મરડીને બેઠેલાં ફૂલોના મુખમાં અધીરા રહી ગયેલા શબ્દોને સાચવીને ઉપાડી લઉં છું. ચાલી જતી મોટરોના દીવાની પંક્તિઓ ને પંક્તિઓ ગોખી રાખું છું. ને ત્યાં ક્યાંકથી એકાએક પ્રશ્ન કાને પડે છે. ક્યાંથી આવે છે એ પ્રશ્ન? અન્ધ ભિખારીની મોંની બખોલમાંથી?

વેશ્યાની યોનિમાંથી? ઘરોની અડાબીડ ભીડ વચ્ચે પડેલા આકાશના બાકોરામાંથી? સ્ટેશન પર દોડતાં ટોળાંઓ વચ્ચે ભીંસાતી હવામાંથી? ન જાને! ઘર બધાં એક તરફ કશાક ભારથી ઝૂકી ગયાં છે. ખાંચામાં વહેરાઈ ગયેલા અવકાશની ચીંધરડીઓ ઊડે છે. સમયના હાડમાંનો ફોસ્ફરસ મારા હાડમાંના ફોસ્ફરસને જગાડે છે. દીવાલ પરથી ઊખડી જવા આવેલા પોસ્ટરને મુખે પવનને દેવાતી ગાળ સાંભળું છું. કાપીને ફેંકી દીધેલા માછલીના માથામાંની આંખ હસે છે. ગલોફાં ફુલાવીને બેઠેલું મરણ લોકોની શિરાઓ ચૂસવાની પેરવીમાં છે. એક છાપરેથી બીજા છાપરે કૂદતી બિલાડી મારા મનમાં ગોઠવાતી સન્ધિઓને તોડી નાખે છે. એ ઉઘાડી આંખે ઉંદરનું સપનું જુએ છે. પણ આ કોનાં સ્વપ્નોનો જનાજો મૂંગો મૂંગો પસાર થઈ રહ્યો છે? ખૂબસુરત શાહજાદી ને ઊડતી શેતરંજી થિયેટરની નિયોન લાઇટમાં ઝબકારા મારે છે. દધીચિનાં અસ્થિ જેવાં અસ્થિ પર ભાર વહેતો આ લોખંડનો પુલ પણ મધરાતે ઓથારથી ચંપાઈને ચીસ પાડી ઊઠે છે. અહીં ક્યાં છે પેલી જૂઈની અધી ખીલેલી કળી?

# ૩૮

માલા પૂછે છે: 'શું જોઈ રહ્યો છે મારી સામે?' હું કહું છું: 'તારું ભવિષ્ય વાંચું છું.' એ નાની બાળાના જેવા કુતૂહલથી મને પૂછે છે: 'બોલ, શું દેખાય છે?' હું કહું છું: 'એક મોટો બંગલો. પોર્ચમાં ઊભી છે કાર. કારમાંથી ઊતરે છે નમણો જુવાન. ત્રણ અક્ષરનું નામ છે. છેલ્લો અક્ષર ત. પ્રથમ અક્ષર પ્ર.' મને અટકાવીને એ પૂછે છે: 'શું કહ્યું? છેલ્લો અક્ષર ત ને પ્રથમ અક્ષર પ્ર–વારુ, પછી?' એ મારા સાથળ પર ચૂંટી ખણીને કહે છે: 'ત્રાગું પછી કરજે. મને અત્યારે મારા ભવિષ્યમાં રસ છે, હં, પછી?' 'એને હાથે વળગી છે એમ અનંદ્યિયૌવના સુન્દરી. નામ છે માલા. નાચતાંકૂદતાં પગથિયાં ચઢે છે. માલાને ઠોકર વાગે છે. નમણો જુવાન ઝૂકીને એને આધાર આપે છે. ચિન્તાતુર વદને પૂછે છે; 'કોણે યાદ કરી તને?' માલા હસીને કહે છે: 'છે એક દુષ્ટ. બહુ સંભારે છે મને, ઠોકર ખવડાવે છે.' આ સાંભળીને પેલા જુવાનનું મોઢું પડી જાય છે. એ જોઈ માલા એના ગાલમાં હળવી ટપલી મારી આંખો નચાવતી કહે છે: 'અરે એણે યાદ કરી તો તમારો આટલો આધાર મળ્યો. તમારો આવો આધાર મળતો હોય ને તો આવી ઠોકર ખાયા જ કરું.' આ સાંભળીને જુવાન હસ્યો, માલા સહેજ ચિન્તામાં પડી. પછી બન્ને ઘરમાં ગયાં. ઘરમાં દાસદાસી ઘેરી વળ્યાં. ઉપરાઉપરી બહેનપણીના ફોન. એમાં એક કોન કોઈનો એવો આવ્યો હતો કે માલા ચોંકી ઊઠી. એનો વર પૂછે: 'શું થયું મારી લાડલીને?' દાસીઓ પૂછે છે: 'શું થયું બહેનને?' પણ માલા કશું બોલે નહીં. વર પૂછે: 'કોઈએ તારે ખાતર આપઘાત કર્યો?' માલા કહે: 'એવું તે શું બોલતા હશો?'

વર અધીર બનીને પૂછે છે: 'તો શું થયું?' પછી કહે: 'એક હતો અમારી સાથે –' વર

કહે: 'કોણ? નામ?' માલા પ્રશ્નનો પડઘો પાડે:'નામ? શું નામ એનું? જો ને, નામ જ યાદ નથી આવતું!' વર અધીર બનીને પૂછે: 'વારુ, જવા દે ને નામ, એનું શું?' માલા કહે: 'ભારે કીતિર્ મળી, એના પુસ્તકની પ્રશંસા થઈ.' આ સાંભળીને માલાએ મારી સામે એનો અંગૂઠો ધરીને કહ્યું:'ડીંગો, ડીંગો, ભાઈસાહેબ વાત કરે મારા ભવિષ્યની ને આખરે કહેવું હતું એટલું જ કે એમને પોતાને ભવિષ્યમાં ખૂબ ખૂબ કીતિર્ મળવાની છે. મળશે. તેનું શું?' હું કહું છું.: 'મેં તને આટલું બધું આપ્યું–મોટર, બંગલો, નમણો જુવાન, ને તું મારી આટલી કીતિની અદેખાઈ કરે છે? 'માલા ચિઢાઈને બોલી: 'હું શા માટે અદેખાઈ કરું? પણ એ કીતિર્ને જોરે તું મારા જીવનમાં કાંટો બનવાની કામના રાખતો હોય તો – હું કહું છું: 'અરે, તારા જેવી પતિવ્રતાના મોઢે આવું નહિ શોભે.' માલા હસી પડે છે:'પતિ પણ તારો આપેલો ને તેની હું પતિવ્રતા. એટલે કે તારા વિના મારા સંસારનું તરણું નહીં હાલે, એમ જ ને?

# ૩૯

સરોવરનાં જળ પરની નિસ્તબ્ધતા. આજે રાતે પવન એને વિક્ષુબ્ધ કરતો નથી. અહીંનો અન્ધકાર તમરાંઓથી પણ અક્ષત છે. અન્ધકાર, જળ અને નિસ્તબ્ધતા એકાકાર બની જાય છે. એમાંથી વિસ્તરે છે એક પ્રકારની અસીમતા; ને નથી જાણતો કે શાથી, પણ એ અસીમતામાંથી ઉદ્‌ભવે છે ભય. જ્યાં જ્યાં આ ભય સામો મળે છે ત્યાં મરણનો અણસાર વરતાય છે. ઘણી વાર ભટકી ભટકીને મરણના આભાસ આગળ આવીને અટકું છું. એક પછી એક શબ્દો લખતો જાઉં છું, ને જોડાઈને આકાર ધારણ કરતા અર્થની વચ્ચેથી એકાએક કશાકની છાયા જોઉં છું. એ કોની છાયા? કદાચ આ છાયાનો સાક્ષાત્કાર કરવા માટેનો જ તો આ બધો પ્રપંચ નથી?.... આવું વિચારતો હોઉં છું ત્યાં લીલા મારી આંખ પર એનો હાથ ફેરવે છે. એનો વણઉચ્ચારાયેલો પ્રશ્ન હું સમજી જાઉં છું ને કહું છું: 'ના, ઊંઘી નથી ગયો.' સામેથી એ પ્રશ્ન કરે છે: 'તો?' અન્ધકારમાં એની કાયાનો માત્ર આભાસ દેખાય છે. આથી એ 'તો?' બોલીને પ્રશ્ન કરે છે ત્યારે એની આંખોમાં એ પ્રશ્ન કેવો દેખાતો હશે? એના હોઠ 'તો'માંનો 'ઓ' ઉચ્ચારતાં કેવા ગોળાકાર થયા હશે તેની કલ્પના કરું છું. મને જવાબ આપતાં વાર લાગે છે તેથી એ મારી વધુ પાસે સરીને એના હાથથી મારું મોઢું એની તરફ ફેરવે છે. હું પૂછું છું: 'શું જોયું? કશું દેખાય છે ખરું? એ કહે છે: 'હા, ઘણું બધું દેખાય છે. એક તો છે સ્ત્રી. હડપચી આગળ નાનો શો તલ છે. આંખો એની અર્ધખુલ્લી છે. હોઠ એના કશોક શબ્દ ઉચ્ચારવા જાય છે, પણ બંને હોઠ એ બાબતમાં એકમત નથી. આથી ઉપલો હોઠ નીચલા હોઠને દબાવે છે. હડસેલી દેવાયેલો શબ્દ આંખમાં ડોકિયાં કરે છે.' હું કહું છું: 'મને રસ પડે છે. એ સ્ત્રી એકલી જ છે કે સાથે કોઈ છે?' લીલા હસીને કહે છે: 'હું જાણતી હતી કે તું એવો પ્રશ્ન પૂછશે જ.

હા, એની પાસે કોઈક છે. ને વળી વધારામાં એ પુરુષ છે. હવે?' હું કહું છું: 'બાકીનું બધું હું સમજી શકું છું.' લીલા સાવ ધીમા અવાજે કાનમાં કહે છે: 'ના રે ના, હું તો કશું દેખતી નથી. એક માત્ર તું અહીં તો દેખાય છે. હું તો નથી જોતી સરોવર, નથી જોતી આકાશ, મને ભગવાને ઘણું બધું સમાવવાની શક્તિ જ નથી આપી. તારું દુ:ખ એ છે કે –' હું કહું છું: 'જો મારું દુ:ખ તું જાણે છે તો મને એમાંથી ઉગારતી કેમ નથી?' એના સ્વભાવમાં નથી એવી ગમ્ભીરતાથી એ કહે છે: ' મારા પ્રયત્નો સાવ નિષ્ફળ ગયા છે. ' હું પૂછું છું: 'બસ? તેં આશા છોડી દીધી છે? ' એ કહે છે: 'ના, પણ પુરુષને સર્જનારી સ્ત્રી આખરે તો પુરુષને પોતાનામાં સમાવી લઈ શકતી નથી. સાંજ વેળાએ ઘીનો દીવો કરીને એના નાના શા તેજવર્તુળમાં એ જેને આલિંગનમાં જકડી દેવા ઇચ્છે છે એ તો ત્યાં હોતો નથી. સમુદ્ર પર ઊડતા પંખીની જેમ એ કોણ જાણે ક્યાં ખોવાઈ જવા નીકળી પડ્યો હોય છે.' હું હસી પડીને કહું છું: 'લીલા, તું શરદ્‌બાબુની નાયિકા જેવું બોલે છે.' એ સાંભળીને એ નાના બાળકની જેમ પૂછે છે:'શરદ્‌બાબુ મને નાયિકા બનાવે ખરા?'

# ૪૦

નવું સ્થળ, નવી હવા, નવું આકાશ. કદાચ માલાને હું પણ નવો નવો લાગું છું. જાણે આ પહેલાં એણે મને જોયો નથી. મારે વિશે કુતૂહલથી ઘણું બધું પૂછે છે: 'આ ભાવશે? આ ગમશે?' વાત તો નાની નાની છે. આવે પ્રસંગે હું પોતે પણ મને થોડો થોડો ગમવા લાગું છું. બાળપણથી મારા પર વેર લેતો આવ્યો છું. આજે હવે મારા વિશે મને થોડી પ્રીતિ ઉદ્‌ભવી છે. પાસે જ સમુદ્ર છે. મોડી રાત સુધી માલા સમુદ્રકિનારેથી મને ઊઠવા દેતી નથી. જાણે એ પોતે સમુદ્રનું મોજું જ છે, મને એની છાલકથી ભીંજવે છે. દિવસભર એ મને એકલો મૂકતી નથી. સહેજ લખવા જાઉં છું કે તરત પેન ઝૂંટવી લે છે. મને ધમકાવતી હોય તેમ પૂછે છે: 'તારી વાર્તામાં તેં કેટલી સ્ત્રીઓને દુ:ખી કરી છે? હવે બહુ થયું.' હું કહું છું: 'પુરુષોનું શું?' એ કહે છે: 'પુરુષોની મને ચિન્તા નથી. એમના પરાક્રમનું દુ:ખ એક અંગ છે. અરે, એમને મન તો દુ:ખ પોતે પણ એક પરાક્રમ છે.' હું એને ચિઢવવા કહું છું: 'પણ દુ:ખનું ગૌરવ તો ભોગવે છે નારી – સીતા, દમયન્તી.' એ અધીરાઈથી બોલી ઊઠે છે: 'બસ, બસ, ગૌરવનો ભાર વહી વહીને તો કમર તૂટવા આવી. હવે જરા નાચીએ, કૂદીએ, ઊડીએ.' મને પણ જરા હળવા થવાનું ગમે છે એટલે કહું છું: 'ના, તને ઊડવા તો નહિ દઉં.' એટલે એ મને ભેટી પડે છે ને ખાતરી આપતી હોય તેમ કહે છે: 'ના, ખોટા ભયથી છળી મરીશ નહીં. તું જ મને ઉડાવી મૂકે તો વાત જુદી.' હું એના કાન ખેંચું છું. એ ખોટી ખોટી ચીસ પાડે છે. એકાએક એ મને કહે છે: 'હવે તું અરુણ, રમેશ, અમલને ભૂલી ગયો કે નહીં?' હું ટૂંકો જવાબ આપું છું: 'એ બધા સારા માણસ છે. જે તને ચાહવા જેટલી સમજ ધરાવે છે તેને માટે મને માન છે.' એ એકદમ વિફરી ઊઠીને પૂછે છે:'કોણ મને ચાહે છે? તું સુધ્ધાં મને ચાહી શક્યો છે?' મને આનો જવાબ આપવાનું

મન નથી. હું એના ગાલ પર મારી આંગળીઓને રમાડું છું. એ કહે છે: ‘કેમ, જવાબ નથી આપતો?’ મેં કહ્યું: ‘જવાબ તો મેં આંગળીથી તારા ગાલ પર લખી લીધો.’ એ મારી આંગળી લઈને બે દાંત વચ્ચે દબાવે છે. હું પૂછું છું: ‘માલા, તને કદી ઈર્ષ્યા થઈ નથી? લીલા –’ એ મને બોલતો અટકાવીને કહે છે: ‘લીલાને કે મને તું સમજતો નથી. ઈર્ષ્યા વગર પ્રેમની ઉત્કટતા પુરવાર નહીં થાય એવું ક્યાંક મેં તારી વાર્તામાં વાંચ્યું છે ખરું. પણ એ ખોટું છે, હજાર વાર ખોટું છે.’ હું કહું છું: ‘આજે હું તારી પાસે હાર સ્વીકારવા તૈયાર છું.’ એ તરત બોલે છે: ‘હા, આજે એ બધું તને પરવડે છે કારણ કે અહીં હું એકલી છું. ધાર કે અહીં અરુણ આવે, અમલ આવે –’ હું જાણે એ સાંભળતો જ નથી ને એ મારા ખોળામાં માથું મૂકીને સૂઈ રહે છે. પછી આંખ બંધ કરી દે છે, કહે છે: ‘પુરુષને મન નારી એકાન્તનું ધન છે. એ એને બહાર કાઢતો નથી. નારી છે અસૂર્યમ્પશ્યા.’ હું કહું છું: ‘જોને, અહીં તો સમુદ્ર તારી કાયાને આલિંગે છે, પવન તારું વસ્ત્રાહરણ કરે છે ને સૂર્ય તારા અણુને અણુને ચૂમે છે.’ એ આંખો ખોલીને મારી સામે જોઈને પૂછે છે: ‘ને તું?’ હું ઝૂકીને એના હોઠ ચૂમી લઉં છું. એ સફાળી ઊભી થઈ જાય છે ને કહે છે: ‘ચાલ, ભરતી આવી ગઈ.’

# ૪૧

નથી ખબર પડતી – ક્યાંથી આવે છે આ ઉદાસી. વીત્યે જતા પ્રહરો વચ્ચેની એકાદ નાની શી ક્ષણ એ વેદના લઈને આવે છે. આંખ એકાએક કશું જોતી નથી. મન પાછું વળે છે. સમયનાં લથડતાં ચરણ દયા ઉપજાવે છે. પછી ધીમે ધીમે એ થાકીને બેસી પડે છે. એનું બધું વજન મારા પર તોળાઈ રહે છે. અવકાશ સંકોચાઈ જાય છે. શિરાઓ ફૂલી ઊઠે છે. હૃદય અનેક જુગના ઉધામાને વહેતું હાંફે છે. માલા, આજે તારું સ્મરણ કરતો નથી, કારણ કે મારામાં છવાયેલી આ ઉદાસીનો તારે મુખે ડાઘ પડી જાય એ મને ગમતું નથી. મારી પાસે છે કેવળ શબ્દો. આજે મને ખૂબખૂબ અવકાશથી ભરેલા શબ્દોનો ખપ છે. તેં જિંદગીમાં એવા કેટલા શબ્દો મને આપ્યા છે? પંખી એનું આકાશ લઈને જ જન્મે છે? ઘણી વાર તું બોલતી હોય છે ત્યારે હું લોભથી સાંભળું છું. મને ખૂબ ખૂબ ખપ પડવાનો છે તારા એ શબ્દોનો. આજે આ ઉદાસીની છાયામાં બેસીને હું તારા શબ્દોને સજીવન કરવા મથું છું: કેટલાક હાસ્યની છોળ પર તેજની કલગી જેવા તો કેટલાક ઉદ્યાનોના સૌરભમત્ત અવકાશથી ભરેલા, કેટલાક એકસરખા ઊછળતા ફુવારા જેવા તો કેટલીક દિગન્ત સુધી વિસ્તરતી વનરેખા જેવા. આદિ માનવની ગુફામાંના પશુના રેખાંકનની જેમ આ ઉદાસી હૃદયમાં ઊંડે ઊંડે અન્ધકારનાં શિલ્પો ઉપસાવે છે. હું એ શિલ્પોને નથી ઓળખતો. મને આ ઉદાસીની માયા નથી, ને છતાં આ ઉદાસીને મારા હૃદયમાં છવાઈ જતી જોઈને તું અળગી સરી જાય છે. તને ભય લાગે છે. નવી ફૂટેલી કૂંપળની જેમ તું કંપે છે. મારા આવેગથી તું ભડકીને ભાગે છે. તારા વિનાનો મારો આવેગ મને કેવો તો છિન્નભિન્ન કરી નાખે છે એ જો તું જાણતી હોત તો કેવળ તારું સંરક્ષણ કરીને આમ ભાગતી ફરતી ન હોત! પણ આ બધું સહીને જ્યારે ઊભો

થાઉં છું ને તારો હાથ શોધું છું ત્યારે તને આજ સુધી તો નિકટ પામતો રહ્યો છું. ઘેરી ઉદાસીની છાયા તું એક સ્પર્શથી ભૂંસી નાખે છે, ને છતાં તું હોવા છતાં ઉદાસી શી રીતે આવી શકે એવા વણઉચ્ચારાયેલા પ્રશ્નથી મારી સામે જોઈ રહે છે. જો તેં થોડીક ક્ષણોને, તારા વિનાની, રિક્ત ન રાખી હોત તો આ ઉદાસીએ ક્યાં પગ મૂક્યો હોત? આથી જ તો મારી અલસ વીતી જતી વેળાનો હું અફસોસ કરતો નથી, કારણ કે એ બધી ક્ષણો તારા સ્પર્શથી સભર છે. કર્મનો નિરર્થક ઉદ્યમ થંભી જાય છે. પર્વતપ્રદેશની શીતળ નિસ્તબ્ધતા, એમાં ક્યાંકથી સંભળાતો અજાણ્યા પંખીનો ટહુકો, દૂર દૂર ચાલી જતું કોઈ માનવીનું ટપકું, રૂપેરી તાર જેવું પર્વત પરથી ગબડતું ઝરણું ને એ સૌથી વિશેષ તો આકાશ અને સાગરને ભેગા ઘૂંટનારી તારી આંખ – મને ખૂબ ખૂબ ગમે છે. તારી કાયાના અતલે હું સાવ નિઃશેષ થઈ જાઉં છું. પછી મારા શ્વાસનો કોલાહલ પણ હું સાંભળતો નથી. તારા મુખ પર જ્યારે તૃપ્તિની દીપ્તિને જોઉં છું ત્યારે કદાચ એના દર્શન અર્થે જ અહીં આવી ચઢ્યો હોઈશ એવું મને લાગે છે. આજે અકારણે છવાઈ ગયેલી આ ઉદાસી, એનો વધતો જતો ભાર, મારી ભુંસાતી જતી રેખાઓ – એને કેવળ તારા જાદુની અપેક્ષા છે.

# ૪૨

નદીઓના સૂના કિનારા, પર્વતનાં શિખરોની નિર્જનતા, માણસોની ભીડ વચ્ચે ઊછળતા શૂન્યના જુવાળ – આ રહી રહીને મારા હૃદયને વ્યાકુળ કરી મૂકે છે. ક્યાંય સહેજ સરખી ફાટ રહે તો શૂન્ય ધસી આવે એ બીકે હું કંઈક કર્યે જાઉં છું, કંઈક બોલ્યે જાઉં છું. જે સ્નેહ આ શૂન્યને આવરી લઈને સમૃદ્ધ બની શકે તેને પામવા મથું છું. પણ આ મથામણ જ સ્નેહને દૂર નથી હડસેલી મૂકતી? અતિ સ્નેહ માટે શંકા ને શંકા માટે સ્નેહનો અભાવ – લીલા હસે છે. સહજ હોવું કેટલું અઘરું છે! મને લીલાની અદેખાઈ આવે છે. શું એને કશી વ્યથા જ નથી? શું એને કશી અપૂર્ણતા ખટકતી જ નથી? શું સમજે છે એ પ્રેમમાં? મને થાય છે કે આ એને પૂછું. પણ લીલા ગમ્ભીર બની જાય તો એ મારાથી જ નહીં જીરવી શકાય. હું ઝંખું છું માલાને, ઝંખીનેય એને નિકટ લાવી શકતો નથી. કદાચ માલા જેવી સ્ત્રીને કેવળ દૂરતાના માધ્યમમાં જ પામી શકાય છે. પણ આમ કહેવાનો શો અર્થ? ને લીલા તો પોતે છે એની જાણ કર્યા વિના, મારામાં વ્યાપી જાય છે ને કદાચ તેથી જ એને પામ્યાની અસાધારણતા હું પારખી શકતો નથી? આ બધું શા માટે અટપટું હોવું જોઈએ? આની વેદના મને સ્થિર રહેવા દેતી નથી. જ્યારે જ્યારે માલાથી છૂટો પડું છું ત્યારે એ જાણે અન્તિમ વદાય હોય એટલી બધી મને વેદના થાય છે. એ જોઈને માલા અકળાઈ જાય છે. વર્ષો પછી એને મળું છું ત્યારે જાણે વચ્ચેનાં વર્ષો વીત્યાં જ નહોતાં એવી રીતે એ મળે છે. એ કેવળ મને પામીને જીવવા નથી ઇચ્છતી? આ મારો મિથ્યા અહંકાર જ હશે? આ દ્વિધા છતાં હું લખું છું. મારી સૃષ્ટિ રચું છું – કદાચ આથી બીજી કોઈ સમ્ભાવના મારે માટે નથી? આ વિચારતો હું બેઠો છું. લીલા બારીનો પડદો ખસેડીને બારી પાસે ઊભી છે. અત્યન્ત કુતૂહલથી સવાર વેળાના ધુમ્મસને જોઈ રહી છે. હું પૂછું

છું: 'તું શું જોઈ રહી છે?' એ કહે છે: 'ધુમ્મસ.' હું કહું છું: 'ધુમ્મસ તો આચ્છાદન છે, આવરણ છે. એમાં તે શું જોવાનું?' એ કહે છે: 'એની જ તો મજા છે. આ આવરણ હઠી જશે પછી શું દેખાશે તેની કલ્પના કરવાની મજા પડે છે. તને નથી મજા આવતી?' હું કહું છું: 'એ મજા લેવી હોય તો ધુમ્મસ કદી ન હઠે એવી પ્રાર્થના કરવી પડે! એ હસીને કહે છે: 'હા, તું ને હું એવી પ્રાર્થના અણજાણપણે કરતાં જ હોઈએ છીએ. તારા જેવો ઘમંડી એ કબૂલ ન કરે એટલું જ.' હું વિના કારણે રોષે ભરાઈને કહી નાખું છું: 'તું પોતે જ કુહેલિકા નથી?' એ મારી સામે જોઈને કહે છે: 'ઓહો, તું મને ઓળખે છે ખરો?'

# ૪૩

આજે કોણ જાણે શાથી યાદ આવે છે એ પ્રસંગ: દિવસોના દિવસો સુધી હું માલાની રાહ જોતો બેસી રહ્યો હતો. ઘરની બહાર સુધ્ધાં નહોતો ગયો. એક નવલકથાની સૃષ્ટિને ગૂંચવીને બેઠો હતો. કેટલીક વાર લેખન નર્યું આત્મપીડન નથી બની રહેતું? પીડા કરવા પૂરતો પણ આત્મા રોકાયેલો તો રહે છે! એકાએક એક સાંજે માલા આવી ચઢી. આમ તો હું ઘણું બોલું છું, પણ તે દિવસે ઠપકાનો કે આવકારનો એક પણ શબ્દ બોલી શક્યો નહીં. એણે મારો ઓરડો, એની અવ્યવસ્થા બધું વીગતે જોવા માંડ્યું. જેટલા દિવસ એ નહોતી આવી તેટલા દિવસની બધી જ નોંધ જાણે ન લેતી હોય! તુચ્છ લાગતી વીગતોમાં માલા ખૂબ આત્મીય લાગે છે. વગર કહે એ ચા કરી લાવી. ટપાલમાં આવેલા કાગળોના જવાબ પણ લખી નાખ્યા. આ બધું કરતાં કરતાં એને મારી ઉપસ્થિતિની કશી નોંધ લેવાની જરૂર નહોતી. ધીમે ધીમે સાંજ ઢળી. અંધારું વધ્યું. એ મારી પાસે આવીને બેસી ગઈ. આટલી નિકટ એ કદી આવીને બેસતી નથી. પણ કોણ જાણે કેમ એની આજુબાજુ એક દૂરતાનું આવરણ રહ્યું હોય એવું લાગે છે. એને ભેદી શકાતું નથી. કદાચ એ એની લાચારી હશે! એની વેદનાને મારી કરી શકું એટલી નિકટતા કદી સિદ્ધ થઈ શકે ખરી?– પ્રશ્નો, પ્રશ્નો, પ્રશ્નો? છતાં હું હોઠે એક શબ્દ પણ લાવી શક્યો નહિ. એ સાંજે જો મેં વાત માંડી હોત તો આજ સુધી જે નહોતો કહી શક્યો તે બધું જ કહી દીધું હોત. પણ જાણે, એ સાંજે, મને કશું કહેવાની જરૂર જ ન લાગી. અમારાં નિસ્તબ્ધ નિશ્ચલ સરોવર જેવાં હૃદય જન્મજન્મની છાયા ઝીલી રહ્યાં હતાં. તે દિવસે મારા મનમાં આ ભાવનો ઉદય થયો: જે સંસારની જંજાળ છે તેને વીંધીને જોતાં એક જ વસ્તુ સાચી લાગે છે ને તે એ કે અમારો સમ્બન્ધ કોઈ પરિચિત સંજ્ઞાની અપેક્ષા રાખતો નથી. માલા મારાથી અપરિચિત

એવી વ્યક્તિઓના સમૂહમાં ખોવાઈ ગઈ હોય, વર્ષોથી દૂર રહી હોય, કોઈ અન્ય જોડે સંસાર માંડ્યો હોય તોય આ સમ્બન્ધનું સૂત્ર કદી એ કે હું છેદી શકવાનાં નથી. અમે બંને જે વેદના અનુભવીએ છીએ તે કદાચ આ સમ્બન્ધની પ્રતીતિનું જ એક રૂપ ન હોઈ શકે?– આ બધું હું વિચારતો હતો ત્યાં માલાનો ભીરુ હાથ કંઈક સંકોચ છોડીને, પ્રગલ્ભ બનીને મારા કપાળે સ્પર્શ્યો, ત્યાંથી નીચે સરીને એની આંગળીઓ મારી બંધ આંખની પાંપણો પર કશુંક શોધવા મથતી હોય તેમ ફરવા લાગી; પછી એ બે હાથ હિંમત એકઠી કરીને કે પછી કોઈ દુર્દમ્ય આવેગને વશ થઈને મને ઘેરી વળ્યા. મારી તરફ મંડાયેલી એની આંખો મૂક તો નહોતી. એ આંખો અને એનો સ્પર્શ ભેગાં મળીને એક સૂરથી કશુંક ગાતાં હતાં. એ અશ્રુતપૂર્વ સંગીત વાતાવરણને ભરી દેતું હતું. મને થયું: માલા મારામાં સંગીતરૂપે વહી આવીને ભળી જાય છે. એ અનુભવની નિબિડતા લગભગ અસહ્ય બની ગઈ ને ત્યારે એના હોઠ પરની મૌનની મુદ્રા મારા હોઠ પર આંકીને જતી હતી.

## ૪૪

માલા, આપણા સ્નેહને મરણ જ શું વળ નથી ચઢાવતું? ઘણી વાર હું મરણને બહુ નિકટતાથી અનુભવું છું. એક શ્વાસ જેટલો જ વચમાં અન્તરાય હોય છે. એને ઠેકી જાઉં તો સામી બાજુએ પહોંચી જવાય. આટલે નિકટથી મરણની મોઢામોઢ ઊભો હોઉં છું ને એને જોતો હોઉં ત્યારે તારી પરિચિત મુખમુદ્રાના કેટલા બધા અંશો એ ચોરી બેઠું છે – કદાચ મને લોભાવવાને જ – તેનો મને ખ્યાલ આવે છે. તારા સ્પર્શની સ્મૃતિ ભેગો એકાદ તન્તુ મરણ પોતાનો પણ ગૂંચવી નથી દીધો? તારાં આંસુ ને તારું મૌન મારા મરણને પુષ્ટ નથી કરી ગયાં? પણ માલા, હું તને ઠપકો નથી આપતો. આજની આ સૂની સાંજે શહેરના ઘોંઘાટની વચ્ચે બેઠો બેઠો હું જાણે ધીમે ધીમે લય પામતો જાઉં છું. આ કોઈ તેજાબના જેવી વેદના નથી. આ ઓગળ્યે જવાનું સુખ છે એમ પણ નહીં કહું. આ અનુભવમાં કેટલું બધું એક સાથે છે – કદાચ મરણ ન જીરવી શકાય એવો સંવેદનોનો સંચય નહીં હોય! પણ માલા, હું ગભરાઈ જાઉં છું. વેદનાનું આપણે બહુવચન કરીએ છીએ ત્યારે બધી વેદનાઓને આપણે એકાકાર કરી નથી મૂકતાં, આપણે દરેકનાં જુદાં નામ પાડીએ છીએ, એ સાથે જુદી જુદી વ્યક્તિઓને સાંકળીએ છીએ. મરણ આ બધું એકાકાર કરી નાખે છે. કેટલીક વાર આ ભિન્નતાનો ભાર મારે માથેથી ઉતારી નાખવાનો ઉપકાર કરવા મરણ એ બધું ભૂંસી નાખવા હાથ ઉપાડે છે. શરૂમાં તો મને એ ગમે છે પણ બધી રૂપરેખાઓને ભુંસાઈ જતી જોઉં છું કે તરત ફફડી ઊઠીને મરણનો હાથ ઝાટકી નાખું છું. ને છતાં આ ભીતિને સહ્ય જ નહીં, આવકાર્ય પણ બનાવવી પડશે. અજાણી ધરતીનો સ્પર્શ, દૂરદૂરનો પવન ને આંખમાં અસીમને આંજી દેતી નીલિમા – આ બધું મને વિહ્વળ બનાવી મૂકે છે. જો મારી આ સ્થિતિની સ્મૃતિને સંચિત કર્યે જાઉં તો મરણ

બહુ અજાણ્યું નહિ લાગે કદાચ. પણ માલા, આ અનુભવમાં આપણે સાથે નહીં રહી શકીએ? મરણ બધાંનો સમાવેશ કરે છે, એ બધાં ભેગાં આપણે એમાં ‘આપણે’ કહેવા જેવી સ્થિતિએ રહી શકીશું ખરા? તું તો એ કબૂલ નહીં રાખે. ઘણી વાર જ્યારે છૂટા પડવાનું મને બહુ અઘરું લાગે ને એને સહ્ય બનાવવા હું બાળકની જેમ મથતો હોઉં છું ત્યારે તું કેટલી બધી આસાનીથી જાણે પાંચ પચ્ચીસની ગાડી પકડવાની અનિવાર્યતા હોય તેમ મારી તરફ નજર કર્યા વિના, જવાની દિશામાં જ જોતી, ‘આવજે ત્યારે’ બોલીને જતી રહે છે. હું કોઈની નજરે ન ચઢું માટે આગળ ડગલાં ભરુ છું, પણ પછી ઊભો રહી જાઉં છું ને ભીડ વચ્ચે ખોવાઈ જતા તારા આકારને જોઈ રહું છું. આવું જ કંઈક મરણમાં બનતું હશે? તારી બંધ આંખોમાં પુરાઈ જવું એને જો મરણ કહેવાતું હોય તો કેવું સારું? તો તો તારાં આંસુ જોડે મૈત્રી થઈ જાય ને કદિક તને ફોસલાવીને બહાર પણ ટપકી જઈ શકાય. તું મને કે આંસુને ક્યારેય રોકી શકી છે?

# ૪૫

લીલા પૂછે છે: 'હું પરણી જાઉં તો?' હું હસીને કહું છું: 'તો હું 'અષ્ટપુત્રા ભવ' એવો આશીર્વાદ આપું.' આ સાંભળીને એ ગમ્ભીર થઈ જઈને પૂછે છે: 'તું મને પરણાવી દેવાને ખૂબ આતુર છે?' આ સાંભળીને હું સહેજ વિચારમાં પડી જાઉં છું. પછી કહું છું: 'ચાલ ને લીલા, તારે માટે આપણે એક સરસ વર શોધી કાઢીએ.' એ જાણે કશાક કાવતરામાં ભાગ લેવા તૈયાર હોય તેમ અધીરી બનીને કહે છે. 'હા, ચાલ ને, એક સારો જોઈને વર શોધી કાઢીએ.' પછી એ પૂછે છે: 'માલાનું શું?' હું કહું છું: 'માલા તો કદાચ મનથી વરી ચૂકી હશે.' એ સહેજ મુંઝાઈને કહે છે: 'તો એનો વર મનમાં જ છે કે કદિક કદિક બહાર પણ આવે છે?' હું કહું છું: 'એ તો હું શું જાણું?' લીલા વિચારમાં પડી જાય છે. હું પૂછું છું: 'કેમ, વરનો સાક્ષાત્કાર થયો કે શું?' એ કહે છે: 'હત્ અદેખા, હમણાં જ હાથમાં આવી જતો હતો ત્યાં તું – 'હું કહું છું: 'એમ સહેલાઈથી એ હાથમાં આવી જશે ખરો?' એ કૃત્રિમ રોષથી કહે છે: 'બધા તારા જેવા દુષ્ટ નથી હોતા.' હું એને ચિઢવવાને કહું છું:'ચાલો, હું તો બચી ગયો. હું તો દુષ્ટ છું એટલે તારી યાદીમાંથી નીકળી ગયો ને?' એ કંઈક વિષાદભર્યું હસીને કહે છે: 'ઓહો, તને બહુ સુખ થયું નહીં?' હું કહું છું: 'મને ભલે ને દુ:ખ થયું હોય, અરે, મર્મઘાતક દુ:ખ થયું હોય, પણ તું દુષ્ટને પનારે પડે એ મારાથી કેમ સહ્યું જાય?' એ છણકો કરીને કહે છે. 'પરોપકાર કરવાનું તો તું ગળથૂથીમાં જ શીખ્યો હતો, ખરું ને?' હું કશું બોલતો નથી. એ કહે છે: 'તું કશી ચિન્તામાં પડીશ નહીં. મૂરતિયાની શોધ ચાલુ છે. દર્શન મિલન – બધા વિધિ થશે. તું કોઈક વાર દૂરથી એ પ્રહસન જોશે તો તને મઝા આવશે.' હું કહું છું: 'તું તો તરત જ ઝડપાઈ જશે. જોતજોતાંમાં શ્રીમતી લીલા માથું ઢાંકીને મંગળસૂત્ર રમાડતાં દેખાશે.' એ

ગુસ્સે થઈને મને ચૂંટી ખણે છે ને કહે છે: ‘કોઈનું ભવિષ્ય ભાખવામાં શું ભારે બહાદુરી છે?’ હું કહું છું: ‘પણ લીલા, મને બધું સ્પષ્ટ દેખાય છે, કોઈ પ્રતિભાશાળી પણ બાળક, ઢીંગલીની જેમ રમાડી શકાય એવો, દેશભરમાં ખ્યાતિ પામનારો છતાં તારા શબ્દની ભારે કીંમત રાખનારો –’ લીલા ચિઢાઈને કહે છે: ‘બસ બસ હવે.’ પછી કહે છે: ‘ઘણી વાર એવો વિચાર કરું છું કે આ પરણવાની ઝંઝટ નહીં હોય તો કેવું સારું પણ –’ હું પૂછું છું: ‘પણ શું? તો તું હારી કેમ જાય છે?’ એ એકાએક ઉત્સાહમાં આવીને પૂછે છે: ‘તો તું મને જિતાડવામાં મદદ કરે ખરો?’ મારાથી કહેવાઈ જાય છે: આવી બાબતમાં કોઈની મદદથી જીતી શકાતું નથી.’ એ ચિઢાઈને કહે છે: ‘દુષ્ટ!’

# ૪૬

અનેક નદીનાં જળ, અનેક પર્વતોની દૂર દૂરની ભૂરી ઉત્તુંગતા, અજાણ્યા વનમર્મરનો સંલાપ, વિશાળ મેદાનો ભરીને પડેલી નિર્જનતા, જનસંકુલ નગરોનો વિષાદ – આ બધાંએ મને જાણે કણ કણ કરીને વિખેરી નાખ્યો છે. બાળપણમાં ગોઠિયાઓ જોડે રમતાં એકાએક કશીક ધૂન મનમાં સવાર થઈ જાય ત્યારે અળગો થઈને અન્યમનસ્ક બનીને બેસી રહેતો. જાણે રહી રહીને કોઈક કશુંક જન્મોજન્મથી કહી રહ્યું છે. ઘણી વાર એ અવાજ દૂરથી સરી જતા ભણકારા જેવો સંભળાય છે, પણ કેટલીય વાર સાવ નજીક આવીને એ કશુંક કહે છે. એ ભાષાને હું નથી સમજતો. પણ ત્યારે હું પોતે જ મારામાં નિરાશ્રિત જેવો કશીક અકારણ અસહાયતા ભોગવી રહ્યો છું. સંભવ છે કે આવી કોઈ પળે આ જન્મનું કોઈ સુખ મારા દ્વાર પરથી પાછું વળી ગયું હોય. એ સુખની મ્લાન છબિ પછીથી મને સતાવ્યા કરે છે. હું અનાસક્ત નથી, પણ બાષ્પીભૂત થઈને વિખેરાઈ જતા મારા અસ્તિત્વને દૃઢ વજ્રબન્ધમાં જકડી રાખે એવું કશું મને મળ્યું નથી. આની મર્મઘાતક વેદના જ કદાચ મારું આ જન્મનું ધન છે. આથી માલા, તું બન્ધનથી અકળાઈ ઊઠે છે ત્યારે મારી વેદના સમજતી હોય એવું લાગતું નથી. હું તારાથી બંધાઈ જવા ઇચ્છું છું. ને મને બાંધી દેવા પૂરતી જ તું બન્ધનમાં હશે. એથી તારા મુક્તિ ભયમાં આવી પડશે એવો તને ભય રહે છે ખરો? આથી જ તો, તારા બન્ધનની અપેક્ષા હોવા છતાં રખે ને તારી મુક્તિ આડે અન્તરાય ઊભા કરી બેસું એ બીકે હું તારી પાસે આવીને દૂર સરી જાઉં છું. દૂર સરી જતી વખતે ફરીથી પાછા વળીને એ જ બિન્દુએ નથી આવી શકાવાનું તે હું જાણું છું. આપણા વિચ્છેદના દિવસો દરમિયાન આ સૂર્ય, આ પવન, આ પરિવેશ – એ બધાં જ મળીને તને કેવી તો અજાણી કરી મૂકે છે! એકે એક ક્ષણ

એના હસ્તપ્રલેપથી તારો ચહેરો ભૂંસે છે ને એની પાછળ રહેલો એક નવો જ ચહેરો ખીલી આવે છે. ઘણે વખતે આવીને તને મળું છું ત્યારે જાણે જન્મોજન્મનું અન્તર પડી ગયેલું લાગે છે. તારા ઓરડાની ઘડિયાળ તને વધારે આત્મીયતાથી ઓળખી શકે છે. હું અજાણ્યાની જેમ બેસી રહું છું. આત્મીયોની અડફટે ચઢું છું. થોડા નવા ઘા ઝીલું છું ને એમ વળી દૂર સરી જવાનું મુહૂર્ત વળી આવી લાગે છે, પણ આ તે કઈ ભરતીનાં મોજાં ફરી મને તારે કાંઠે લાવીને હાજર કરી દે છે? તું દૂર દૂર ક્ષિતિજમાં કોઈ વાર તારી આંખોને કશીક અજાણી વેદનાથી વિહ્વળ બનીને ખોઈ બેસે છે ખરી? નાના શા ઘરના હૂંફભર્યાં વર્તુળોમાં ગોઠવીને સજાવી શકાય એવો સ્નેહ કદાચ આપણા ભાગ્યમાં નથી, જે આ ક્ષણે આંખનું આંસુ બનવા જેટલું નિકટ આવે છે તે જ બીજી ક્ષણે દૂરનું નક્ષત્ર બનીને ચમકે છે.

## ૪૭

ક્ષણના પાંચીકા ઉછાળીને લીલા રમે છે. હું બેઠો બેઠો એ રમત જોઉં છું. એની ક્ષણ કાળનો ભાર ઉપાડતી નથી. પણ એક ક્ષણ કેટલીક વાર અફાટ શૂન્યથી ભરેલી નથી હોતી? એવી ક્ષણોનું એ શું કરતી હશે? એનો સમય ફુવારાની જેમ ફોરાં બનીને વિખેરાઈ જાય છે. કોઈ સરોવરમાં હૃદયનો નિસ્તરંગ ભારે ભારે અન્ધકાર સંઘરવાની એની પાસે જગ્યા ક્યાં છે? એ તો સૂર્યને પણ રંગીન બુદ્‌બુદ રૂપે ઉડાડી મૂકે છે. એની સાથે માયા જોડી ન શકાય. છતાં એ સંસાર વચ્ચે વસે છે. એ સાવ નિલિર્પ્ત રહી શકે છે? વેદનાથી સાવ અસ્પૃષ્ટ રહી શકે છે? લીલાનો સ્વભાવ સમસ્યારૂપ બનવાનો નથી. મારી ગૂંચથી જ કદાચ હું એને ગૂંચવીને જોઉં છું. આપણા સિવાયના અન્યનો સ્વીકાર એ કેટલી અટપટી વસ્તુ છે? લોપ વિના સ્વીકાર સમ્ભવતો નથી એમ ઘણાં કહે છે. સ્વીકારની પૂર્ણતા જો આપણામાં નિ:શેષ વ્યાપી જાય તો લોપની વેદનાને અવકાશ જ ક્યાં રહે? પણ હૃદય કશું સરળ રહેવા દેતું નથી. માલાને ઝંખું છું ને કદાચ એને કદી પામી શકવાનો નથી એના ભાનથી જ ઝંખું છું. લીલા તો અગ્રાહ્ય જ છે. આમ એ બંનેમાંથી એક્કેય આત્મવિલોપનની આવશ્યકતા ઊભી કરે એમ નથી. આ જ કારણે કદાચ હું એ બંનેને એક સાથે ઝંખું છું. પણ ઘણી વાર એ બંને એકબીજામાં અભિન્નભાવે ભળી જતાં હોય એવું મને લાગે છે. આંસુ અને સ્મિત આખરે વાત તો એક જ ઉચ્ચારે છે. આવું બધું હું વિચારતો હતો ત્યાં જ લીલા આવી ચઢી. સાથે આવ્યું એનું હાસ્ય. એના શબ્દોએ પતંગિયાની જેમ ઊડાઊડ કરી મૂકી. એના સ્પર્શો ફૂલની પાંખડીની જેમ મને વળગી પડ્યા. મારા નિર્જનતા પણ રોમાંચિત થઈ ઊઠી. સૃષ્ટિ બે આંખોની સીમામાં સંકોચાઈ ગઈ. બે હાથના પ્રસારથી વધુ દૂરનો કોઈ ધ્રુવ દેખાતો બંધ થયો. તાર પરથી સરતાં

વરસાદનાં ટીપાંની જેમ ક્ષણો સરવા લાગી. પળે પળે નવી ભાત ઊપસી આવતી દેખાઈ. પણ અસ્તિત્વના અતલમાં ઊંડે ઊંડે જે છે તે પણ શું આવી ક્ષણે દ્રવીભૂત થઈને વહી જાય છે ખરું? એનો ભાર લુપ્ત થાય છે ખરો? એ નીરમ વિના આપણને ચાલે ખરું? લીલા કદાચ આવા પ્રશ્નોને ઓળખતી નથી. પણ એ તો મારું અનુમાન. અમુક પ્રશ્નો કદાચ મારા મનની વિશિષ્ટ આબોહવામાં જ ઊછરે છે, કોઈ બે હૃદયની આબોહવા કદી એક થઈ શકે છે ખરી? કે પછી એવું કરવા જતાં જ ઝંઝાવાત સૂસવી ઊઠે છે? મારી આંખો આ પ્રશ્નોને કારણે ધૂંધળી બની ગઈ હશે. લીલાએ એ જોયું ને બોલી: 'આકાશ ઘેરાયું છે કે શું?' મેં હસીને કહ્યું: 'તું હોય તો પછી આકાશ કેટલો વખત ઘેરાયેલું રહી શકવાનું હતું?' એણે પૂછ્યું: 'હું છું ખરી? ક્યાં છું?' મેં કહ્યું: 'આ પ્રશ્નોનો ભાર તું પણ ઉપાડી જાણે છે ખરી?' એણે કહ્યું: 'એ કાંઈ સ્વેચ્છાએ ઉપાડવાનો નથી હોતો. કોઈ પ્રશ્ન આપે, કોઈ પ્રેમ.' કોણ જાણે શાથી, હું સહેજ અકળાઈ ઊઠ્યો ને બોલ્યો: 'પ્રેમ કોઈ આપી શકે? પ્રેમ ખીલે, વિકસે, બાકી આપેલો પ્રેમ –'

# ૪૮

નાનું શું ફૂલ પ્રકૃતિનાં તત્ત્વોનો કેવો સુગન્ધી સમન્વય સાધી શકે છે! બાળપણમાં ફૂલોની વચ્ચે ઊછર્યો છું. ઘરમાં છવાયેલા મૌન વચ્ચે ફૂલોની વાચાળતા મને બચાવી લેતી. આથી માલા, તને પણ અરણ્યના કોઈ અનામી પણ સુગન્ધથી વાચાળ ફૂલની જેમ હું જોતો આવ્યો છું. પણ તારું એક સ્વતન્ત્ર અસ્તિત્વ છે. ગમે તેટલું મથીએ તોય બીજાના અસ્તિત્વની આ પૃથક્તાને પૂરેપૂરી ભેદી શકાતી નથી કે નથી પોતાનું પૂરું વિગલન થઈ શકતું. જે આ પૃથક્તાના પાયા પર જ કંઈક ખરું કરી શકે તે સાચો. પણ મેં જોયું છે કે એ મારાથી બની શક્યું નથી. હું કોઈકની પ્રબળ અપેક્ષાની આહુતિ લેખે ખપી જવા પણ મથ્યો છું. પણ આહુતિ કોઈને ખપતી નથી. અહીં આપણને કોઈ નિઃશેષ થઈ જવા દેતું નથી. અહીં તો સૌને અંશોનો ખપ હોય છે. એ અંશ તમારામાંથી ઊતરડીને એ લોકો લઈ લે છે. છેદાયેલાં ગાત્રવાળું આ અસ્તિત્વ ક્ષણભર વેદનાને ન ભૂલી શકે તો શી નવાઈ! બીજાને આ વાત મંજૂર નથી. એ ‘શૂન્ય’, ‘એકાન્ત’, ‘આંસુ’, ‘મરણ’ જેવા શબ્દો હું ફરી ફરી વાપરું છું તેથી મારો ઉપહાસ કરે છે. જાણું છું કે એવા ઉપહાસમાં દંશ નથી, પણ એ જાણવું જ કાંઈ થોડું આશ્વાસન બની રહે છે? આપણે અજાણપણે જ, કેટલાં ક્રૂર બનતાં હોઈશું? સ્વાદ લેવો આપણે આગવા પાત્રમાં, માટે આપણું નામ જુદું રાખવું, કશું એકાકાર થવા દેવાનું નહીં; પણ સ્વાદ આખરે શેનો સ્વાદ હોય છે? આ તદાકારતાની અનુભૂતિનો જ ને? માલા, તું જાણે છે આ બધું હું ક્યાં બેઠો બેઠો વિચારું છું? સાંજ પડી ચૂકી છે. સાંજનો સમય મારે માટે બહુ કપરો હોય છે. હું ઘરમાં બેસી શકતો નથી. આથી બહાર નીકળું છું. સામે દરિયો છે. દરિયાની ને મારી વચ્ચે ખૂબ ખૂબ માનવીઓ છે. એમાંથી હું કોઈનો ચહેરો જોતો નથી. પડછાયાની હાર લંબાતી માત્ર

જોઉં છું. રેસ્ટોરાંમાં બેઠો બેઠો સમુદ્ર ને ક્ષિતિજની ભેગી થતી રેખાને જોઉં છું. ભેગા થવું હોય તો આમ અફાટ રીતે વિસ્તરી જવું પડે. ને માલા, વિસ્તાર એટલે જ દૂરતા. એથી જ તો આપણે ભડકી ઊઠીએ છીએ. હાથથી હાથ છૂટો પડે, રસ્તાનો વળાંક આવે , દૃષ્ટિ પણ પાછી ફરે ત્યારે હૃદય કેવું ગભરાઈ જાય છે! પછી કશી સ્મૃતિ મદદે આવતી નથી. માલા, ખૂબ ખૂબ પવન છે – તારી ઊડતી લટથી તારું આખું મુખ ઢંકાઈ જાય એટલો બધો પવન. પણ પવન તો દુસ્સાહસિક છે. આખરે તારે મારી મદદ લેવી પડે છે. પવન આથી જ મને ગમે છે. એથી તું થોડે ઘણે અંશે તો અસહાય બને છે. લજ્જા નારીનું ભૂષણ છે તો અસહાયતા પણ હશે. અકળાઈશ નહીં, આ તો તને ચિઢવવા જ કહું છું. પ્રેમ એ કાંઈ પાંગળાઓનો ખેલ નથી. દૂર ખડક સાથે અથડાઈને જળસીકરોના શ્વેત ગુચ્છ અંજલિરૂપે નિવેદિત થઈ જાય છે. તું એ અંજલિ ગ્રહણ કરે છે ને? તારી માળામાંનો પેલો કાળો પાસાદાર પથ્થર – એમાં સમુદ્રના આ ફેનરાશિનો ધોળો રંગ કેવો ચમકે છે! હું એ જોયા કરું છું. કશું બોલતો નથી. ધીમે ધીમે સમુદ્રના નિવેદનનું સ્તોત્ર મારી શિરાઓમાં ગૂંજતું થઈ જાય છે. ને તું?

## ૪૯

હૃદય એનો લય બદલી બેઠું છે. મારું અસ્તિત્વ ફોટાની ફ્રેમ જેવું માત્ર રહ્યું છે. એમાં મઢેલી છબિઓ બદલાતી આવે છે. એ છબિ મને પરિચિત નથી. એની જોડે મારે કશી નિસ્બત પણ નથી. કોની હશે આ સ્મૃતિઓ? ઉત્સવ વખતે, અનેક અજાણ્યાઓની અવરજવર વચ્ચે, પોતાના જ ઘરમાં પારકાની જેમ બેસી રહેવું પડે છે તેના જેવું આ લાગે છે. કાંઈ કેટલાં અપરિચિત મુખ, એ મુખે ઉચ્ચારાતી અપરિચિત વાણી, હાથમાં અજાણ્યા હાથ, અજાણ્યાં સ્થળ, દિવસરાત – આ બધું મને ભમાવે છે, મને ક્યાંથી ક્યાં ઘસડી લઈ જાય છે! આવે વખતે કદાચ માનવી ઝંખે છે કશા ધ્રુવને, ક્યાં છે એ? બે અક્ષરનું બનેલું તારું નામ ભેગું કરવાને ક્ષિતિજના એક છેડાથી બીજા સુધી પહોંચવું પડે છે. એ નામ એકઠું કરીને ઉચ્ચારવા જાઉં છું ત્યારે એ ધ્રુવપ્રદેશની હિમાચ્છાદિત શ્વેત નિસ્તબ્ધતામાં શોષાઈ જાય છે. માલા, તારાં બધાં જ આંસુઓ ને તારું સકળ મૌન અહીં હિમસ્વરૂપને પામ્યાં છે. અહીં જળનો કલ્લોલ નથી, વૃક્ષનો પર્ણમર્મર નથી, પંખીનો ટહુકાર નથી, અન્ધકારનો મહિમા પણ અહીં અક્ષત નથી. આપણાં વ્યક્તિત્વ અહીં માત્ર આ શ્વેત વિસ્તાર વચ્ચે થોડાં ધાબાં જેવાં દેખાય છે. આ નિસ્તબ્ધતા વચ્ચે બેસીને શબ્દનો મહિમા સમજું છું. કેટલા સૂર્ય આ નિ:શબ્દતાને ઓગાળી શકે? માલા, એ સૂર્યમાળાના ભ્રમણને માટેના અવકાશરૂપ જ તારું અસ્તિત્વ હતું? લાખ જોજનને અન્તરે રહેલા તારા પણ એકબીજાને આમ જ સમ્બોધતા હશે? આ નિસ્તબ્ધતામાં બધા પ્રશ્નો અને બધાં સમ્બોધનોનો વિલય થઈ જશે. પણ સમ્ભવ છે કે એમાંથી જ ફરી આકાર પામીને મારું એકાદ સમ્બોધન તારી આંખમાંથી ટપકી પડે; એકાએક કશોક શીતળ સ્પર્શ પ્રશ્નની જેમ તને ચોંકાવી દે.'સમ્ભવ છે, સમ્ભવ છે –' પોપટની જેમ

મારી આશા પઢે છે. પણ આશાને હડધૂત કરવા જેટલી નિર્મમતા મારામાં નથી. હું નિર્મમ થઈ શક્યો નથી. મમત્વના વિસ્તારને બીજે છેડે તું રહી જ છે એમ માનીને તો હું જીવ્યો છું. કદાચ મારું મમત્વ ને તારી નિર્મમતા એકબીજાની સમ્મુખ થશે ત્યારે એ બે વચ્ચેના ભેદનું આવરણ કેટલું તો મિથ્યા હતું તે તરત તને સમજાઈ જશે. મમત્વની મને નામોશી નથી. મારે મન એ ગૂંચનો વિષય નથી. જે બધું લઈને આપવા જાય છે તેને કશા સરવાળાબાદબાકી કરવા પડતા નથી, પણ જે થોડું સાચવી રાખે તેને માટે જ બધી જંજાળ ઊભી થાય છે. લીલા તો આપવા લેવાની પરિભાષા જ સ્વીકારતી નથી. પણ આપણે માનવી છીએ, એ પરિભાષાની બહાર આપણે શ્વાસ શી રીતે લઈ શકીએ? લીલા અમાનુષી છે. આપણે માનવી છીએ, માટે જ તો આપણા માર્ગ વિરુદ્ધ દિશામાં જતા લાગે તો ફરી ભેગા થઈ જાય છે. એથી જ તો આજે ‘વેદના’ શબ્દ વાપરવાનું મન થતું નથી. વેદના વડે જ જો પોતાને અનુભવી શકતા હોઈએ તો એ જ જીવનનો શ્વાસ નહિ બની રહે? આજે હું પણ ઘડીભર આંખ બંધ કરીને આ નિસ્તબ્ધતામાં ઊંડે ઊંડે મારી જાતને નિમજ્જિત કરી દેવા ઇચ્છું છું. હું એમાં ઓગળીને એકાકાર થઈ જઈશ એવી આશા નથી, પણ જો એવું થઈ જાય તો એની મને હવે ભીતિ નથી.

# ૫૦

આજે સૃષ્ટિને મુખે 'આવજો'ની વદાયવાણી છે. હવા હીબકાં ભરે છે. તડકો અહીંતહીં ઠોકર ખાય છે. ઘરના ખાંચાઓ વચ્ચે ભીંસાતોકચડાતો અવકાશ મૂંગી ચીસ પાડે છે. બારીઓએ પોતાની આંખ ફોડી નાખી છે. શિરચ્છેદ કરેલા શબ્દોનાં પ્રેત અહીંતહીં અથડાતાં ફરે છે. અસંખ્ય મનુષ્યોનાં ટપકાં ભેગાં કરીને કોઈક કશીક નવી લિપિ ગોઠવવા મથી રહ્યું છે. અન્ધ સૂર્યની આંગળીઓ કશુંક ફંફોસી રહી છે. સાંજને છેડે પાછા ફરીને આપણેય આજે બારણાનું કડું ઠોકીશું? બારણું ખૂલશે? અંદર કોને જોઈશું? કદાચ 'આવજો' કહેતો નિ:શ્વાસ આપણા કાનમાં ગરજી ઊઠશે ને ફરી પવનના એક ધક્કાથી બારણાં વસાઈ જશે? સાંજને વખતે શેરીના દીવાઓની થરકતી જ્યોત ડાકણની જીભની જેમ લપકારા મારતી હાલી ઊઠશે? એ જીભ કયા શબ્દો ઉચ્ચારતી હશે? જળ પણ આજે ભયભીત થઈને નાસે છે. કોઈ આંધળો સાપ દર શોધતો દોડે તેમ આ જળ આજે ક્યાંક લપાઈ જવાને દોડી રહ્યું છે. વૃક્ષોની છાયાને સંકેલી લેવા મથી રહ્યું છે. ધૂળની ડમરી ચક્રાકારે ઘૂમતી ઘૂમતી કશાક અજાણ્યા મન્ત્રનું રટણ કરી રહી છે. વન ઉચાળા ભરીને ચાલી નીકળ્યાં છે. હમણાં જ શહેરનાં માથાં પર થઈને ચાલી નીકળશે. પગ વાળીને બેઠેલા ઈશ્વરને એક નાનું શું જન્તુ 'આવજો' કહી રહ્યું છે. એનો અવાજ સાંભળીને ઈશ્વરની આંખમાં આંસુ ઝમી આવશે?

આ બધાંની વચ્ચે આ તે શી માયા મને ફરી તારું નામ ઉચ્ચારવા પ્રેરે છે? આથી જ તો હું કહું છું કે તું મારા સમ્બોધનથી ક્યાંય દૂર જઈ શકવાની નથી. ચાલી જતાં ચરણો વચ્ચે હું બેઠો છું. પણ એ પદક્ષેપ તારા નામના ધ્વનિને ખણ્ડિત કરતો નથી. આથી જ

તો આ સૃષ્ટિથી અળગા રહીને એનો વિષાદ હું જોઈ શકું છું. એ વિષાદને હું ભૂંસી નાખી શકતો નથી, માટે જ તો એને જિરવવા જંદિગીભર થોડા શબ્દો શોધતો રહ્યો છું. પણ એ શબ્દોથી તારી ને મારી વચ્ચે અન્તર પડે એવું મેં માન્યું નથી. આ સૃષ્ટિથી અળગા રહેવા છતાં એના જ સૂરજચન્દ્રનાં તેજ ઝીલવાં પડે છે ને? એ તેજને આધારે જ બધું ઓળખવું પડે છે ને? તારી આંખમાં પ્રતિબિમ્બિત થતી સૃષ્ટિથી હું તો સન્તોષ માનું, પણ તારી દૃષ્ટિને હું શી રીતે સીમિત કરી દઈ શકું? ને છતાં, મારા બે હાથની સીમાની બહાર તું જતી રહે છે ત્યારે કેવો અફાટ વિસ્તારભર્યો વિષાદ મારા હૃદયમાં ઘૂઘવી ઊઠે છે! જો એક વાર તું એને કાન દઈને સાંભળે તો મારાથી તસુભર દૂર થવાનું તું નામ નહિ દે. પણ માલા, જેમ જળનું બિન્દુ જળમાં એકાકાર થાય તેમ એકાકાર થવાની આપણી સાધના કદાચ જન્મોજન્મ વિસ્તરવાની હશે. આથી જ, અધીરાઈ છતાં તારાં ચરણ (ગૌર ચરણો – કેટલી બધી માયા છે મને એની)ની દિશા બદલવાનું દુસ્સાહસ મેં કર્યું નથી. તારો હાથ સૌ પ્રથમ મારા હાથમાં ઢળ્યો નહોતો, તારાં ચરણો સૌ પ્રથમ મારી દિશામાં વળ્યા નહોતાં એનું સ્મરણ પણ મારો આ જન્મનો એક શાપ છે. એ સદા મારી શિરામાં ધખ્યા કરે છે. પણ એથી મેં તને દઝાડી છે?

# પરિશિષ્ટ

વરસાદની આછી ઝરમર. એના ધૂંધળા પડદા પાછળ ઢંકાયેલી સૃષ્ટિને શોધી કાઢવાનું કુતૂહલ માલાને થતું નહોતું. એ ધૂંધળા પડદા પાછળ પોતે પોતાની નજર આગળથી પણ અદૃશ્ય થઈ જવા ઇચ્છતી હતી. એણે આંખો બંધ કરી દીધી. ભિન્ન ભિન્ન અવાજને રૂપે સૃષ્ટિ એની બંધ આંખો આગળ આવીને ઊભી રહી. એની સાથે ભળી જવા લાગ્યા હૃદયમાં રહેલી સૃષ્ટિના ધૂંધળા આકારો. એ પૈકીના કોઈ આકારને એ ઓળખવા ચાહતી નહોતી. છતાં, એ આકારો ધૂળની ડમરીની જેમ, ઉનાળાની બપોરની નિસ્તબ્ધતાની જેમ એને ઘેરી વળ્યા. એ આકારોથી ઘેરાઈ વળ્યા પછીનું એકાકીપણું એને અસહ્ય લાગવા માંડ્યું. અસહ્ય આગળ કશી વાતનો છેડો આવતો નથી. એનાથી પણ કેટલે દૂર સુધી આપણને ઘસડાવું પડે છે! હોલવાઈ ગયેલા ઘીના દીવાની ધૂમ્રસેર આછી ને આછી થતી આખરે અન્ધકારમાં એકાકાર થઈ જાય છે તેમ એની ચેતના પણ પોતાનું આગવાપણું ખોઈ નાખીને કશાકમાં એકાકાર થઈ જાય તો! પણ એ કદી બની શક્યું નથી. આપણી ચેતનાને સંચિત કરવાને મરણનું પાત્ર પણ કદાચ નાનું પડતું હશે. એથી જ તો પ્રેતની નવી સૃષ્ટિ ઊભી થાય છે. મરણ આગળ ક્યાં બધી વાતનો છેડો આવે છે?

વળાંક લેતા એન્જિનના જોરથી ઘૂમતાં દેખાતાં પૈંડાં–ગતિ પોતે જ જાણે દાંત કચકચાવીને અટ્ટહાસ્ય નહીં કરતી હોય! અશોક ને લીલા વાતો કરે છે. અશોક ફરી ફરીને માલાને વાતમાં ખેંચવાનો પ્રયત્ન કરે છે: સાથે જોયેલી ફિલ્મની, પિકનિકની, ને એવી ઘણી બધી વાતો. માલા થોડી વાર સુધી રસ લઈ શકે છે, પછી એ બધાંમાં એક

પાત્ર તરીકે રહેલી માલાને એ ઓળખતી નથી એવું એને લાગવા માંડે છે. આ એ ચલાવી લેવા તૈયાર નથી. એ માલા પણ પોતે જ છે એમ લડીઝઘડીને સાબિત કરવા તૈયાર થાય છે. એના પ્રયત્નથી એ પોતે જ કચવાય છે. એ વરસાદનાં ટીપાંથી ઝાંખી બનેલી બારીની આરપાર જુએ છે. દૂર કોઈ મોટા સ્ટેશનનો આભાસ દેખાય છે – ઘણા બધા દીવા, સિગ્નલનાં લાલ લીલાં ટપકાં, ગાડીની ગતિનો બદલાતો લય. ગાડી સ્ટેશને આવીને થંભે છે. વિચિત્ર અવાજો ને આકારો ફરી ઘેરી વળે છે. અશોક પ્લેટફૉર્મ પર જઈને ઊભો રહે છે. બહાર બારી આગળ ઊભો રહીને વાતો કરે છે. ઘડીઘડીમાં એ માલાનો હાથ પકડી લે છે. માલા નિશ્ચેષ્ટ બનીને બેસી રહી છે. પણ એ વાતમાં રસ લેવાનું ચાલુ રાખે છે. અશોક એની બહુ કાળજી રાખે છે. એના મનને બહેલાવવાનો પ્રયત્ન કરે છે. આ સ્ટેશને ઊતરીને ક્યાં જઈ શકાય, એની પ્રખ્યાત વસ્તુઓ, એ શહેરમાં રહેતા મિત્રો – કંઈ કેટલું એ બોલ્યે જાય છે. લીલા દૂર, પ્લેટફૉર્મને બીજે છેડે પહોંચી ગઈ છે. અશોક એકાએક કોઈક ઓળખીતી વ્યક્તિને જુએ છે. માલા એને ઓળખતી નથી, છતાં એ વ્યક્તિને અશોક એની પાસે ખેંચી લાવે છે. પોતાની સાથેની આત્મીયતા અશોકને મન સદા કોઈને ચીંધી ચીંધીને બતાવવા જેવી લાગે છે. માલા કદિક એની આ વૃત્તિથી અકળાય છે. પણ માલા અકળાય છે એ જાણીને અશોક, એ નિમિત્તે, એની વધુ નિકટ આવે છે. આ નિકટતા ભારે લાગે એવું કશું માલાને કરવું નથી. એથી જ કદાચ અશોકને એ દૂર કરી શકી નથી. એ અશોકને જોઈ રહી છે. એના મુખ પર કશોક ઉદ્ધતાઈભરેલો આત્મવિશ્વાસ છે. એના જોરે એ બધું જ પામી શકે એમ છે, ને જે એ પામી શકે તેને એ જતું કરવા તૈયાર નથી. છતાં 'મારે આ જ જોઈએ' એવો એને આગ્રહ નથી. આ પ્રકારની, કશીક ન સમજાય એવી અનાસક્તિ, માલાને મૂંઝવે છે. પાંચ વર્ષ પહેલાં એણે પહેલવહેલો ઓળખ્યો ત્યારે એ જે હતો તે આજે પણ છે. એ આ સિવાય બીજું કશું હોઈ શકે નહીં. આથી જ તો એ દુનિયાને માણી શકે છે. પાંચ વરસ પહેલાંનો એ દિવસ – માલાને એ બધું નથી સંભારવું. આજે જ શા માટે એ બધું યાદ આવે છે? કદાચ પોતે પણ એની એ જ છે. એનું હૃદય તરફડવા લાગ્યું. સ્મૃતિને એ તોડીફોડીને ફેંકી દેવા ઇચ્છે છે, નથી ઝંખના હવે કશા સમ્બન્ધની. એ કેવળ સર્યે જવા ઇચ્છે છે – હવે પ્રશ્ન નથી પૂછવા: કોનો આ સ્પર્શ, કોનું આ મુખ.

વળી ગાડી ચાલી. અશોક ચાની ટ્રે લઈને બેઠો છે, ચા તૈયાર કરીને એક કપ એ માલાના

હાથમાં મૂકી દે છે. પછી વાતો, વાતો, વાતો. માલા હસે છે, બોલે છે, ગમ્ભીર બની જાય છે. પણ લીલા એને છોડતી નથી. લીલાની આંખ સામે એ આંખ માંડી શકતી નથી. એ આંખોમાં ઠપકો છે. માલા રોષે ભરાય છે. પણ એ રોષ પ્રકટ કરવાનો એને ઉત્સાહ નથી. આથી લીલાને ચીઢવવા ખાતર જ માલા અશોક સાથેની વાતો ચાલુ રાખે છે. ખરેખર એટલા ખાતર? નરી પ્રવંચના! કદાચ લીલાની આંખમાં રોષ નથી. એ બધી નરી પોતાની કલ્પના જ છે. તો એ શા માટે જઈ રહી છે? એણે જ અશોકને સાથે આવવા આગ્રહ નહોતો કર્યો? અશોકને મન તો કદાચ અનેક પર્યટનો પૈકીનું એક પર્યટન છે. કદાચ એ માલાની કાળજી રાખવા ઇચ્છે છે. ઘટના બની ચૂકી છે. એના ભારને એ પોતે શા માટે ઉપાડે? જે નથી તેનો ભાર શા માટે હોવો જોઈએ? માટે જ અશોક આશ્વાસનના શબ્દો બોલતો નથી, એ ઘટનાનો ઉલ્લેખ સરખો કરતો નથી. એની પાસે ઘણા બધા ટૂચકાઓ છે, વાતો છે. ખાવાની પીવાની વ્યવસ્થા એ કરે છે. બધી જ નાની નાની વીગતોમાં એને રસ છે.

લીલા ગમ્ભીર નથી થઈ ગઈ. માલાની ગમ્ભીરતાનો ભાર પણ એ હળવો કરવા મથી રહી છે. માલા વિચારે છે: ક્યાંથી લાવે છે એ આટલી શક્તિ? એના હૃદયમાં ક્યાંય શું થોડા પડછાયા ડોકિયું નહિ કરતા હોય? માલા પણ બધું સહ્ય બનાવવા જ ઇચ્છે છે. મરણ એને કદી આવકાર્ય લાગ્યું નથી, પણ એકાએક, મનમાં આછો સરખો એ વિશેનો વિચાર પણ નથી હોતો છતાં, આંખમાંથી આંસુ ટપકવા લાગે છે. દૃષ્ટિ ધૂંધળી બની જાય છે, શ્વાસ રૂંધાવા લાગે છે. શું આ ધૂંધળાપણું હવે એની આંખ આગળથી કદી ખસવાનું જ નથી? (માલા, તું ઘણી વાર મને પૂછે છે: ‘આમ અન્યમનસ્ક કેમ થઈ જાય છે? તારી આંખમાં શેનો ગભરાટ છે? તું મુક્ત ઉલ્લાસથી કેમ જીવી શકતો નથી?’ મને પણ થાય છે કે આ પ્રશ્નોનો જવાબ મારે શોધવો જોઈએ. પણ સાચું કહું? કોઈ ઊંચા પર્વતની ધાર પર ચાલતા હોઈએ, જોરથી પવન ફૂંકાતો હોય ને એકાએક ધુમ્મસ છવાઈ જાય, આજુબાજુ કશું દેખાય નહીં, જેના હાથમાં હાથ ગૂંથીને ચાલતા હતા તેનો અણસાર પણ ન વર્તાય ત્યારે ભયંકર નિર્જનતા આપણને ઘેરી વળે તેના જેવું મને એકાએક થઈ આવે છે. ક્યાંથી આવે છે આ ધુમ્મસ? ને જનનિબિડ સૃષ્ટિમાં ક્યાંથી ધસી આવે છે શૂન્યના જુવાળ? માલા, કોઈ વાર તારી દૃષ્ટિ પણ ભૂલી પડી નથી જતી? આપણું ન કહી શકાય એવું, જેનું નામ પણ ન પાડી શકાય એવું, જેને આંગળી ચીંધીને બતાવી પણ ન શકાય

એવું કશુંક તીવ્ર દુ:ખ આપણી મોઢામોઢ નથી ઊભું રહી જતું? આ દુ:ખને સમજવા માટે તો હું લખું છું ...) ધુમ્મસ સાથે કોણ લડી શક્યું છે? ધુમ્મસમાં ધુમ્મસ બનીને એકાકાર થઈ જવા સિવાય કોઈ રસ્તો છે ખરો? માલા વિચારે છે ને એનું ધ્યાન નથી છતાં અશોકે કરેલી મજાક સાંભળીને એ પણ હસવા લાગે છે. એને લાગે છે કે હવે આમ જ ચાલ્યા કરશે: એક સાથે ત્રણ ચાર ઘટનાઓ બન્યા કરશે, એમાંની એકેયમાં એ રસ લઈ શકશે નહીં ને છતાં એના આશ્રયે જ એ બનશે. ખૂબ ખૂબ થાક લાગે છે માલાને, પણ આંખ બંધ કરવાથી કશોક અજાણ્યો ભય એને ઘેરી વળે છે. પાંપણની અંદરની લાલાશ ભડકો થઈને જાણે એને લપેટી લે છે, પોતે પણ નર્યું લાલ ટપકું બનીને વહ્યે જાય છે, દાહની માત્રા વધતી જ જાય છે. એને લાગે છે કે હમણાં એક ભયંકર સ્ફોટ થશે, બધું રાખની કણ કણ થઈને વિખેરાઈ જશે. પણ કશું બનતું નથી. મહાપ્રયત્ને માલા આંખ ખોલી નાખે છે. પહેલાં તો આ પરિચિત સૃષ્ટિમાંનું કશું ઓળખાતું નથી. આકારોની રેખા સ્પષ્ટ થતી નથી, અવાજોનો અર્થ એકઠો કરી શકાતો નથી. આ બધું કરતાં કેટલો શ્રમ પડે છે! ‘(શું થયું માલા? થાકી ગઈ છે? અહીં પાસે આવ. ખૂબ રખડ્યાં હતાં કાલે? તું તો કહેતી હતી કે ત્રણ વાગ્યે અમે પાછાં આવી જઈશું, એકાદ કલાક આરામ કરીશ ને પાંચ વાગ્યે તો જરૂર તને મળીશ. પણ માલા, આ તો બીજો દિવસ. આખી રાતના ને અર્ધા દિવસના આરામ પછી પણ તારો થાક ઊતર્યો નથી. તું આંખ બંધ કરીને સૂતી છે. હું શું બોલું? મારો શબ્દ વિક્ષેપરૂપ નીવડે છે. માલા, જો તારો થાક હળવો થતો હોય, તો ભલે આમ મારા ખભાનો આધાર લઈને આરામ કર.’) કાચની બારી બંધ કરીને એને અઢેલીને જ માલા બેઠી છે, જાણે પોતાને જ ખભે માથું ઢાળી દીધું છે. કાચની બારીમાં પડતાં પ્રતિબિમ્બોમાં બહારની ને અંદરની સૃષ્ટિ કેવી ગૂંચવાઈ ગઈ છે! આમ જ એક વાર એ એકલી ગાડીમાં જઈ રહી હતી. અજયને પણ જવાનું હતું. પણ જાણી કરીને માલાએ એને આવવા દીધો નહોતો, ને પાછળથી મુસાફરીનું વર્ણન કરતાં એણે લખ્યું હતું: ‘તને એમ કે ગાડીમાં હું એકલી હોઈશ. ના, અરુણને તું ઓળખે છે? તેં જોયો તો હશે જ. એ ભારે હસમુખો છે. ક્યાં વખત ગયો તે ખબર પણ ન પડી.’ અજયે કદી આ વાતનો માલા આગળ ઉલ્લેખ કર્યો નહોતો. પણ આજે એ પછીનો એક બીજો પ્રસંગ માલાની નજર આગળ ખડો થયો. અજયના જાહેર સન્માનનો કશોક સમારમ્ભ હતો. એવે વખતે અજયને ચિઢવવાની માલાને ખૂબ મજા પડતી. આવા કોઈ સમારમ્ભમાં અજય ન છૂટકે જ જતો, કોઈ મિત્રોને તો એ વિશે કશું કહેતો જ નહીં. પણ માલા હઠ

કરીને એ વખતે ગઈ હતી. સમારમ્ભ તો બીજે દિવસે હતો. એની આગલી રાતે બધાં અરુણને ત્યાં ભેગાં થયાં. એ પૈકીનાં કોઈ સાથે અજયને નિકટનો પરિચય નહોતો. એ તો માલાને કારણે ત્યાં ગયો હતો. બધાંએ ભેગાં મળીને સાહિત્યની, કલાની ઠીક ઠીક ઠેકડી ઉડાવી હતી. અજય અપરાધીની જેમ બેસી રહ્યો હતો. આમ ને આમ મધરાત પછી બધાં સૂતાં. માલા અજયની થોડેક જ છેટે સૂતી હતી. અજયને ઊંઘ આવતી નહોતી. માલાનો હાથ એના હાથને શોધતો એની નજીક આવતો હોય એવું લાગ્યું. એ પોતાનો હાથ એ દિશામાં આગળ વધારવા જતો હતો ત્યાં અરુણના હાથે માલાના હાથને જોરથી પકડી લીધો. બન્ને હાથ જાણે ગાઢ આલિંગનમાં ગુંથાઈ ગયા. અરુણનો હાથ માલાના મુખ પર, વક્ષ:સ્થળ પર ફરવા લાગ્યો. અજયને કશુંક શૂળની જેમ વીંધી ગયું. ને બીજે દિવસે સમારમ્ભમાં અજય આ વેદનાથી કે કોણ જાણે શાથી એવું તો હૃદયસ્પર્શી બોલ્યો કે માલાની આંખો આંસુથી છલકાઈ ઊઠી. માલા પોતે જ, વગર પૂછ્યે ખુલાસો કરવા બેઠી: ‘અરુણને તો ટેવ છે, સ્વપ્નમાં જ એ એમ કરતો હોય છે. મેં એનો હાથ ચાર વાર પાછો કાઢ્યો.’ વગેરે વગેરે. પણ અજય ઈર્ષ્યાથી ઝંખવાઈને સામાન્ય બની જાય એ માલાથી જ સહ્યું જતું નહોતું. માલા પોતે પણ અકળાઈ ઊઠી હતી. શું છે આ બધું? અજય માલાને કેવે રૂપે જોતો હશે? માલા સ્વામીત્વના પુરુષોના ખ્યાલની હંમેશાં ઠેકડી ઉડાવતી હતી. પણ એને જ સમજાતું નહોતું કે પોતે શા માટે આ રીતે વર્તતી હતી. એના સમસ્ત જીવનને એની પકડમાં એકાએક ગ્રહી લે એવું કશું એને મળ્યું નહોતું માટે શું એ આ રીતે સન્તોષ લેવા મથતી હતી? માલા બારી પરના કાચને બાઝેલા વરસાદનાં ટીપાં ખંખેરવા લાગી ને તે સાથે જ આંખમાંથી પણ ટીપાં ખરી પડ્યાં. લીલાએ ને અશોકે એ જોયાં કે નહીં તેની એણે ચિન્તા કરી નહીં.

અજય ઘણી વાર કહેતો: ‘માલા, ચાલ ને આપણે ખૂબ લાંબા ગાળા સુધી દૂર દૂર રખડી આવીએ. આજે અહીં, કાલે ત્યાં. જુદી જુદી આબોહવા, જુદા જુદા લોકો, જુદાં જુદાં દૃશ્યો, આપણા ચહેરાની રેખાઓ પણ બદલાયા કરે. દરરોજ સવારે નવેસરથી પરિચય કેળવવાનો. કોઈ દિવસ ખોવાઈ પણ જઈએ.’ કદાચ માલાને આ ખોવાઈ જવાની જ તો નહોતી બીક લાગતી? એથી જ તો અમલ, અશોક, અરુણ – બધા ‘માલા’ કહે ત્યારે એ પોતાને વિશે નિશ્ચિન્ત બની જતી, પોતાને સાચવી રાખતી, પણ સાચવેલી વસ્તુ પણ બદલાતી નથી? જે આ બદલાવાની હકીકતને સ્વીકારી શકે તે જ પ્રામાણિક. પણ

અજય કશાક ભયથી તો ભાગતો નહોતો? રખેને પોતાનો ચહેરો આખો જોઈ જવાય એ બીકે તો દર્પણ નહોતો તોડતો જતો? માલાને કશું સમજાતું નહોતું. વરસાદનાં ટીપાંની કે આંસુની માળા ગૂંથી શકાય? છતાં એ ગોઠવવા બેઠી: મુંબઈ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, મરીન ડ્રાઇવ, પહેલું નામ: અજય મહેતા, બીજું નામ માલા દેસાઈ, ત્રીજું નામ અશોક પટેલ, ચોથું નામ અરુણ પરીખ, પાંચમું નામ અમલ મજમુદાર, છઠ્ઠું નામ લીલા શાહ. આ નામને એણે પાંચીકાની જેમ ભેગાં કરીને ઉછાળ્યાં. કેવાં લાગતાં હતાં આ નામ? જાણે કશીક અજાણી જ વાત ન હોય? એ નામો એણે ફરી હારબંધ ગોઠવ્યાં. થોડાં સંતાડી દીધાં. બહાર સ્ટેશનનાં પાટિયાંના અક્ષરો ગતિની ઠોકર લાગતાં છૂટા પડીને વિખેરાઈ જતા હતા. ગાડી એને એકઠા કરવાનો સમય આપ્યા વિના આગળ દોડી જતી હતી. કાળ પણ એમ જ દોડ્યે નહોતો જતો?

કોલેજ–ક્લાસરૂમ–સેમિનાર–એન્યુઅલ ફંક્શન–ગ્રુપ ડાન્સ–કવિસંમેલન: આ બધા ઢગલા વચ્ચે થઈને એ અજય સુધી પહોંચવા મથી રહી હતી. શું નામ હતું એ ગ્રુપનું? એ હસી. સ્મૃતિ કેવી ઝાંખી થઈ જાય છે! હં, યાદ આવ્યું: મિશ્ચિફ મન્ગર્સ. લીલા જ એક દિવસ ખેંચી ગઈ હતી. કંઈક ડિસ્કશન હતું: 'ધી ડેથ ઓવ ગોડ.' લીલા તો ખૂબ ગુસ્સે થઈને બોલી હતી. માલા ચુપચાપ બેસી રહી હતી, તે દિવસે પહેલવહેલા અજયને સાંભળ્યો હતો. એ સહેજ–સહેજમાં મુગ્ધ થઈ જાય એવી તો છે જ નહીં. પાછળથી કૅટકોલ્સ ને બૂઇંગ કરવામાં સામેલ થઈ ગઈ હતી. સાથે હતા અરુણ, અશોક ને અમલ. અમલને તો પહેલેથી જ અજય સામે રોષ. વેદિયો, બબૂચક, ઢોંગી, કવિરાજ – ગાળોનો અખૂટ ભણ્ડાર હતો. પછી ઇલાના આપઘાતનો પ્રસંગ. બધા અમલ તરફ આંગળી ચીંધતા હતા. અમલ સમ્બન્ધને ક્યાં સુધી આગળ ખેંચી ગયો હતો! ઇલા સર્વસ્વ હોડમાં મૂકી ચૂકી હતી. ઠંડે કલેજે અમલ એની માના કહેવાથી કોઈ છોકરી જોડે વિવાહ કરી બેઠો, બીજે દિવસે ઇલાનો અન્ત. આવું મોત જંદિગીને છાપાળવી ઘટનામાં ફેરવી નાખે એમ અજયે કહેલું. ઈર્ષ્યા, દ્વેષ અશ્લીલ છે, કારણ કે જંદિગીની શોભાને એ હણે છે. મૂક ગુપ્ત વેદના સારી. એનો દેખાડો ખોટો. તે દિવસે, શોકના વાતાવરણમાં પણ માલા કહી બેઠી હતી: 'તમારી પ્રેયસીનું નામ પાડીશું વેદના.' એ સાંભળીને કંઈક બોલવા જતો હતો, પણ તરત જ એણે શબ્દો વાળી લીધા હતા. લીલાને આ નથી ગમતું. જેટલો જુલમ જાત પર કરીએ છીએ તેટલું જાણ્યે અજાણ્યે બીજા પર ક્રૂર વેર લઈએ છીએ.

કદાચ લીલાની વાત સાચી છે. એ શબ્દો જો તે દિવસે એણે બોલી નાખ્યા હોત તો એના એ ન બોલેલા શબ્દોથી રોષે ભરાઈને પ્રથમ પરિચયે જ માલા જે કડવાશ ઊભી કરી બેઠી હતી તે ન થઈ હોત. માલા હસી પડી: કોને ખબર! એના સૂના સૂના મનમાં પડઘા ગાજી ઊઠ્યા. 'કોને ખબર!' અજય માલાના આવા જવાબથી હંમેશાં અકળાતો. માલા વાત ટાળવા માટે નહોતી કહેતી. કદાચ માલાના સ્વભાવનું જ એ લક્ષણ હતું. એ પોતાને પણ દૂરના કોઈ દૃશ્યની જેમ જોવા ઇચ્છતી હતી. પોતાની આછી રેખાઓથી વિશેષનો એને લોભ નહોતો. અથવા એથી વધુ જિરવવાની એનામાં કદાચ શક્તિ નહોતી. માણસો પોતાને વિશે આવી ચૂંથાચૂથ જંદિગીભર શા માટે કરતા હશે તે લીલાને સમજાતું નહોતું. સહેજ સહેજમાં ઈર્ષ્યાનો તણખો ઝરે એ તે પ્રેમ કહેવાય? અમલ માલાને સ્પર્શવા જાય, સ્પર્શે એથી અજય શા માટે અકળાઈ જાય? એટલા સ્પર્શથી જ માલા અમલની થઈ જવાની હતી? ને જો એટલા માત્રથી જ માલા અમલની થઈ જાય તો ખોયાનો અફસોસ શો? આ વાત અજયને માન્ય નહોતી. અમલ માલાને પામે કે ન પામે, પણ માલા પોતાને ખોઈ શા માટે બેસે? અમલ માલાને પામવા ઇચ્છે છે એવું પણ માનવાની કશી જરૂર નથી. તો માલા શા માટે આવી ગૂંચ ઊભી કરે છે? અજય આથી ઘણી વાર અકળાઈ જતો. એક બે વાર અન્યમનસ્ક બની ગયેલી માલા કશું બોલી નહીં ત્યારે અજયે અકળાઈ ઊઠીને કહેલું: 'હું આટલું બધું બોલી ગયો તેમાંનો એક અક્ષર તારે કાને પડ્યો ખરો?' માલાએ ઠંડે કલેજે જવાબ આપ્યો હતો: 'ના.' અજય ઝંખવાઈ ગયો, દુ:ખી થયો. એટલું ઓછું હોય તેમ માલાએ કહ્યું હતું: 'તું ક્યાં મને સંભળાવવાને બોલતો હતો? હું તો નિમિત્તમાત્ર.' આથી જ તો લીલા ઘણી વાર માલાને કહે છે: 'માલા, કેવળ નિમિત્તરૂપ બની રહેવાની પણ મજા છે, પણ તારું અભિમાન તને એમ કરવા દે તેમ નથી ને અભિમાન વિના જો તને ન ચાલે તો પ્રેમ' – માલા ચિઢાઈને કહી દે છે: 'પ્રેમ, પ્રેમ, પ્રેમ! અભિમાન વિનાનો તે પ્રેમ હોય? એ તો કરોડરજ્જુ વિનાની બીભત્સ ખુશામત.' પરિણામરૂપે રહી જાય ન સમજાય એવી ને માટે જ અકળાવી મૂકનારી વેદના. શરીર અને મન સાથે દોડીને એક સ્થાને પહોંચી શકતાં નથી. શરીર એનું સુખ ધૂર્ત બનીને મેળવી લે છે. મન એની ગૂંચમાંથી બહાર નીકળતું નથી. પણ અજય શું આ સમજતો નથી? લીલા વિચારે છે. અજય કે માલા જાણતાં નથી છતાં લીલા આ વિશે ખૂબ ખૂબ વિચારે છે. એણે અજય સાથે દૂર દૂર સુધી ફરવાનો પ્રયત્ન કર્યો છે. અજયનું મન લોભાવવાની અશ્લીલતા એનાથી આચરી શકાઈ નથી. પણ અજય શા

માટે માલા સાથેના અશોક, અમલ, અરુણના આછકલા સમ્બન્ધોની ઈર્ષ્યા અનુભવે છે ને દુ:ખી થાય છે તે એને સમજાતું નથી.માલા સર્વસ્વનું સમર્પણ નથી કરી શકતી? અજયનું વ્યક્તિત્વ એને આકર્ષે છે. એની સાથે બહુ ઊંડો, મર્મગત, સમ્બન્ધ દૃઢ થઈ જ ચૂક્યો છે એ પણ એ સ્વીકારે છે તો પછી? બસ, આટલે આવીને લીલા અટકે છે. અશોક વાતો કરે છે ત્યારે લીલા આ બધું વિચારે છે ને અજયને ઠપકો આપવા તૈયાર થઈ જાય છે. ત્યાં એને એકાએક ભાન થાય છે.

બહાર નર્યો અન્ધકાર જ અન્ધકાર છે. ગાડી દોડ્યે જ જાય છે. માલા આંખો બંધ કરીને ગાડીના દોડવાના અવાજને, નાની બાળા દાદીમાની વાત સાંભળતી હોય તેમ, સાંભળે છે. નાડી ને શિરાઓનાં બન્ધન છેદીને, સ્મૃતિના ગૂંચવાયેલા તાંતણાઓને છેદીને, સ્નાયુઓના બંધ ઢીલા કરીને મુક્ત થવું, અલોપ થવું – શું અજયે આવી મુક્તિ ઝંખી હશે? આખરે મુક્તિ? કોઈ મુક્તિ વિષાદને નિ:શેષ કરી શકતી નથી. આજે જે વિષાદનો મહેરામણ ગરજી રહ્યો છે તે અજયને નહીં સંભળાતે હોય? પણ કદાચ આટલું જ નહીં એથી કશું વિશેષ બનતું હશે. માલા બધી જ જવાબદારી સ્વીકારે છે. પણ એથી શું? એ પ્રશ્નનો કશો અર્થ નથી. અજય જ્યારે બહુ રોષે ભરાતો ત્યારે એ માલાની હથેળીમાં લખી દેતો. ‘One who loves is inferionr, and must suffer.’ માલાને એ યાદ આવ્યું. માલાથી રોષથી પૂછી દેવાયું: ‘હવે કોણ સહન કરે છે?’ પછી તરત એને થયું: કદાચ આ વેદનાથી મને બચાવવાને જ એ આજ સુધી મથી રહ્યો નહોતો? છંછેડાયેલી ભમરીની જેમ પ્રશ્નો એને ઘેરી વળે છે. ડંખે તો ભલે ડંખે.

અશોક અને લીલા ઉપલી બર્થ પર સૂઈ ગયાં છે. લાઇટ બુઝાવી નાખી છે. ગાડી બે સ્ટેશનોની વચ્ચે ઊભી રહી ગઈ છે. એન્જિનનો દૂરથી અવાજ આવે છે. તરત જ કાંઈ કેટલાંય અજાણ્યાં દૃશ્યો એ જોવા લાગે છે: માનવીઓ છે પણ બધાં અજાણ્યાં. એ બધાં શું બોલે છે, કરે છે તે એને સમજાતું નથી. પછી એ અહીં શા માટે છે? કોની રાહ જોઈ રહી છે? ધીમે ધીમે અસંખ્ય લોકોની ભીડ એને ઘેરી વળે છે. એમાંથી નીકળવાનો કોઈ રસ્તો નથી. લોકોના હાથ એના હાથ સાથે ગૂંચવાઈ જાય છે. લોકોના ઉચ્છ્વાસ એને ઘેરી વળે છે. એને આ બધામાંથી છૂટવાનો કોઈ રસ્તો દેખાતો નથી. એ આંખ બંધ કરીને કેવળ ઊભી રહી જાય છે. એનું શરીર જાણે કણ કણ થઈને એ ટોળામાં વિખેરાઈ જાય

છે. કેવળ હાહાકાર કરતું શૂન્ય એને ઘેરી વળે છે. એ ભયની મારી આંખો ખોલી નાખે છે. બારીના કાચ વરસાદનાં ટીપાંથી ઝાંખા થઈ ગયા છે. બહાર અન્ધકાર છે. વરસાદ વરસવાનો અવાજ એ કાન દઈને સાંભળે છે. '(જો માલા, વરસાદ પડે છે. વરસાદ આકાશની સ્વગતોક્તિ છે. તું સાંભળે છે? તારી આંખ ઊંઘથી ઘેરાઈ જાય છે, ખરું ને? પણ તું ઊંઘી જાય છે ત્યારે નિશ્ચેષ્ટ હાથને હાથમાં લઈને બેસતાં છાતીમાં ડૂમો ભરાઈ આવે છે. તું પાસે છતાં, તારો હાથ હાથમાં છતાં, કેવી એકલતા મને ભીંસી નાખે છે! માટે તો કહું છું માલા, સહેજ થોભી જા, મારી સાથે થોડીક વાર જાગતી બેસી રહે. જો તો, પવન કશુંક ઉખાણું પૂછી રહ્યો છે. બારીના કાચ પર નાની નાની આંગળીના ટકોરા મારીને આ જળબિન્દુઓ તને કશુંક સાંકેતિક ભાષામાં કહી રહ્યાં છે. હું પણ કાન સરવા રાખીને, કોઈ ગત જન્મની વિસ્મૃત કથા આજે આકાશમાં બેઠા બેઠા કરી રહ્યું છે તે સાંભળી રહ્યો છું. કેવી અસહ્ય વેદના – માલા, સહેજ તારે ખભે માથું ટેકવવા દે. વરસાદનાં ટીપાં સૂરજની પડોશમાં જ રહેતાં હતાં. છતાં કેટલાં શીતળ, કેટલાં ભંગુર! એમની લીલા તો પૂરી થશે ને સૂરજનું એકલવાયાપણું ભડકે બળ્યા કરશે. સૂર્યનો ને છાયાનો વિયોગ – એના જેવો કોઈ વિયોગ હશે ખરો? માલા, તારાં આંસુ પણ સૂરજનાં પડોશી નથી? પણ વરસાદનાં ટીપાં તો આનન્દથી નાચતાંકૂદતાં આવે છે ને ધરતીમાં કે જળમાં શમી જાય છે. તારાં આંસુ? વરસાદનાં ટીપાં ધાન્યનાં બીજને ઢંઢોળીને જગાડશે. એમનું હરિત હાસ્ય વિશાળ મેદાનોમાં લહેરાઈ રહેશે. ને કૂણાં કૂણાં પાંદડાં પર લખલૂટ મોતી વેરાઈ જશે. માલા, તું ક્યાં વિખેરે છે તારાં મોતી? ક્યાં છે તારો એ અસીમ હરિત વિસ્તાર? માલા, સહેજ થોભી જા, મારી છાતી પર માથું ટેકવીને આરામથી બેસ. તારી ધબકતી નાડી ને વરસતા વરસાદનો લય એ બેને ભેગા કરીને મને સાંભળવા દે. કેવી ઉષ્મા છે તારી કાયાની? આજે મારી સાથે જરાક વાર જાગતી બેસી રહે. ચારે બાજુ નિદ્રાધીન નિસ્તબ્ધતા વચ્ચે નાના શા દ્વીપ જેવાં ભલે ને થોડી વાર આપણે ટકી રહીએ. પછી છોને આવતો પ્રલય. પવને પડદા ઢાળ્યા છે. વૃષ્ટિધારાની ચામર ઝૂલે છે. તળાવડીના જામમાં આકાશનો માદક આસવ છલકાય છે. આજે આપણા હૃદયની ધરતીમાં ઊંડે ઊંડે મૂળ નાખીને કશુંક પલ્લવિત થવા ઇચ્છે છે. કેટલા બધા આનન્દનું એને પોષણ જોઈશે? માલા, આજે એ આનન્દ સંચિત કરી લઈએ. પછી ઐશ્વર્યના વિસ્તારને જોતાં જોતાં આપણે આપણું વિસર્જન કરી દઈશું. પણ માલા, આજે આંખો બીડી દઈશ નહીં, નિદ્રાને તળિયે ડૂબકી મારીને ખોવાઈ જઈશ નહીં.') એક સ્ટેશન,

પાટાઓ બદલવાનો કર્કશ અવાજ, થોડા ટમટમતા દીવાઓની ઝડપથી અંકાઈને ભુંસાઈ જતી રેખા, ફરી અન્ધકાર, ફરી એ જ ગતિનો લય. પણ હવે માલા આંખ બંધ કરવાનું ઇચ્છતી નથી. અશોકને જગાડીને એ તરેહ તરેહનાં ગપ્પાં મારવા ઇચ્છે છે. અશોક પાસે ‘રીડર્સ ડાયજેસ્ટ’માંની jokesનો અખૂટ ભણ્ડાર છે. ફિલ્મનાં ગીતોની મદદથી એ અન્તકડી પણ રમવા લાગે છે. કોઈ અજાણ્યા સ્ટેશને, ઊતરીને, લગભગ ગાડી ઊપડવાની અણી પણ હોય છે ત્યાં એ ગરમ ગરમ ચા લાવીને માલાના હાથમાં મૂકી દે છે. ફરી વાતો, માલા સાંભળતી સાંભળતી દૂર સરી જાય છે. પણ કેટલે દૂર? પાછા આવવાનો રસ્તો ભૂલી જવાય એટલે દૂર? સ્ત્રી કદી એવી રીતે ખોવાઈ જતી નથી. કોઈ મધરાતે દ્વાર ખખડાવે તો સૂનું ઘર એનો શો જવાબ દે? માટે સ્ત્રી પાછી વળે છે. બારણું ખોલે છે – પણ ઘણી વાર, બહાર કોઈ હોતું નથી. કેવળ ભણકારા વાગે છે. પવન સૂસવે છે. શૂન્ય સળકે છે. પાછું બારણું વાસી દેવું પડે છે.

સવાર થવા આવી છે. પ્રભાતનો આભાસ પૂર્વમાં દેખાય છે. માલાની આંખો બળે છે. સવારનો કૂણો તડકો પણ એ ખમી શકવાની નથી. પણ દિવસે કાંઈ આંખ બંધ કરીને બેસી રહેવાશે નહીં. એકદમ એનું મન અકળાઈ ઊઠે છે. એ વિચારે છે: ‘હવે જે સ્ટેશને ગાડી ઊભી રહે ત્યાં ઊતરી જાઉં, ઊતરીને જ્યાં સુધી જવાય ત્યાં સુધી ચાલી જાઉં. પછી જે થાય તે કરું. હવે લીલા, અશોક, અરુણ, અમલ કોઈનો ચહેરો જોવો નથી, કોઈનો શબ્દ સાંભળવો નથી, હવે જોઈએ છે એકાન્ત, અજાણ્યો દેશ, અજાણ્યા લોકો – એ બધાં વચ્ચે હું મારો નવો પરિચય કેળવીશ, અજયની મદદથી, પછી બધું નવેસરથી શરૂ કરીશું.’ એ વિચારતી હતી ત્યાં અશોકે એને કહ્યું: ‘ચાલ, સ્ટેશન આવવાની તૈયારીમાં છે. પ્લેટફોર્મ પર પગ છૂટા કરીએ.’ એ ઊભી થઈ ગઈ. વીલરનો બૂક સ્ટોલ, ટી.સ્ટોલ, ઊંઘરાટાયેલાં બાળકો, બિસ્તરા, પંખીનો કિલકિલાટ – માલા અશોકના હાથમાં હાથ ગૂંથીને ફરતી રહી, અશોક કશું બોલતો નહોતો,’(માલા, કાલે મેં તને જોઈ હતી. તું અશોક સાથે હતી. મને બોલાવવાનું મન થયું. પછી મને થયું કે કદાચ એ તને નહિ ગમે. ને તેં શું મને નહોતો જોયો? તું અશોકની પાછળ ઢંકાઈ જાય એવી રીતે ચાલતી હતી. મને ઘણું કુતૂહલ થયું: તમે શી વાતો કરતાં હશો? પણ હું જાસૂસી નથી કરતો. તને જોવાનું ગમે છે, તને બોલતી સાંભળવી ગમે છે માટે.’) માલા અકળાઈ ઊઠી. કંઈક બહાનું કાઢીને એ એકલી પડવા ચાહતી હતી, પણ અશોક હાથ

છોડતો નહોતો. આખરે એ પરવશ બનીને એની સાથે ચાલવા લાગી. ગાડી ઊપડવાનો સમય થયો. બંને પાછા ફર્યાં. લીલા બારીમાંથી ડોકું બહાર કાઢીને એમની રાહ જોઈ રહી હતી. વળી ગાડી દોડવા લાગી. એનો એ ક્રમ – માલાથી હવે રહેવાતું નહોતું. લીલા પણ શું એ સહન કરી શકતી હતી? બધાં કેમ દિલ ખોલીને વાત કરતાં નથી? અજયને આથી જ કદાચ મૌન અકળાવતું હશે. પણ બોલવાનુંય સ્વાભાવિક તો બની રહેવું જોઈએ ને? માલા આ બધી ગૂંચથી અકળાઈ ઊઠે છે. '(માલા, તું કેમ બોલતી નથી?' 'અજય,મારા મનમાં ઘણી બધી ગૂંચ છે.' 'મને કહે ને, હું ઉકેલવામાં મદદ કરું.' 'કોણે જાણ્યું કદાચ ઉકેલવા જતાં જ તું ગૂંચ વધારી મૂકે તો?') લીલા કહે છે કે જે દિલ દઈને જીવે છે, જે દિલચોરી કરતા નથી, તેના જીવનમાં ગૂંચ ઊભી થતી નથી. કોણ જાણે? માલાને કશું સમજાતું નથી. કાંટાને કાંટાથી કાઢી શકાય, ગૂંચ વડે ગૂંચ ન ઉકેલી શકાય. પણ માલા વિચારે છે. 'મેં ગૂંચનો હાઉ ખોટ્ટો તો ઊભો નહોતો કર્યો ને? ના કહેવી જોઈએ ત્યાં ના કહેવાની હિંમત કરી હોત, હા પાડવાની ક્ષણે હા પાડી હોત તો? પણ આ જ તો સહેલું નથી. હૃદય દગો દે છે. ખંધું બનીને કશું બોલતું નથી ને એ દરમિયાન ક્ષણ ચાલી જાય છે, પણ એ ક્ષણ આગળ જંદિગી તો પૂરી થતી નથી!'

લીલા માલા પાસે આવીને બેઠી છે. હવે એ અજયની વાત નથી કરતી. આમ છતાં, બંને જાણે છે કે એમના મનમાં રહી રહીને અજયની વાત ઝબકી જાય છે. સમ્બન્ધો અટપટા શા માટે હશે? આપણે એને વિસ્તરવા દેતા નથી, બંધિયાર કરી મૂકીએ છીએ. લીલા તો કહે છે જ કે જે જંદિગી સમસ્તને આવરી લે નહીં તે પીડા થઈને ઊભી રહે. પણ જંદિગી – આપણી જંદિગીની આપણને કેટલી ખબર હોય છે? માટે જ તો સાહસ, ભોગ (કે ત્યાગ?). લીલાની આ વાત માલા વિચારે છે. પ્રેમ ભોગ માગે છે. પણ એવું શા માટે? આ બધી રકઝક લીલાને ગમતી નથી. રખેને ખોટું થઈ જાય, ભૂલ થઈ જાય, પાપ થઈ જાય એવી બીકથી જીવનારા જ ગૂંચ ઊભી કરે છે – એવું એને લાગે છે. પાપનો ભય જ આખરે પાપ નથી બની રહેતો? ને નર્યું પુણ્ય આપણને એકલા નથી પાડી દેતું? આથી લીલા ઘણી વાર કહે છે: 'માલા, તું બધા વચ્ચે ઘેરાઈને તારી એકલતાને મિથ્યા ઠરાવવા મથે છે. પણ તારો એ પ્રયત્ન જ કેવો દયામણો લાગે છે!' કોઈ વાર માલા પોતાને સાવ ભૂલી જઈને વાતાવરણમાં તદાકાર થઈ જાય છે ત્યારે બધું કેવું હળવું લાગે છે! નરી

પ્રસન્નતા લહેરાઈ રહે છે. પણ વળી ધીમે ધીમે બધું ભારે બનતું જાય છે. પારદર્શકતા ઝાંખી થાય છે. આંખે આંસુ ઝરે છે.

હવે દિવસ ઊગી ચૂક્યો છે. તાંબાવરણાં પાણીનાં ખાબોચિયાં ઠેરઠેર ભરાઈ ગયાં છે. ચકલીઓ ઊડી ઊડીને નાનાં નાનાં જીવડાંને પકડે છે. ઝાડ વરસાદમાં નાહીને ચોખ્ખાં થયાં છે. સવારનો તડકો એમના પર ખીલી ઊઠ્યો છે. છતાં પશ્ચિમમાં દૂરને છેડે ક્ષિતિજ ધૂંધળી દેખાય છે. હવામાં ભેજ છે. બારીની બહાર માથું રાખીને માલા જોયા કરે છે. કોઈક વાર નજીકના ઝાડ પર ઝિલાઈ રહેલાં ટીપાં પવનથી હાલીને માલાના વાળમાં ઝિલાઈ રહે છે. અશોક ઉપલી બર્થ ઉપર આંખ બીડીને પડ્યો છે. એનો એક હાથ નીચે ઝૂકી ગયો છે. માલા એને જોઈ રહી છે. નાનાં નાનાં સ્ટેશનો પસાર થઈ જાય છે. નાનાં ટપકાં જેવાં દૂર દૂરનાં ઝૂંપડાં, ચોરસ, લંબચોરસ આકારે વિસ્તરેલાં ખેતરો, વચ્ચે આવી જતું એકાદ શહેર – માલા અન્યમનસ્ક બનીને આ બધું જોયા કરે છે. હવે કોણ જાણે કેમ આંખ બંધ કરવાની એની હિંમત ચાલતી નથી. અજય એને કહેતો: 'માલા, અનુભવ કેવળ તારો છે એમ માનીને નહીં, પણ તું સૌના વતી એને ગ્રહી રહી છે એમ માનીને ઝીલતાં શીખ.' એટલો બધો 'હું'નો લોપ માલાને કદી ફાવ્યો નથી. 'હું'નો તો સ્વાદ છે, એ જ કાઢી નાખીએ તો સ્વાદ જ શો રહે? પણ 'હું'ના અભાવનો પણ સ્વાદ હશે જ ને? અજયના 'હું'નો સ્વાદ માલાને ભાવતો હતો. પણ એ એનો લોપ જ કરવાનું ગાંડપણ લઈને બેઠો હતો. આ કદી માલાને સમજાયું નથી. શું છે સર્જન? સાહિત્ય? કલા? પોતાના સુખનો લોપ કરો, સંસારનો લોપ કરો, કેવલ અનુભવ ઝીલવાનું નિમિત્ત બનો. કેવળ નિમિત્ત બની શકાતું હશે? જો એવું હોત તો અજય માલાને ઝંખે શા માટે? અલબત્ત, અજય કહેતો કે માલા, આપણા પ્રેમને માથે છાપરું નહીં હોય, આઠે પહોરનો ઘરસંસાર નહીં હોય, આપણો પ્રેમ સદા વિહરતો રહેશે. માલાને આ ગમતું. પણ અજય જે સર્જતો તેમાં કેવળ એને એકાન્તનો ખપ હતો. ત્યાં એ કોઈની છાયાને પણ પ્રવેશવા દેતો નહીં. એ અહંકાર ઉગ્ર નહોતો? માલા તો એ અહંકારથી ઘવાઈ જતી, દૂર ફેંકાઈ જતી. કદાચ અજયને એની ખબર ન હોય. લીલાની વાત જુદી જ હતી. લીલાને આવું ટાહ્યલું પસંદ નહોતું. જો પ્રેમ મહત્ત્વનો છે તો પછી બીજું બધું આપોઆપ જ ગૌણ નથી બની જતું? શબ્દો પણ સાથે રહીને સરજી શકાય. આ બધું વિચારતા માલાનું મન થાકથી ઢળી પડતું. સાહજિકતા કેમ આટલી વિરલ હશે? અશોકમાં આ સાહજિકતા છે? એ જે મનમાં

આવે તે કરે છે. ઝાઝી કશી લપછપ નહીં. પણ માલાનું મન તો વરણાગિયું છે. હજાર વાંધા કાઢે છે. રિસાઈ જાય છે. એને મનાવવું એ સહેલી વાત નથી. લીલા અજયે રચેલી સાહિત્યિક સૃષ્ટિની આબોહવાને ઓળખે છે, ને એથી જ કદાચ અજયને પણ એટલે અંશે વધુ ઓળખે છે. માલા એ પરત્વે કંઈક ઉદાસીન રહે છે. '(માલા, તને યાદ છે? તે દિવસે આપણે સાડી લેવા ગયાં હતાં. ખૂબ સુન્દર હતી સાડીઓ. તું એનો પાલવ કેવો લાગશે તે જોવા એને તારા શરીર પર ધરી જોતી હતી. તારી મુગ્ધતા જોઈને હું ખુશ થતો હતો. તેં આનન્દથી મારી પસંદગીને વધાવી લીધી ને સાડીઓ લીધી. પણ માલા, મને સાહિત્યનો પણ એટલો જ શોખ છે. તું મારી સાથે 'સ્ટ્રેન્ડ'માં આવી હોત ને 'આ લઈએ? આ તને બહુ ગમે છે? આ કવિતા તો આપણે વાંચવી જ હતી ને?' એમ આનન્દથી ચંચળ બનીને કહેતી હોત ને ઘણી બધી ચોપડીઓ લઈને મને આનન્દવિહ્વળ કરી નાખ્યો હોત તો? પણ માલા, તું નવી ભાતના રૂમાલ લેવા ઊભી રહી ને હું ફૂટપાથ પરનાં સસ્તાં પુસ્તકો જોતો ઊભો રહ્યો. એ દરમિયાન આપણે કેવાં છૂટાં પડી ગયા!') ઘણી વાર માલાને લાગે છે કે કેટલીક ભ્રાન્તિઓને નાહકનું લાલનપાલન કરીને એણે પોષી છે ને આખરે એ પુષ્ટ થયેલી ભ્રાન્તિના ભારથી હૃદયને હાથે કરીને એણે કચડી નાખ્યું છે. એની ને અજયની વચ્ચે કશો જ ભેદ નહોતો, ને છતાં એ ભેદની ભ્રાન્તિને એણે શા માટે વહાલી ગણી હશે? એનો કોઈ આગવો રસ હશે? શું અજય એની આ નિર્બળતાને પારખી નહીં શક્યો હોય કે પછી પારખવા છતાં બોલ્યો નહીં હોય?

રેલવે લાઇનની સમાન્તર દોડ્યે જતા રસ્તા પર, અન્ધકારને વીંધીને એક મોટર દોડ્યે જાય છે. થોડી વાર સુધી એના બે દીવાઓ દેખાય છે, પછી એ ક્યાંક વળાંક લઈને વળી જાય છે ને એનું લાલ દીવાનું ટપકું પણ આખરે દેખાતું બંધ થઈ જાય છે. માલાને યાદ આવે છેઃ આમ જ એક વાર, એક અંધારી રાતે ( અજયને અજવાળી રાતો ગમતી નહિ.) એ અજય સાથે ટેક્સીમાં દૂરના નિર્જન સમુદ્રતટ પર જઈ રહી હતી. ખ્રિસ્તીઓનાં દેવળો, સાંકડી ગલીઓ ને એની વચ્ચે વચ્ચેથી દેખાતો સમુદ્ર – જાણે કોઈક નવા જ પ્રદેશમાં જઈ રહી હોય એવો માલાને આનન્દ થતો હતો. અજય આનન્દમાં હતો. ખૂબ બોલ્યે જતો હતો. માલા જાણે બધાંનું આકણ્ઠ પાન કરી રહી હતી. રસ્તો સમુદ્રના કિનારાની સમાન્તર ચાલ્યે જતો હતો. અન્ધકારમાં દૂરથી ઊછળીને ભાંગી પડતાં મોજાંની ફેનશુભ્ર કેશવાળી અને હણહણાટ – નવું જ વાતાવરણ

ઊભું થઈ જતું હતું. માલા આમ તો સ્વભાવથી ભીરુ, પણ તે દિવસે એ પણ જાણે કાંઠો તોડીને છલકાઈ ઊઠવા ઇચ્છતી હતી. સમુદ્રમાં ભરતીની શરૂઆત થઈ હતી, ખડકોને અથડાઈને મોજાં ભાંગી પડતાં હતાં ને ફીણની ઝૂલ રેતીના પટ પર આંકી દઈને ભાગી જતાં હતાં. અજય એનો હાથ પકડીને ધીમે ધીમે આગળ લઈ જતો હતો. ઊડતા જળસીકરોનો શીતળ સ્પર્શ માલાના હૃદયને બહેકાવી મૂકતો હતો. એના હાથ પરવશ બનીને, કશીક છલકાઈ ઊઠેલી ઉત્કટતાથી અજયને ઘેરી વળ્યા હતા. અજયને મુખે ઉચ્ચારાતો એના નામનો ટહુકો – એની મીઠાશને એ ઘૂંટ્યા કરતી હતી ‘(મારો હાથ કશા સંકોચ વિના તારા હાથને ગ્રહી લે એટલો જ તારા મનનો છૂપો લોભ, એને તું વશ થઈ એમાં તું કેટલી સાચી પડી, નહીં? કારણ કે જીવન કેટલીય વાર નાહકના સંકોચથી રૂંધાઈ જાય છે! રૂંધી રાખેલો એક સૂર જો વહી જવા દઈએ તો એને જ સાંભળવાની રાહ જોઈને આપણી નિકટ બેઠેલું કોઈક તરત જ એની સાથે એનો મધુર ટહુકાર ભેળવીને આપણને આનન્દમગ્ન કરી દે છે. જે કરવાનું રહી જાય છે તે આપણને છોડીને તો કદી જઈ શકતું નથી. એ એની ઉદાસ દૃષ્ટિએ આપણા તરફ જોયા જ કરે. એથી તો કહું છું કે હું કેવો ભાગ્યશાળી! તારા હૃદયમાં ઉપહાર પામવાની ઇચ્છા ઉદ્ભવે તે પહેલાં જ મેં એ ઉપહાર તારા હાથમાં મૂકી દીધો!’) સમુદ્રનું જ કોઈક પ્રચણ્ડ મોજું એને ઘેરી વળ્યું હોય તેમ અજયે એને ગાઢ આલિંગનમાં સમાવી દીધી હતી. બીજી જ ક્ષણે કોણ જાણે શેના ભયથી, એ આલિંગનમાંથી મુક્ત થવા મથી હતી. અજય દુભાઈ ગયો હતો. માલા પોતે જ ક્યાં સમજતી હતી આ બધું! આજેય એ ‘માલા’ નામના બે અક્ષર વચ્ચે શું શું સમાવીને બેઠી છે તે સમજી શકતી નથી. જન્મોજન્મ અજંપો જગાડી બેસે એવો પ્રેમ – એને ક્યાં આવકારવો, એનું શું કરવું? કદાચ ગભરાઈને જ પોતે ભાગી છૂટી હતી. માલા અન્ધકારના વજ્ર દેહને આંસુથી ખણીખોતરીને જાણે આ સમસ્યાનો જવાબ શોધી રહી છે. હૃદયમાં હવે એક સમુદ્ર જાગ્યો છે. એનાં ભરતીઓટનો પ્રચણ્ડ લય માલાને વિહ્વળ કરી મૂકે છે. વિશાળ સમુદ્રના તટની નિર્જનતાના પાત્રમાં ઘુંટાતો એ પ્રચણ્ડ લય માલા સાંભળી રહી છે. રહી રહીને એ ચમકી ઊઠે છે.

સ્ટેશનના પ્લેટફૉર્મ પરનાં ફાનસોના આછા અજવાળામાં કેવળ આકારની આછીપાતળી રેખા જેવા દેખાતાં માણસો, થોડા અવાજો ને ફરી ગાડીનો દોડ્યે જવાનો અવાજ – માલા આંખ બંધ કરીને સાંભળ્યે જ જાય છે. કોઈક વાર ઝોકું આવી જાય છે. તન્દ્રાની

ધૂંધળી સૃષ્ટિમાં એ એકલી તો હોતી જ નથી, કાંઈ કેટલી અપરિચિત સૃષ્ટિના સીમાડા પર એ જઈ ચઢે છે! (ગાઢ જંગલ, અજાણ્યા સમુદ્રો ને અપરિચિત નગરોની પડછે તને રાખીને મારે જોવી છે. નારીનાં અસંખ્ય રૂપ પ્રેમ પ્રગટ કરી શકે છે. એ રૂપો તને પણ અજાણ્યાં છે. તેથી જ તો તું જ્યારે હોઠ મરડીને બોલે છે: 'ના, એવું બધું કાંઈ અમને ગમે નહીં, ત્યારે એ 'અમે' તે કઈ બલા છે એવો વિચાર આવતાં હું હસી પડું છું. આથી તું વધારે રોષે ભરાઈને કહે છે: 'ભલે ને કોઈને હસવું હોય તો હસે, એથી અમને શું?' આ 'કોઈ' ક્યાં છે? એમ હું પૂછું છું ત્યારે તું જોરથી મારો કાન ખેંચીને કહે છે: 'આ રહ્યો કોઈ' 'ને ક્યાં છે અમે?' તું ગૌરવપૂર્વક છાતી પર હાથ મૂકીને કહે છે: 'આ રહ્યા અમે.' આ 'કોઈ' અને 'અમે' પછી એક ચુમ્બનમાં એકાકાર થઈ ગયા હતા, ખરું ને?' વળી સવાર, વળી દિવસ–ચહા, નાસ્તો, છાપાં, ટાઇમટેબલનાં પાનાં ઉથલાવવાં એરાઇવલ-ડિપાર્ચર, લંચ...એક સ્ટેશને અશોકને એની ઓળખીતી બે છોકરીઓ મળી ગઈ. એ જ ગાડીમાં તેઓ આગળ જતી હતી. એકાદ બે સ્ટેશન સુધી અશોક એમની સાથે રહે એવી એમની ઇચ્છા હતી. માલાએ હસી કહી દીધું: Go ahead.

માલાએ જોયું: લીલાની આંખમાં થાક નહોતો, ઉજાગરાની કે આંસુની રતાશ નહોતી. હતી પ્રસન્નતા. લીલા માલાની પાસે આવીને બેઠી. લીલા કદી ચર્ચામાં ઊતરતી નથી. ખેતરમાં હળ ફરી ચૂક્યાં છે. પાડેલા ચાસની રેખાઓ દૂર સુધી વિસ્તરતી દેખાય છે. કયાંક નાનું ગામડું: પાંચ છ ઘરનું ઝૂમખું, થોડાં ઘટાદાર વૃક્ષો, એકાદ અલ્પતોયા તળાવડી, જૂનું ખંડિયેર – આટલું એકઠું કરીને જોઈએ ન જોઈએ ત્યાં ગાડી આગળ દોડી જાય છે. એક નાનો શો કૂવો, એની શીતળતાની માયા આસપાસ કેવી નાનકડી સૃષ્ટિ રચી દે છે! લીલા આ બધું કુતૂહલથી જોતી જાય છે, વર્ણવતી જાય છે. ગામડાંનાં બાળકો આશ્ચર્યથી ચાલી જતી જોઈ હાથ હલાવે છે. એવા જ આશ્ચર્યથી લીલા પણ આ સૃષ્ટિને જોઈ રહી છે. માલા વિચારે છે: લીલા એની આગવી રીતે નિષ્ઠુર નથી? એની આ પ્રસન્નતાના એ ફુરચેફુરચા ઉડાવી દેવા ઇચ્છે છે. એને જ સમજાતું નથી: શા માટે આ બધું એને આટલું બધું અસહ્ય લાગે છે?

લીલાએ સ્ટેશન પરથી ફૂલોનો ગુચ્છ ખરીદ્યો છે. એની સુગન્ધ લહેરાવા લાગી છે. '(અહીં શિરીષની વીથિકા છે. બંને બાજુ કેવળ શિરીષ. હું એ રસ્તે દરરોજ સાંજે

નીકળી પડું છું. શિરીષનાં લીલાં રંગનાં ફૂલની સુવાસ મને ખૂબ ગમે છે. એ કેવી રીતે વર્ણવું? તું બી.એ.ની પરીક્ષા આપતી હતી ત્યારે બળબળતી બપોરે તાપથી ને થાકથી મારે ખભે માથું ઢાળી દેતી, પછી ધીમે ધીમે થાક ઊતરતાં ફરી તારા મુખ પર પ્રસન્નતા રેલાઈ ઊઠતી ને ત્યારે મારા ગાલને તારા ઉષ્ણ ઉચ્છ્વાસનો સ્પર્શ થતો – એ ઉચ્છ્વાસની સુવાસ અને આ શિરીષની સુગન્ધ એ બંને મારા મનમાં એક બની જાય છે.') ફૂલ અત્યારથી જ દયામણાં લાગે છે. થોડી વારમાં તો ડોક ઢાળી દેશે, પવન એની પાંખડીઓ ખેરવીને ઉડાવી લઈ જશે. પણ લીલા એ ફૂલોને ફૂલની જેમ ખીલી ઊઠીને જોઈ રહી છે.

માલાથી દિવસનું અજવાળું સહેવાતું નથી. આંખ ઝંખવાઈ જાય છે. જો બની શકે તો નિદ્રાને તળિયે, ખૂબ ઊંડે ઊંડે ડૂબકી મારી જવા એ ઇચ્છે છે. પણ એને છેક તળિયે ઘસડી જાય એવો કશો ભાર જ એનામાં રહ્યો નથી. થોડી વારમાં જ એ ઉપર તરી નીકળે છે. લીલા પાસે અજયની સ્ક્રેપબૂક છે. એમાં એનો બાળપણનો ફોટો છે. સાવ પીળો પડી ગયો છે. પાછળ કાળા પથ્થરનું મકાન, એની સાથે એની જ વયનાં બીજાં બાળકો, માથે ભરત ભરેલી ટોપી, હાથમાં પહોંચી. બહુ ગમ્ભીરતાથી બેઠો છે, પણ હમણાં જ ઊભો થઈ જઈને છલંગ મારતોકને ક્યાંનો ક્યાં દોડી જશે એવી આખા અંગમાં તત્પરતા છે. હજી હાથે બારાખડી ઘૂંટવાનાં આંટણ પડ્યાં નથી. એની મોટી મોટી આંખો સ્થિર કરીને એ શું જોઈ રહ્યો છે! માલાના હોઠ ફરકે છે. એ આંખોને એ ચૂમી લેવા ઇચ્છે છે. અજયે એની પાસે એના બાળપણનો ફોટો માંગ્યો હતો. માલાએ આપ્યો ન હતો. એમાં શું જોવાનું? એને પોતાને જ એ જોઈને આજે હસવું આવતું હતું. બાળપણની એ રિસાળ છોકરીની અજયને ખૂબ માયા છે. એ છેક પહેલેથી જ માલાને ઓળખી લેવા ચાહે છે. '(માલા, આજે મારી વર્ષગાંઠ. પણ જે ગાંઠ રૂપે છે તેને આજે છોડી નાખીને આપણે પ્રવાહ બનાવી દઈએ તો? આજથી તારાં ને મારાં વર્ષો બે નદીની ધારાની જેમ ભેગા ભળીને વહેશે. એ સમયનદના પ્રલમ્બ કાંઠાઓ પર જે વિહારભૂમિ રચાશે તેની કુંજ કેવા મધુર સૂરના ગુંજનથી ધ્વનિત થઈ ઊઠશે!')

સ્ક્રેપબૂકનાં પાનાં પવનમાં ફરફરે છે. પછી બંધ કરેલી સ્ક્રેપબૂક માલાના ખોળામાં પડી રહે છે. એનો કશો ભાર નથી – પણ એમાં કેટલાં વર્ષોનું જીવન સંચિત થયેલું છે! ને

એ વર્ષો – માલાનો શ્વાસ એકદમ રૂંધાવા લાગે છે. જળમાં ઊંડે ડૂબકી માર્યા પછી ઉપર આવવાનો પ્રયત્ન કરતાં ખબર પડે કે પારદર્શી પ્લાસ્ટિકનું ઢાંકણું કોઈએ ઉપર વાસી દીધું છે ને હવે બહાર નીકળવાનો કોઈ ઉપાય જ નથી, હવે ગૂંગળાઈ મરવાનું જ નક્કી છે એવું કંઈક માલાને થાય છે. એ કાચની બારી ખોલી નાખે છે. બહારની ધૂળનો લેપ એના મોઢા પર થઈ જાય છે. પવન કોઈ અજાણ્યા પ્રેતની જેમ એને વળગી પડે છે. એ કંપી ઊઠે છે.

અશોક કહે છે કે હવે બે કલાકમાં મુસાફરી પૂરી થશે. લીલા બધું સમેટવા લાગી છે. માલા મોઢું ધોવા જાય છે. ઘડી ભર પોતાના પ્રતિબિમ્બ સામે તાકી રહે છે. એ હસી પડે છે. અજય જેને તાગવા મથ્યા કરતો હતો તે રહસ્યમયતા છે ખરી એની આંખોમાં? પુરુષો પોતે જ નારીમાં રહસ્યનું આરોપણ કરે છે ને પછી સ્વેચ્છાએ એ રહસ્યની અગાધતામાં ડૂબી મરે છે! પણ કદાચ આ વાત પૂરી સાચી નથી. માલા પોતે જ ક્યાં પોતાને સમજી શકી છે? માટે જ તો જરૂર છે પ્રબલ પ્રેમની, જે એના ઊછળતા જુવાળમાં બધું એકાકાર કરી દે, ઊંચું માથું રાખીને ઊભેલા ખડકોનું પણ ચિહ્ન ન દેખાય. પણ માલા કોણ જાણે શેના ભયે, આ પ્રબળતા ને પ્રચણ્ડતાથી દૂર ભાગતી આવી છે. '(માલા, મને ઘણી વાર તારું નામ બદલી નાખવાનું મન થાય છે. તારું નામ 'ભરતી' રાખું તો?' 'ના, મને ભરતી જરાય પસંદ નથી. નાનું શાન્ત સરોવર, એનું પારદર્શી હૃદય – જે સાવ રહસ્ય વિનાનું તો નથી જ હોતું – આછા તરંગો, કમલવન – મને તો એ ગમે.') મરણ પોતે જ એક એવો ઊછળતો જુવાળ નથી? માલા પોતાના પ્રતિબિમ્બને જોઈ રહી, એના જ ચહેરાને એ બને તેટલો અજાણ્યો કરવા મથી. એને લાગ્યું કે પોતાનાથી અજાણ્યા થઈ જવું એ કદાચ બહુ અઘરું તો નથી. પણ એ અપરિચિત પણ ધીમે ધીમે પરિચિત બને છે, વળી એની પણ માયા થાય છે, ને માયાનો સ્વભાવ વળગવાનો છે....

માલાએ મોઢું ધોવા માટે કપાળ પરનું કંકુ લૂછી નાખ્યું. '(ઊભા રહો, તમે તો ખૂબ અધીરા છો!' 'કેમ, તને દૂર ઊભો રહીને જોયા કરું?' ' ના, કશું ભાન તો રહેતું નથી? કંકુ લુછાઈ જાય છે ને એનો ડાઘ પડે છે તમારાં કપડાં પર. પછી એ ચાડી ખાશે તો?') કપાળના એક છેડા પરના વાળ નીચે ઢંકાઈ જતો તલ ખુલ્લો થયો. કેમ જાણે એ તલ અદૃશ્ય થઈ જવાનો હોય ને એના અદૃશ્ય થઈ જવાથી જ જાણે પ્રેમ પણ નષ્ટ થઈ

જવાનો હોય તેમ અજય માલાને મળતાવેંત એ તલ સહીસલામત છે કે નહીં તે જોઈ લેતો. માલાને એની આ બાલિશતા જોઈને ખૂબ હસવું આવતું. પણ અજય બાલિશતાથી ભર્યોભર્યો હતો. માલા રિસાઈ જતી ત્યારે એને મનાવવાને એ તરેહતરેહની પરીકથાઓ ઊપજાવી કાઢીને કહેતો. માલા પણ નાનકડી બાળા બનીને એ બધું સાંભળતી. એવી ક્ષણો નર્યા સુખની ક્ષણો બની રહેતી. એના પર સહેજ સરખા દુ:ખની છાયા પડતી નહીં. પણ પછી કોણ જાણે શું થઈ જતું!

લીલા અને અશોકે બધું સમેટી લીધું છે. સ્ટેશને ગાડી વધારે વાર ઊભી રહેતી નથી. નાનું શહેર છે; કદાચ શહેર પણ નહીં કહેવાય. સાંજ પડવા આવી છે. વળી વાદળ છવાયાં છે. આખો પ્રદેશ ગીચ વૃક્ષોથી ભરેલો જ. ક્યાંક નદી દોડી જાય છે. દૂર સુધી એકેય ડુંગર દેખાતો નથી. ગાડી મોટો વળાંક લે છે, દિશા બદલે છે. માલા કુતૂહલથી એન્જિનને જોઈ રહે છે. એનું હૃદય કશાક અજાણ્યા ભયથી ફફડી ઊઠ્યું છે. '(સ્ટેશન નાનું સરખું છે. હું રોજ સાંજે સ્ટેશને ફરવા જઉં છું. પ્લેટફોર્મ પર પાંચ ફાનસ છે. ત્રણ બૂચનાં ઝાડ છે. બે લીમડા છે. હું પ્લેટફોર્મ પર આંટો મારું છું. સાંજે બે ગાડીઓ આવે છે. એમાંની એકાદમાંથી તું ઊતરી પડશે એવી બાલિશ કલ્પના કરું છું. તારા મોઢા પર પ્રવાસનો થાક છે, પણ એથી મોઢું ઓછું રૂપાળું લાગતું નથી. હું તારા હાથમાંથી બેગ લઈ લઉં છું. તું 'ના ના,' કરતી રહી જાય છે. ઘડીભર બૂચના ઝાડ નીચેની પાટલી પર આપણે બેસીએ છીએ. હું તને થોડાં ફૂલ વીણી આપું છું. પછી આપણે બહાર જઈએ છીએ. ત્રણ ચાર ટેક્સી, ચારપાંચ ઘોડાગાડી – બીજાં વાહનો નથી. મને તો ચાલવાનો શોખ છે. પણ તું થાકી ગઈ છે એટલે ઘોડાગાડીમાં બેસીને જઈએ છીએ. હું બધું ઓળખાવું છું. મારી પેલી વાર્તામાં જેનું વર્ણન કર્યું છે તે આ દુકાન. દૂર દરિયાનો આભાસ જોઈને તું હરખાઈ ઊઠે છે. 'કાલે નાહવા જઈશું?' હું કહું છું: 'કાલે શા માટે? આજે રાતે જ ફરવા જઈશું,' તું ખુશ થઈ જાય છે...માલા, આમ હું તને દરરોજ તેડી લાવું છું. ને તું હાથતાળી દઈને પાછી ભાગી જાય છે. પણ કોઈ વાર આવે તો યાદ રાખજે. સ્ટેશનનું નામ ત્રણ અક્ષરનું છે. બૂચ ને લીમડાનાં ઝાડ છે. બહાર ટેક્સી ને ઘોડાગાડી છે. ઘર દૂર નથી. દરિયો દૂર નથી. માત્ર આપણે એકબીજાથી દૂર છીએ...')

ગાડી ઊભી રહી. પ્લેટફોર્મના છેડા સુધી માલાની આંખો જોઈ વળી. એક આકારને

જોઈને એ ઘડીભર થંભી ગઈ. બૂચનાં ઝાડ એણે ગણી જોયાં. લીમડા પણ હતા. ઘડીભર એને બૂચની નીચેની પાટલી પર બેસવાનું મન થયું પણ અહીં થોડો વખત પહેલાં જ વરસાદ વરસી ગયો હતો. બધું ભીનું થઈ ગયું હતું. નાનાં નાનાં ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં. અસાવધપણે ચાલતાં એનો પગ એવા એક ખાબોચિયામાં પડ્યો ને છાંટા ઊડ્યા. એનું મન કચવાઈ ઊઠ્યું. એ ધૂંધળા વાતાવરણમાં દૂર સમુદ્રના આભાસને શોધવા લાગી. એને કશું દેખાયું નહીં. બહાર નીકળ્યાં ત્યાં આજુબાજુની હોટેલોમાં વાગતા રેડિયોના ઘોંઘાટથી માલા અકળાઈ ગઈ. અહીં કેમ એના મનને ક્લેશ થતો હતો? એણે જોયું: ગાડી કોઈક કારણસર હજી ઊભી હતી. એને ગાડીમાં બેસીને ભાગી છૂટવાનું મન થયું. પવનથી ઝાડ હાલ્યાં ને વરસાદનાં ઝિલાયેલાં કેટલાંક ટીપાં એની પર ટપકી પડ્યાં. એ એકાએક ચોંકી ઊઠી. કદાચ ભરતીનો વખત થયો હશે. પવનનો સુસવાટો એનાં હાડને કંપાવી ગયો. જાણે કોઈએ એને થોભવાનું કહ્યું હોય તેમ એ રાહ જોતી ઊભી રહી ગઈ. અશોક અધીરો બન્યો. એણે આવીને એના ખભા પકડીને ઢંઢોળીને એને લગભગ ખેંચીને ટેક્સીમાં લઈ ગયો. અશોકને તો આ સ્થળ જરાય ગમતું નહોતું. ગંદા રસ્તા, ઘોંઘાટભરી હોટેલો. એ અકળાતો હતો. પણ કશુંક ન ઓળખાય એવું તત્ત્વ અહીંના વાતાવરણમાં હતું. સમુદ્રના સમ્પર્કમાં રહેતા પવનનો મિજાજ જ જુદો હોય છે. એનો સ્પર્શ તમને તમારા પરિચિત પરિવેશ વચ્ચેથી ક્યાંક દૂર દૂર ખેંચી જાય છે. અજયને આવી જ કશી દૂરની માયા હતી – દૂર દૂર ઘસડાઈ જવાની, તણાઈ જવાની ને છતાં એ ઝૂરતો હતો છોડેલા ઘર માટે, પ્રિય જનો માટે. એનો એક એક પત્ર એની સાક્ષી પૂરતો હતો. '(અહીંના આકાશની નીલિમા, દરિયાનો ભૂખરો રંગ ને ઉન્મત્ત પવન – આ ત્રણ મળીને મારા હૃદયમાં કોણ જાણે આ શી વિહ્વળતાને જગાડે છે! અહીંના એકાન્તમાં શબ્દોને ગોઠવતો બેઠો હોઉં છું ત્યારે બે શબ્દ વચ્ચે એકાએક પવનની ઉન્મત્ત લહર સૂસવી ઊઠે છે. ત્યારે ભયના માર્યા કોઈનો હાથ પકડી લેવાનું મન થાય છે. પણ અહીં કોઈ નથી એ સારું છે. કારણ કે અજાણ્યા ભય ને આ વિહ્વળતાનો પણ મને ખપ છે.') ટેક્સી શેરીઓમાંથી રસ્તો કરતી કરતી આખરે થોભી. નજીકમાં જ શેરીનો દીવો હતો. એની પાસે ઉપર જવાનો દાદર હતો. બેચાર વ્યક્તિઓ આજુબાજુ ઊભી હતી. એમના આકારો સ્પષ્ટ વર્તાતા નહોતા. અશોકે પૂછપરછ કરી.માલાને કશું સાંભળવું નહોતું. એ ફરી ભાગી છૂટવા ઇચ્છતી હતી. આજુબાજુના ઘર વચ્ચેથી દરિયાના ઇશારાને પામવાનું સહેલું નહોતું છતાં એ મથતી હતી. એમ કરીને કદાચ એ પોતાના મનને

કશાકમાં રોકી રાખવાનું ઇચ્છતી હતી. લીલા તો એકદમ દાદર ચઢી ગઈ. બારીબારણાં ખોલી નાખ્યાં. માલા ઊભી હતી તેની બરાબર ઉપરની બારી ખૂલી ‘(આ બારીને આંખો નથી, એ બારીની જગ્યાએ તને બેસાડી દઉં તો?’) ને લીલાએ બૂમ પાડી: ‘માલા, ઉપર ચાલી આવ.’ ઘડી ભર માલા ખસી શકી નહીં. એક પંદર સોળ વરસની છોકરી એની બાજુમાં આવીને ઊભી રહી ગઈ. એ માલા સામે એકસરખું તાકીને જોઈ રહી. કદાચ એ કશુંક કહેવા ઇચ્છતી હતી. પણ કશીક વ્યથાના ભારથી એ બોલી શકતી નથી. કોણ જાણે કેમ માલાને લાગ્યું કે એ બંને એક જ વ્યથાના સૂત્રે બંધાઈ ગયાં હતાં. આથી એ અકળાઈ ઊઠી. જાણે એ સૂત્રને એક ઝાટકે તોડી નાખતી હોય તેમ એ સફાળી દાદર તરફ વળી. પેલી છોકરી એની પાછળ પાછળ ચાલવા લાગી. માલાને એનો પાછળ આવવાનો અવાજ સંભળાયો. એ શા માટે એનો પીછો કરી રહી હતી? માલાને ભય લાગ્યો. એણે બૂમ પાડી: ‘અશોક, અશોક’ – સૂના ઓરડામાંથી એના પડઘા એના કાનમાં આવીને અથડાયા, ને સાથે ધસી આવ્યા કેટલા બધા અવાજ! માલાના પગમાંથી શક્તિ ચાલી ગઈ. એ પાસેના પલંગ પર ફસડાઈ પડી. આવું કશું બને એની એને બહુ જ શરમ આવતી હતી. એવું કશું જ ન થાય એની એ એકસરખી કાળજી રાખતી હતી, પણ…

ઓરડામાં અંધારું હતું. લીલા લાઇટની સ્વીચ શોધતી હતી. માલા પણ ઊભી થઈ ને હાથથી ફંફોસીને જોતાં સ્વીચ એને જડી ગઈ. એણે દીવો કર્યો અને જોયું તો બધું જ વ્યવસ્થિત હતું. પેલી પંદરસોળ વરસની છોકરી આ ઓરડીને ઓળખતી હતી. કદાચ એણે જ આ બધું વ્યવસ્થિત ગોઠવ્યું હશે. માલાને ચોપડીઓ ખોલીને જોવાનું મન થયું. અજયને પત્રો ચોપડીમાં મૂકી રાખવાની ટેવ હતી. કદાચ એના પર લખેલો ને બીડ્યા વગરનો રહી ગયેલો કોઈક કાગળ એમાંથી નીકળી પડે તો… પણ એ પલંગ પર જ બેસી રહી. ધીમે ધીમે એણે ઓરડીનો પરિચય મેળવી લીધો. દીવાલ પર છબિઓ તો હતી જ નહીં, એક કેલેંડરનાં પાનાં ફરફર ફરફરતાં હતાં. જવાબ આપ્યા વિનાનાં પડી રહેલા પત્રોની થોકડી ટેબલ પર હતી. રાઇટિંગ પેડ માલાએ ઉથલાવીને જોયું. એમાં એક અધૂરો પત્ર હતો. કશા કુતૂહલ વિના માલાને એ વચ્ચેથી વાંચવા માંડ્યો: ‘…મને તમારું નિમન્ત્રણ સ્વીકારવાનું ઘણું મન છે ને તમે મારે માટે જે સારા શબ્દો વાપર્યા છે તે મને બહુ ગમે છે. પણ આ સાથે જ બીજું પણ ઘણું બધું મને યાદ આવે છે. કદાચ જેટલું ભૂલી

જવું જોઈએ તેટલું હું ભૂલી શકતો નથી. તમને તો યાદ હશે જ: તમે તમારે ત્યાં પ્રસિદ્ધ સાહિત્યકારોને જમવા નોતરેલા. ત્યારે પેલા પીઢ વાર્તાકાર મને મજાકનું કેન્દ્ર બનાવીને કેવી મશ્કરી ઉડાવતા હતા! મેં ખામોશી રાખી હતી. પણ પીઢ લોકોની ખંધી ભદ્રતા ને ભારેખમ dignity (!) મારાથી સહેવાતાં નથી. હું ખોટો વિષાદ ઘૂંટું છું, ચાર વસ્તુની આજુબાજુ મારી સૃષ્ટિ ઘૂમ્યા કરે છે. હું fake છું, મારું લખાણ phoney, હું તોછડો ને મિથ્યાભિમાની છું, 'આ જન્મે વાંચીને આવતે જન્મે લખજો' એવા આશિષ પણ કોઈ આપે છે. આ બધાંને મારે શી લેવાદેવા? મૂઢની પ્રશંસા ને ઈર્ષ્યાળુ લોકોએ કરેલા અપમાનથી વિચલિત થવા જેટલો હું ગમાર નથી. સંવિવાદો ને સંસદોમાં કૂથલીખોરોની વચ્ચે બેસતાં મને શરમ આવે છે. સર્જકને જોઈએ એકાન્ત...' માલાને નવાઈ લાગી. અજય આમ કદી અકળાઈ ઊઠતો નહીં. કીતિની એને ખેવના નહોતી એમ નહીં, પણ એને મન એની ઝાઝી કિંમત પણ નહોતી. એક વાર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ગમ્મત ખાતર 'આ મોટા લેખક ચાલ્યા' એમ કહીને એને ઘેરી વળ્યા હતા ત્યારે એ પ્રસંગની વાત કરતાં એણે માલાને કહ્યું હતું. 'લેખક એ બિચારાઓને મન કોઈ અજબ તરેહનું પ્રાણી છે. એનાં પૂંછડી-શીંગડાની એઓ શોધ ચલાવે છે. પણ હું માણસ છું. એમના જેટલો જ – આ એ લોકો ભૂલી જાય છે.' માલાને યાદ આવ્યું: અજયની નવી ચોપડી પ્રકટ થઈ હતી. એ એને આપવા લાવ્યો હતો. પણ માલા તે દિવસે બીજી કશી વાતમાં એ ચોપડી હાથમાં લેવાનું કે લઈ જવાનું જ ભૂલી ગઈ હતી. બીજે દિવસે અજયે માલાની હાજરીમાં એ ચોપડી આખી ને આખી ફાડી નાખી હતી. આથી જ તો માલા અજયથી ગભરાતી હતી. આ માણસ એની જંદિગીનું શું ને શું કરી બેસશે? એને કેવી રીતે ખાળી શકાય, વારી શકાય? પણ લીલાનો મત જુદો હતો. સર્જકના એકાન્તમાં આપણો પડછાયો ન પડવો જોઈએ એ સાચું, પણ એની આંખમાં આપણે દૃષ્ટિ બનીને ભળી જઈએ, એના લોહીમાં ધબકાર બનીને એકાકાર થઈ જઈએ – શું નારી આ નહીં કરી શકે? એક વાર લીલાએ માલાને કહ્યું હતું: 'માલા, જે પ્રેમ મર્યાદાને વટાવતો નથી તે પ્રેમ જ નથી. તું તો પરણેલી નથી, હૃદયથી અજયને સ્વીકારી શકે એમ છે, પણ પરણેલી હોત તોય એના તરફના પ્રેમને સ્વીકારવાનું પાપ તારે કરવું પડ્યું હોત. પાપને ઉલ્લંઘીનેય પ્રેમને નિષ્કલંક રાખી શકાય છે. પણ પ્રેમનું સત્ય જેણે પારખ્યું હોય તે જ એટલું પ્રગલ્ભ બની શકે.' પણ માલા આજેય સમજી શકતી નથી: પ્રેમ આટલો બધો વિકટ કેમ હશે?

માલાએ એક ચોપડી હાથમાં લીધી. અજયને કેટલીક વિચિત્ર ટેવો હતી. ઘણી વાર અધૂરી વાર્તાઓ, લખવા માંડેલી કવિતાઓ એ આવી ચોપડીની અંદર સંતાડી મૂકતો. કશું પણ પૂરું લખ્યા વિના એ કોઈને બતાવતો નહીં. માલા એને ચીઢવવાને માટે હંમેશાં એની ચોપડીઓ ઉથલાવતી. અજય અકળાઈ ઊઠતો એટલે માલા કહેતી. 'કેમ, કોઈને પ્રેમપત્ર લખીને સંતાડી રાખ્યો છે?' અજય અકળાઈને કહેતો: 'હા, કદાચ એમ પણ હોય.' માલા હસીને કહેતી: 'કદાચ કેમ? તને પૂરેપૂરી ખબર નથી? કોણ છે એ, કહે તો?' અજય પણ એકદમ હસી પડીને કહેવા લાગતો: 'વર્ણન તો કરતાં આવડતું નથી. છતાં કહું છું: બે લુચ્ચી આંખો, શાંત નહીં, સદા ચંચળ; બે તોફાની હાથ – કશુંક અળવીતરું કરતા જ રહે –' અજય કહેતો: 'માલા, આથી જ ફરી ફરી તને કહું છું: તું જ શા માટે વાર્તા નથી લખતી?' માલા રોષે ભરાઈને કહેતી: 'ના, મારે જંદિગી નથી બગાડવી. લખું હું ને છતાં લોકો તો એમ જ કહેવાના કે અજયનો જ પડઘો સંભળાય છે! વળી લાગણી જોડે એવાં ચેડાં કાઢવાં –' માલાને એ બધું યાદ આવ્યું. એ ઘડીભર ચોપડી હાથમાં રાખીને અન્યમનસ્ક બનીને બેસી રહી. પછી ચોપડીનાં પાનાં ફેરવવા લાગી. એમાંથી એક ચબરખી નીકળી. એણે લઈને વાંચવા માંડ્યું: 'I can not rid my room of silence, silence / is your voice. And do you seek me here? / I am not here. And you, not finding me, / must ask other places where I was. / For not by signs and tokens but by all / that I remember will you know me.' આ શબ્દો માલાના કાનમાં કોઈ ધીમે અવાજે ફરી ફરી કહી રહ્યું હોય એવું એને લાગ્યું. માલાએ આંસુથી ઝાંખી બનેલી આંખે આગળ વાંચવા માંડ્યું: 'The thought of you returns / like darkness I have waited, I have not / forgotten. In these shadows I am safe / though weaponless, defying recognition, / prudent, careful of disguise. / For I am no one, I am what I seem. / The stillness listens, waiting for my words, / but when I speak my voice is not my own.' માલા ગભરાઈ ઊઠી. એને સાંભળવું નહોતું છતાં એ શબ્દો એના કાનમાં ગાજી ઊઠતા હતા: 'You move, / my love, in an unchanging climate / of the mind, a place I have not seen / And you

resist all change, refusing me, / refusing to resist the momentary / lovers you imagine. Filled with tears, / my love, you yield to absence. I will not return..' ઘડીભર માલાને એમ લાગ્યું કે જાણે એની ચેતના કશાક આઘાતથી શૂન્યમય થતી જાય છે, એણે આંખો બંધ કરી દીધીઃ ઘૂઘવતો સમુદ્ર, ચાંદની, ધોળી રેતીથી ભરેલો કાંઠો ને એના પર પૂરપાટ દોડ્યે જતા ધોળા ઘોડા પર બેઠેલો કોઈક કાળો અસવાર. ઘોડાના ડાબલા એના લમણામાં ગાજી ઊઠે છે. એનાથી સહેવાતું નથી. એ આંખો ખોલી નાખે છે. બારી આગળથી એક કાળી બિલાડી એના તરફ તાકી રહે છે. એની તગતગતી આંખો જોઈને માલા છળી મરે છે. એને અહીંથી ભાગી છૂટવાનું મન થાય છે; ને છતાં કશુંક એને જકડી રાખે છે. '(માલા, આ બારી આગળના ઝૂલવાળા ધોળા પડદા, આ ટેબલ, આ ઘડિયાળ – આ બધું દિવસના કેટલું પરિચિત લાગે છે! ને રાતે આ બધી નિર્દોષ નિરુપદ્રવી વસ્તુઓમાં કશીક આસુરી શક્તિ પ્રવેશે છે ને હું ભયથી છળી મરું છું. રાતે એકાએક મારી પાસે મારા કાનમાં કોઈક બોલતું હોય એવું મને લાગે છે. બોલનારનું મોઢું મને દેખાતું નથી, પણ બોલનારના અવાજમાં કાકલૂદી છે, આર્જવ છે. હું આંખો ખોલીને જોઉં છું. ઓરડીમાં કોઈ નથી. દૂર ક્યાંક નળ ટપકે છે. પણ એકાએક કોઈ એક સરખું હીબકાં ભરતું હોય એવો અવાજ સંભળાય છે. હું સૂનમૂન થઈને પથારીમાં પડ્યો રહું છું. ત્યાં પવનથી કે કોણ જાણે શાથી કાચની બારી હાલવા લાગે છે, બહારના ઝાડની ડાળીના પડછાયા ભીંત પર હાલે છે, પણ એ ડાળીના પડછાયા છે એમ જાણવા છતાં હું ધ્રૂજી ઊઠું છું. બારીના પડદાની ઝૂલ પવનમાં હાલે છે. એની નીચેથી કોઈકના ગોરા ગોરા પગ દેખાય છે. કોઈ ધીમે ધીમે ચોરપગલે મારા તરફ આવી રહ્યું છે. ઘડીમાં ચાંદની ભેગો એનો દેહ એકરૂપ થઈ જાય છે. ઘડીમાં એનો અસ્પષ્ટ શબ્દ છેક કાન પાસે સંભળાય છે. દર્પણમાં એના પ્રતિબિમ્બનો આભાસ દેખાય છે. કશીક અપાર્થિવ સુગન્ધ આખા ઓરડામાં લહેરાઈ ઊઠે છે. મને કશુંક ઘેન ચઢે છે. મોટા જળરાશિમાં મારું શરીર જાણે કણ કણ થઈને વિખેરાવા લાગ્યું છે. હું કશું જ કરી શકું એમ નથી. એક બીજો આકાર બારીમાંથી પ્રવેશે છે. પછી બંને આકારો હાથ ગૂંથીને ફરે છે. એમનું હાસ્ય ચારે બાજુ પડઘા પાડે છે. હું કશુંક બોલવા જાઉં છું, પણ એ હાસ્યના અવાજમાં મારું બોલેલું મને જ સંભળાતું નથી. ધીમે ધીમે લાગે છે કે હું મિથ્યા છું, ભ્રાન્તિ છું, આ આકારો જ સત્ય છે. માલા, એ કોણ હતું? તું હતી?તારી સાથે કોણ હતું?....') માલાની આંખ

આગળની આખી સૃષ્ટિ ધીમે ધીમે અદશ્ય થતી ચાલી. એની સામે કેવળ પાંખી ચાંદની જેવું કશુંક વિસ્તરી રહ્યું. રહી રહીને પવનની લહર ઓચિંતાની આવી ચઢતી ને એના સ્પર્શથી સચેત કરી જતી. એ આંખ સામે વિસ્તરતી જતી ધૂસરતાને જોઈ રહી. એમાં પોતે પણ એકાકાર થઈ જતી હોય એવું એને લાગ્યું. પણ એ તો ઘડીભરની ભ્રાન્તિ. ઘડિયાળના ટકોરા એણે સાંભળ્યા. અશોક એની પાસે આવ્યો. એનો હાથ માલાને ઘેરી વળ્યો. એના ગાલ પરથી નીચે વક્ષ:સ્થળ પર ત્યાંથી નીચે.... એના હોઠ પર અશોકના હોઠનો ઉષ્ણ ઉચ્છ્વાસ ચંપાયો, એ હાલી નહીં, એના હાથ એમ ને એમ શિથિલ થઈને પડી રહ્યા, એની આંખમાં આંસુ નહોતાં. એ દૂર દૂર મીટ માંડીને જોઈ રહેવા સિવાય એને બીજું કરવાનું પણ શું હતું? અશોકના અંગેઅંગમાં એનાં અંગેઅંગ સમાઈ ગયાં. એને બધું ભાન હતું, છતાં જાણે પોતાનાથી દૂર સરી જઈને, નામ અને સંજ્ઞાથી સાવ નિલિર્પ્ત એવી કોઈ અનેરી સૃષ્ટિમાં રહી રહી, એ આ બધું જોયા કરતી હતી. અશોકે એની દૃષ્ટિને આવરી લીધી, એની ઉત્તપ્ત કાયા માલાને ચારે બાજુથી ઘેરી વળી. એક પવનની લહરી આવી, બારી ખખડી, ને એના અવાજનો પડઘો પડ્યો, એમાંથી ધીમે ધીમે શબ્દોએ આકાર લીધો. માલાએ કાન સરવા કર્યા ને સાંભળ્યું. ‘My love, you yield to absence. I will not return.’